દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 213 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 September 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૮ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૧.૧૦ લાખ કરોડનાં શસ્ત્રો ખરીદશે ભારત

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે સોમવારે સૈન્યની એકંદર લડાયક શક્તિને વધારવા માટે ૧.૧૦ લાખ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે રડાર, અદ્યતન હળવા હેલિકોપ્ટર અને મિકેનિકલ માઇન લેયર્સ સહિત ત્રણેય સેવાઓ માટે લશ્કરી હાર્ડવૅરની ખરીદીને મંજૂરી આપી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ પ્રાપ્તિ પરિષદ (ડીએસી) દ્વારા ખરીદી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી.

ડીએસીએ આશરે ૧,૧૦,૦૦૦ લાખ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે સંરક્ષણ દળો માટેની વિવિધ ખરીદી માટેના પ્રસ્તાવોને એક્સેપ્ટન્સ ઑફ નેસિસિટી (એઓએન) આપી હતી જે સૈદ્ધાંતિક વહીવટી મંજૂરી છે, તેવું મંત્રાલયે જણાવ્યું હતું.

ભારતીય સેના માટે, કેમિકલ બાયોલોજિકલ રેડિયોલોજિકલ અને ન્યુક્લિયર (સીબીઆરએન) રેકી વાહનો, હાઈ મોબિલિટી વ્હીકલ્સ (એચએમવી), ઓટોમેટિક મિકેનિકલ માઇન લેયર્સ (એમએમએલ), અદ્યતન હળવા હેલિકોપ્ટર(એએલએચ), ટ્રોલ ટેન્ક અને સર્વત્ર બ્રિજ સિસ્ટમની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી હતી, એમ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું.

સીબીઆરએન રેકી વાહનો સીબીઆરએન એજન્ટોથી દૂષિત વિસ્તારોને શોધી કાઢવા, ઓળખવા, દેખરેખ રાખવા અને ચિહ્નિત કરવા સક્ષમ હશે.

એચએમવી પડકારજનક ભૂપ્રદેશોમાં ઓપરેશનલ ક્ષમતાઓ, લૉજિસ્ટિક સપોર્ટ અને ગતિશીલતામાં વધારો કરશે તેવી અપેક્ષા છે.

એએલએચ ભારતીય સેના અને ભારતીય વાયુસેના માટે તમામ ભૂપ્રદેશો અને ઓપરેશનલ પરિસ્થિતિઓમાં જટિલ મિશન ચલાવશે. વિવિધ ભૂપ્રદેશોમાં કામગીરી દરમિયાન લડાઈ રચનાઓને સંયુક્ત ક્રોસિંગ પ્રદાન કરવા માટે ટ્રોલ ટેન્ક અને બ્રિજ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે, એવું સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું.

ભારતીય નૌકાદળ માટે, એઓએનને રડાર, ડિઝાઇન અને વિકાસ અને ત્યારબાદ મરીન ગેસ ટર્બાઇન (એમજીટી) ની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી છે.

રડાર વિવિધ નૌકાદળના હવાઈ મથકો પર હાલના એર રૂટ સર્વેલન્સ રડારને બદલશે અને એમજીટી, એક યુદ્ધ જહાજ પ્રોપલ્શન સિસ્ટમ, વિદેશી વિક્રેતાઓ પર નિર્ભરતા ઘટાડવાની અપેક્ષા છે.

ભારતીય વાયુસેના માટે, લડવૈયાઓ, પરિવહન અને હેલિકોપ્ટરની યુદ્ધ-લડાઈ ક્ષમતા વધારવા માટે વિવિધ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગ્રાઉન્ડ-બેઝ્ડ મલ્ટી-પર્પઝ જામર (જીબીએમપીજે) ખરીદવા અને ડિફેન્સ ફોર્સિસ સિક્યોર એક્સેસ કાર્ડ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. જીબીએમપીજે વિરોધીઓના રડાર સામે અસરકારક જૅમિંગ પ્રદાન કરશે, એમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. કુલ એઓએનમાંથી, આશરે ૯૮ ટકા ખરીદી ભારતીય ઉદ્યોગો પાસેથી કરવામાં આવશે, એવું તેમાં ઉમેર્યું હતું. ■

### સંતાનોને વિદેશમાં ભણાવવાનો મોહ છે?... તો આ ઘટના આંખ ઉઘાડનારી બનશે

## ઘાટકોપરના ભવ્ય દોશીનું ન્યૂ યોર્કમાં રહસ્યમય મોત

### સાતમા માળેથી કૂદકો માર્યો હોવાની પોલીસની થિયરી છતાં એકેય હાડકું તૂટ્યું નહોતુંઃ રંગભેદ-ઈર્ષ્યાનો ભોગ બન્યો હોઈ શકે એવું કાકા કહે છેઃ એકનો એક દીકરો ગુમાવતાં ટેક્સટાઈલ વેપારીનો પરિવાર આઘાતમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં રહેતા પરિવારમાં બનેલી દુઃખદ ઘટના બાદ સંતાનોને વિદેશમાં ભણાવવાનો મોહ રાખનારા વાલીઓએ ખાસ ચેતવા જેવું છે. ન્યૂ યોર્કમાં ભણતર પૂરું કર્યા પછી ત્યાંની જાણીતી હૉસ્પિટલમાં જોડાયેલા ભવ્ય રાકેશ દોશીનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થતાં ટેક્સટાઈલનો બિઝનેસ ધરાવતા રાકેશ દોશીનો પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો. સાતમા માળેથી કૂદકો મારીને ભવ્યએ જીવ આપ્યો હોવાનું અનુમાન ન્યૂ યોર્ક પોલીસ લગાવી રહી છે, પરંતુ તેના શરીર પર ઇજાનાં કોઈ નિશાન કે શરીરમાં ક્યાંય ફ્રૅક્ચર ન હોવાનું તબીબી તપાસમાં સામે આવતાં મોતનું કારણ ઘેરું બન્યું હતું. આ ઘટનાથી વિદેશમાં ભણવા જતા સંતાનોના વાલીઓએ પૂરેપૂરી ચકાસણી પછીય સમયાંતરે સંતાનો સાથે તેમની સમસ્યાઓ વિશે ચર્ચા કરતા રહેવું જરૂરી હોવાનું જણાય છે.

બાવીસ વર્ષનો ભવ્ય ઘાટકોપર પૂર્વમાં વલ્લભ બાગ લેન ખાતેની કૂકરેજા પેલેસ બિલ્ડિંગની એ વિંગના ફ્લૅટ નંબર-૩૦૧માં માતા-પિતા કવિતા અને રાકેશ દોશી સાથે રહેતો હતો. રાકેશભાઈ ટેક્સટાઈલ બિઝનેસ સાથે સંકળાયેલા છે. ભવ્ય માતા-પિતાનો એકમાત્ર સંતાન હતો.

જૈન ઈન્ટરનૅશનલ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન (જિતો)ના ચીફ સેક્રેટરી અને ભવ્યના કાકા સુનીલભાઈ દોશીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ન્યૂ યોર્કની ફૉર્ડમ યુનિવર્સિટીમાંથી બેચલર ઑફ ઈકોનોમિક્સનો ચાર વર્ષનો કોર્સ કરવા તે ૨૦૨૨માં ગયો હતો. મે મહિનામાં જ તેણે ગ્રેજ્યુએશન પૂરું કર્યું હતું. પછી ત્યાંની જાણીતી માઉન્ટ સિનાય

(જુઓ પાનું ૨) ▸▸



## એલપીજી કટોકટીનો અંત

### ગામડામાં પણ રાંધણગૅસના રિફિલ બુકિંગનો સમયગાળો પચીસ દિવસનો કરાયો

નવી દિલ્હીઃ કેન્દ્રના પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયે સરકાર દ્વારા સંચાલિત ઑઇલ માર્કેટિંગ કંપનીઓ - ઇન્ડિયન ઑઇલ કોર્પોરેશન લિમિટેડ (આઇઓસીએલ), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ને શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઘરેલુ રાંધણગૅસ (એલપીજી)ના ગ્રાહકોનો ઇન્ટર-રિફિલ બુકિંગનો સમયગાળો ઘટાડીને પચીસ દિવસનો સમાન કરવાનો સોમવારે આદેશ આપ્યો હતો.

મંત્રાલયે સાત સપ્ટેમ્બરના પત્રમાં જણાવ્યું હતું કે રિફિલ બ્લૉકેજમાં ઘણો ઘટાડો થયો હોવાથી આ પગલું ભરાયું છે.

અગાઉ, પશ્ચિમ એશિયામાં ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં લડાઇ શરૂ થઇ ત્યારથી ગૅસ પુરવઠાની અછત સર્જાઇ હતી અને તેને લીધે મંત્રાલયે શહેરી ગ્રાહકો માટે ઘરેલુ રાંધણગૅસ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત-ફ્રાન્સ સંબંધો નવી ઊંચાઈએઃ પીએમ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે ભારત-ફ્રાન્સ વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે અને આ વ્યૂહાત્મક ભાગીદારી એટલે પણ વિશેષ અને મહત્ત્વની છે કેમ કે તેનો પાયો બંને દેશ વચ્ચેના નક્કર સાંસ્કૃતિક અને રાજકીય સંબંધો પર ટકેલો છે.

પૅરિસસ્થિત સ્વામિનારાયણ મંદિરના ઉદ્ઘાટન સમારોહને વર્ચ્યુઅલી સંબોધન કરતાં મોદીએ આશા વ્યક્ત કરી હતી કે આ ભવ્ય મંદિર બંને દેશ વચ્ચેના સહકાર અને તકનું પ્રતીક બનીને પૅરિસમાં સદીઓ સુધી રહેશે.

તાજેતરના દિવસોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચેતના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે મારા મિત્ર અને ફ્રાન્સના પ્રમુખ ઍમ્માન્યુલ મૅક્રોન સાથે મળીને બંને દેશ વિશેષ

(જુઓ પાનું ૨) ▸▸

આજથી જ વાંચો પૂર્તિના પહેલા પાને
આત્મશુદ્ધિ, ક્ષમાપના અને સાધનાના મહાપર્વ પર્યુષણ નિમિત્તે
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અમૃતમય અને પ્રેરક વિચારોની સરવાણી હવે તમારા ઘરઆંગણે!
"નમ્ર-વાણી" વ્યાખ્યાન માળા



જરૂરથી વાંચો અને આપના સ્નેહીજનો સાથે પણ શેર કરો.

## ઈમારત ધરાશાયી થવાની ઘટનાની ઉચ્ચ-સ્તરની તપાસનો આદેશ સરકાર જવાબદારીમાંથી છટકી ન શકેઃ હાઇ કોર્ટ

નવી દિલ્હીઃ દિલ્હી વડી અદાલતે સત્યનિકેતન ખાતે બહુમાળી ઇમારત ધરાશાયી થવાની ઘટનાની ઉચ્ચ-સ્તરની તપાસ યોજવા દિલ્હી મહાનગરપાલિકાને આદેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે સરકાર પોતાની સંબંધિત જવાબદારીમાંથી છટકી ન શકે.

દરમિયાન, આ ઇમારતનો માલિક હરિરામ ગુપ્તા રાજસ્થાનના ભિવાડી ખાતેથી પકડાયો હતો અને પોલીસ તેને પકડીને દિલ્હી લાવી હતી.

વડી અદાલતે આ દુર્ઘટનાને 'બહુ કમનસીબ' ગણાવીને જણાવ્યું હતું કે દિલ્હી મહાનગરપાલિકા દ્વારા લેવાતા અપૂરતા પગલાંને કારણે આવી દુર્ઘટના થાય છે. વહીવટીતંત્રે બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવવી જોઇએ.

મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે આ ઘટનાથી દિલ્હી યુનિવર્સિટી કે સરકાર દ્વારા ચલાવાતી હૉસ્ટેલ્સ સહિતની રહેઠાણ સુવિધા અપૂરતી હોવાનું બહાર આવ્યું છે. વિદ્યાર્થીઓની સલામતી માટે પૂરતા પગલાં નથી લેવાતાં. દિલ્હી મહાનગરપાલિકા અને અન્ય સંબંધિત સત્તાવાળા દ્વારા પીજી (પેઇંગ ગૅસ્ટ) સુવિધા પર નિયંત્રણ નથી રખાતું.

બૅન્ચે જણાવ્યું હતું કે આવી ઘટના માટે માત્ર પીજી હૉસ્ટેલના માલિકને જ દોષી ઠેરવવો ન જોઇએ. તેના માટે દિલ્હી મહાનગરપાલિકા અને યુનિવર્સિટીના સત્તાવાળા પણ સરખા જવાબદાર ગણાય. ઇમારતનું બાંધકામ અને સમારકામ કાયદા મુજબ થવું જ જોઇએ.

(જુઓ પાનું ૨) ▸▸

## ટૅક્નિકલ ખામીને કારણે મલયેશિયા ઍરલાઈન્સની ફ્લાઈટને ચેન્નઈ વાળવામાં આવી

ચેન્નઈઃ ટૅક્નિકલ ખામીને કારણે ક્વાલા લમ્પુરથી જેદ્દાહ જઈ રહેલી મલયેશિયા ઍરલાઈન્સની ફ્લાઈટને સોમવારે ચેન્નઈ વાળવામાં આવી હોવાનું જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે વિમાનના ઍન્જિનમાં ટૅક્નિકલ ખામી સર્જાઈ હોવાને કારણે ફૂલ ઈમર્જન્સી જાહેર કરવામાં આવી હતી.

મલયેશિયા ઍરલાઈન્સના એમએચ-૨૫૬ વિમાનમાં ૧૮૬ પ્રવાસી હતા. વિમાને સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું અને પ્રવાસીઓની સુરક્ષા માટે ઍરપોર્ટ પર જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિમાનને ટૉ વ્હિકલની મદદથી પાર્કિંગ વિસ્તારમાં લઈ જવામાં આવ્યું હતું. તમામ પ્રવાસીઓને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવ્યા હતા અને તેમને ઍરપોર્ટ પર રહેવાની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

ઍન્જિન નંબર-ટૂમાં ટૅક્નિકલ ખામી સર્જાઈ હોવાનું તેમણે કહ્યું હતું. ઍરલાઈન્સ અને સંબધિત ટૅક્નિકલ ટુકડી દ્વારા સંપૂર્ણ વિમાનની ચકાસણી કરવામાં આવી હતી. (એજન્સી) ■

## જૅગ્વાર લૅન્ડ રૉવર ૪,૦૦૦ કર્મચારીની છટણી કરશે

નવી દિલ્હીઃ ટાટા ગ્રૂપની બ્રિટિશ લક્ઝરી કાર નિર્માતા કંપની જૅગ્વાર લૅન્ડ રૉવરે સોમવારે જણાવ્યું હતું કે તે આગામી બે વર્ષમાં તે વૈશ્વિક સ્તરે ૪,૦૦૦ કર્મચારીઓની છટણી કરશે.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડની પેટાકંપની જૅગ્વાર લૅન્ડ રૉવર કંપનીએ જણાવ્યું હતું કે તે આગામી બે વર્ષમાં તેના બ્રેક-ઇવનને ૩૦૦,૦૦૦ યુનિટ સુધી ઘટાડવા માટે આશરે ૧.૭ અબજ પાઉન્ડની બચતનું લક્ષ્ય રાખી રહી છે.

જૅગ્વાર લૅન્ડ રૉવર હાલમાં વૈશ્વિક સ્તરે ૪૩,૦૦૦ લોકોને રોજગારી આપે છે.

વધુને વધુ સ્પર્ધાત્મક અને ઝડપથી બદલાતા બજારો અને સતત ભૂ-રાજકીય અનિશ્ચિતતાની પૃષ્ઠભૂમિ સામે, ટકાઉ નફાકારક વૃદ્ધિ પહોંચાડવાની જૅગ્વાર લૅન્ડ રૉવરની ક્ષમતાને વધારવા માટે આ બચતની યોજના ઘડવામાં આવી છે.

આ કાર્યક્રમ સંગઠનાત્મક જટિલતા ઘટાડશે, અને આગામી પાંચ વર્ષમાં

(જુઓ પાનું ૨) ▸▸

## બ્રિટિશ હિંદુઓની વફાદારી 'કર્મભૂમિ' યુકે સાથેઃ ભાગવત

લંડનઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે જણાવ્યું હતું કે હિંદુત્વમાં એ વાત સ્પષ્ટ કરાઇ છે કે 'તમારી વફાદારી, તમારી કર્મભૂમિ' સાથે હોવી જોઇએ અને બ્રિટિશ હિંદુઓ પોતાની કર્મભૂમિ યુકે પ્રત્યે વફાદાર છે.

મોહન ભાગવતના લંડનમાં યોજાયેલા કાર્યક્રમ 'સૅલિબ્રેશન ઑફ વનનેસ'માં સેંકડો હિંદુ નેતાઓ, વિદ્યાર્થીઓ અને હિંદુ સ્વયંસેવક સંઘ, યુકેના કાર્યકરો હાજર રહ્યા હતા.

ભાગવતે તેમને અગાઉથી જ અપાયેલા સવાલોના જવાબો આપ્યા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે યુનાઇટેડ કિંગડમના પ્રવાસ દરમિયાન વિલેસડેન સ્વામીનારાયણ મંદિર અને ખાલસા જથા બ્રિટિશ આઇલ ગુરુદ્વારામાં પણ દર્શનાર્થે ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે હિંદુત્વને લગતી ગેરમાન્યતા દૂર કરવી ઘણી જરૂરી છે. જો

(જુઓ પાનું ૨) ▸▸

## સ્વતંત્રકુમાર ભારદ્વાજની ધરપકડને પડકારતી અરજી હાઈ કોર્ટે નકારી

નવી દિલ્હીઃ જંતર મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન એક વિદ્યાર્થીના પિતા પર કરેલા કથિત હુમલાને મામલે પોતાની ધરપકડને પડકારતી હિન્દુત્વવાદી સ્વતંત્રકુમાર ભારદ્વાજની અરજી દિલ્હી હાઈ કોર્ટે સોમવારે નકારી કાઢી હતી.

ન્યાયાધીશ નવિન ચાવલા અને રવીન્દ્ર દૂડેજાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ટ્રાયલ કોર્ટના આદેશને પગલે સ્વતંત્રકુમારને કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો અને તે સંબંધિત કોર્ટ સમક્ષ પોતાની ધરપકડને પડકારી શકે છે.

ભારદ્વાજના વકીલે દલીલ કરી હતી કે કાયદાની દૃષ્ટિએ એફઆઈઆરનું અસ્તિત્વ જ નથી અને એક દિવસની કસ્ટડી પણ ગેરકાયદેસર છે.

તેમણે દલીલ કરી હતી કે આ એફઆઈઆર સીજેપીના વિરોધ પ્રદર્શન

(જુઓ પાનું ૨) ▸▸

## ભાવનગરમાં પર્યુષણ પર્વ નિમિત્તે નવ દિવસ મટન માર્કેટ અને કતલખાના બંધ રાખવાનો આદેશ

ભાવનગરઃ જૈન ધર્મના સૌથી મોટા અને પવિત્ર તહેવાર એવા 'પર્યુષણ પર્વ'નો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. પર્વાધિરાજ પર્યુષણ અને સંવત્સરીની ધાર્મિક આસ્થાને ધ્યાનમાં રાખીને ભાવનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. આદેશ અનુસાર, ભાવનગર શહેરમાં આવેલી મટન માર્કેટ તેમજ તમામ કતલખાનાઓ આવતીકાલથી સતત નવ દિવસ સુધી સંપૂર્ણપણે બંધ રાખવાના રહેશે. જૈન ધર્મમાં પર્યુષણ એ અહિંસા, સંયમ, તપ અને આત્મશુદ્ધિનો મહાન પર્વ માનવામાં આવે છે. આ પર્વના અંતિમ દિવસે 'સંવત્સરી'ની ઉજવણી કરવામાં આવે છે, જેમાં જૈન શ્રદ્ધાળુઓ એકબીજાને ''મિચ્છામિ દુક્કડમ'' કહીને વર્ષ દરમિયાન જાણતા-અજાણતા થયેલી ભૂલો માટે ક્ષમાયાચના કરે છે અને તમામ વેરભાવ ભૂલીને પ્રેમભાવ કેળવે છે. ધાર્મિક ભાવનાઓ અને અહિંસાના સંદેશને માન આપતા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા તા.૮/૯/૨૦૨૬ થી ૧૬/૯/૨૦૨૬ સુધી મનપા સંચાલિત મટન માર્કેટ તેમ જ શહેરના કતલખાનાઓ સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ સમયગાળા દરમિયાન માંસ-મટનનો સંગ્રહ કરવા કે તેનું વેચાણ કરવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. તંત્ર દ્વારા તમામ વેપારીઓ અને સંબંધિત લોકોને આ આદેશનું કડકપણે પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. મનપાએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો કોઈ પણ વ્યક્તિ આ હુકમનો અનાદર કરશે, તો તેમની સામે કાયદાકીય અને ધારાધોરણ મુજબની કડકમાં કડક કાર્યવાહી કરાશે.

## સુરેન્દ્રનગરના વઢવાણમાં પતિએ પત્નીની હત્યા કરી, ગણતરીના કલાકોમાં આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના વઢવાણ બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા મૂળચંદ રોડ પરના રામદેવનગરમાં પતિએ પત્નીની હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં વઢવાણ બી ડિવિઝન પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં જ આરોપી પતિને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત પ્રાથમિક વિગતો મુજબ, રાહુલ પારગી અને દરખાસ્તબેન છેલ્લા આશરે પાંચ વર્ષથી પતિ-પત્ની તરીકે સાથે રહેતા હતા. બંનેને બે સંતાનો છે, જેમાં એક બાળક આશરે બે વર્ષનું જ્યારે બીજું બાળક માત્ર એક મહિનાનું હોવાનું જાણવા મળ્યું છે.

બનાવની રાત્રે પતિ-પત્ની વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી થઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, મૃતક યુવતીના અન્ય વ્યક્તિ સાથે કથિત સંબંધ હોવાના મુદ્દે બંને વચ્ચે વિવાદ થયો હતો. જોકે આ બાબતની હકીકત પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

બોલાચાલી ઉગ્ર બનતાં આરોપી રાહુલ પારગી ઉશ્કેરાઈ ગયો હતો અને પત્ની દરખાસ્તબેન સાથે મારામારી કરી હતી. ગડદાપાટુ ઉપરાંત હાથમાં પહેરેલા જાડા કડાથી હુમલો કરાયો હોવાનો પોલીસનો પ્રાથમિક દાવો છે. ગંભીર ઈજાઓ થતાં દરખાસ્તબેન ઘરમાં જ ઢળી પડ્યા હતા અને તેમનું મોત નીપજ્યું હતું.

હત્યાની ઘટના બાદ આરોપી રાહુલ પારગી બે વર્ષના બાળકને સાથે લઈ મોટરસાઇકલ પર ત્યાંથી નીકળી ગયો હતો. જોકે રસ્તામાં મોટરસાયકલ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો અને આરોપી ઈજાગ્રસ્ત થયો હતો. તેને સારવાર માટે વઢવાણની મેડિકલ કૉલેજ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

હૉસ્પિટલમાં પોલીસ કર્મચારીઓએ તેની પૂછપરછ કરતાં આરોપી રડી પડ્યો હતો અને ઘરમાં બનેલી ઘટનાની માહિતી આપી હતી. માહિતી મળતાં વઢવાણ બી ડિવિઝન પોલીસની ટીમ હૉસ્પિટલ પહોંચી હતી અને રાહુલ પારગીની અટકાયત કરી હતી.

ત્યારબાદ આરોપીએ બતાવેલા સ્થળે પોલીસ પહોંચી તપાસ કરતાં ઘરમાં દરખાસ્તબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ નજીક જ એક મહિનાનું બાળક પણ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બાળકને સુરક્ષિત રીતે બહાર કાઢી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

માતાના મોત અને પિતાની ધરપકડ બાદ બંને માસૂમ બાળકોની જવાબદારીનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. બંને બાળકોની સુરક્ષા અને સંભાળને ધ્યાનમાં રાખીને તેમને સંસ્થાકીય સંભાળ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.

વઢવાણ બી ડિવિઝન પોલીસે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે અને હત્યાનું ચોક્કસ કારણ તથા ઘટનાક્રમ અંગે પુરાવાઓ એકત્રિત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■



(ફોટો-મહેશ ઉતેરિયા)

# ગુવાહાટીમાં શ્રદ્ધા વાલકર કેસનું રીરનઃ પતિએ પત્નીનું માથું કાપી ફ્રિજમાં મૂક્યું

ગુવાહાટીઃ આસામના ગુવાહાટી શહેરમા દિલ્હીના બહુચર્ચિત શ્રદ્ધા વાલકર હત્યાકાંડ જેવી જ એક અત્યંત સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે. અહીં એક પતિએ પોતાની પત્નીની ઘાતકી હત્યા કર્યા બાદ તેના શરીરના ટુકડા કરી દીધા છે. આરોપીએ પત્નીનું ધડથી અલગ કરેલું માથું પ્લાસ્ટિકની કોથળીમાં લપેટીને ફ્રિજમાં સંતાડી દીધું હતું, જ્યારે લોહીથી લુહાણ ધડ ઓરડાના ફ્લોર પર જ સડવા દીધું હતું.

આ દર્દનાક ઘટના ગુવાહાટીના બેલ્ટોલા વિસ્તારમાં આવેલા વસિષ્ઠપુર હાટીગાંવ ખાતે બની હતી. મૃતક મહિલાની ઓળખ પચીસ વર્ષીય રિયા તાલુકદાર તરીકે થઈ છે, જે એક બુટિકમાં નોકરી કરતી હતી. રિયાના થોડા મહિના પહેલા જ કેબ ડ્રાઈવર રામાનુજન ગોસ્વામી સાથે લગ્ન થયા હતા. લગ્નના ટૂંક જ સમયમાં આરોપી પતિએ પત્ની આંગળીઓ અને માથું કાપીને હત્યા કરી નાખી હોવાનું પ્રકાશમાં આવતા આ કેસ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

રવિવારે રાત્રે બંધ ઘરની આસપાસના પાડોશીઓને અસહ્ય તીવ્ર દુર્ગંધ આવતાં શંકા ગઈ હતી. કોઈ અનિષ્ટ બન્યું હોવાની આશંકાથી સ્થાનિકોએ તુરંત જ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મકાન ખોલાવતાં અંદરનું દૃશ્ય જોઈને પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તબીબી અનુમાન મુજબ મહિલાની હત્યા અંદાજે ૨૪થી ૪૮ કલાક પહેલાં કરવામાં આવી હતી.

ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કરવા માટે ફોરેન્સિક ટીમને બોલાવવામાં આવી હતી. પોલીસે મકાન નજીક ટ્રેપ ગોઠવીને કામ પરથી પરત ફરેલા આરોપી પતિ રામાનુજન ગોસ્વામીને ઝડપી લીધો હતો.

પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. હાલમાં પોલીસે હત્યાનો ગુનો નોંધીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ગુવાહાટી મેડિકલ કોલેજ હોસ્પિટલ મોકલી આપી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ■

# મદરેસાના વિસ્તાર માટે પાકિસ્તાનમાં ૧૨૫ વર્ષ જૂનું મંદિર તોડી પડાયું

ઇસ્લામાબાદઃ ભારતના આંતરિક બાબતોમાં દખલગીરી કરવા અને ધાર્મિક સહિષ્ણુતા પર શિખામણ આપવાની પાકિસ્તાનની જૂની આદત રહી છે પણ તેનો ઇતિહાસ ભયંકર રહ્યો છે.

પાકિસ્તાની મીડિયા અહેવાલો મુજબ, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આવેલા નારોવાલ જિલ્લાના સિરાજ ગામમાં સ્થિત ૧૨૫ વર્ષ જૂના ઐતિહાસિક હિન્દુ મંદિરને તોડી પાડવામાં આવ્યું છે. સ્થાનિક લઘુમતી અધિકાર સંગઠન પાકિસ્તાન મસીહા મિલ્લત પાર્ટીના દાવા મુજબ, આ મંદિરને ૨૧ ઓગસ્ટે ષડ્યંત્રપૂર્વક તોડી પાડવામાં આવ્યું હતું જેથી નજીકમાં આવેલા મદરેસાનો વિસ્તાર કરી શકાય.

આ વિવાદ વધતાં પાકિસ્તાન સરકાર અને પંજાબ પ્રાંતના તંત્રે સફાઈ આપતાં દાવો કર્યો છે કે, ભારે વરસાદના કારણે મંદિરનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો, તેથી સુરક્ષાનાં કારણોસર તેને હટાવવામાં આવ્યો છે. જોકે, સ્થાનિક લોકોનો આરોપ છે કે મંદિરના ગુંબજમાંથી ઇંટો અને ધાતુનો સામાન ચોરી લેવામાં આવ્યો હતો અને તંત્રની મિલિભગતથી મદરેસા માટે જમીન ખાલી કરાવવામાં આવી હતી. પોતાના દેશમાં લઘુમતીઓના ધાર્મિક સ્થળોના રક્ષણમાં નિષ્ફળ રહેલા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સજ્જાદ હૈદર ખાને ઊલટાનું ભારત પર ઇસ્લામોફોબિક નીતિઓ ચલાવવાનો આરોપ લગાવ્યો છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળાદક્ષિણાયન – સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૮–૯–૨૦૨૬,
પર્યુષણપર્વ પ્રારંભ (ચતુર્થી પક્ષ), પર્યુષણ પ્રારંભ (પંચમી પક્ષ)

- ભારતીય દિનાંક ૧૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ–૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ–૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૬–૩૯ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૧૦–૦૫, રાત્રે ક. ૨૨–૦૨
- ઓટઃ સાંજે ક. ૧૬–૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૧૬ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – દ્વાદશી. ભોમ પ્રદોષ, મંગળાગૌરી પૂજન, પર્યુષણપર્વ પ્રારંભ (ચતુર્થી પક્ષ), શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, પ્રદોષ વ્રત, ઉપવાસ, શિવ–પાર્વતી પૂજા, અભિષેક, સંધ્યાકાળે શિવમંદિરમાં દીપદાનનો મહિમા, રાત્રિ જાગરણ, શિવભક્તિ, ભજન, કીર્તન, મંગળ–ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શનિદેવતાનું પૂજન વિશેષરૂપે, પીપળાનું પૂજન, વિદ્યારંભ, પરદેશનું પસ્તાનું અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, હજામત, સર્વશાંતિ, શાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા. પર્વ પૂજા નિમિત્તે વસ્રો, આભૂષણ, બી વાવવું, ખેતીવાડી, નિત્ય થતાં દુકાન, વેપાર, પશુ લે–વેંચ, ખેતીવાડીના કામકાજ.
- શ્રાવણ મહિમાઃ ઉગ્ર સ્વભાવ,વારંવાર ક્રોધ આવતો હોય તેમણે દૈનિક, નિત્ય શિવ પૂજા અવશ્ય કરવી. શિવપૂજાનાં મંત્રોચાર સહિત શ્રી સુક્તના પાઠ કરવા. હનુમાનની ભક્તિ, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્રના પાઠ કરવાં. શક્તિની ઉપાસના વગર શિવ પૂજા ભક્તિ અધૂરી છે. ચંદ્ર–શનિ, ચંદ્ર–રાહુના અશુભ યોગો હોય તેમણે શિવપૂજા, જીવનપર્યંત, ચાલુ રાખવી.
- આચમનઃ ચંદ્ર–શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના, શુક્ર–રાહુ ત્રિકોણ સ્થિર પ્રકૃતિ, ચંદ્ર–ગુરુ યુતિ આવકારદાયક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ત્રિકોણ, શુક્ર–રાહુ ત્રિકોણ, ચંદ્ર–ગુરુ યુતિ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય–સિંહ, મંગળ–મિથુન, માર્ગી બુધ–કન્યા માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# કાશ્મીરી પંડિતોને આતંકવાદીઓના ધમકીભર્યા સંદેશા આવી રહ્યા છે

શ્રીનગરઃ સોશ્યલ મીડિયા પર યુનાઇટેડ લિબરેશન કાઉન્સિલ (યુએલસી) તરફથી કથિત ધમકી ભરેલો એક નવો મેસેજ સામે આવ્યો છે. ભારતીય સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે યુએલસી પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબા (એલઇટી)નું એક ઓનલાઇન પ્રોક્સી ફ્રન્ટ છે. આ વખતે લેટરમાં ખાસ કરીને જમ્મુ-કાશ્મીરમાં કામ કરતા રાજ્યના બહારના મજૂરોને નિશાન બનાવાયા છે. તેમના પર સ્થાયી રીતે વસવાટનો આરોપ લગાવાયો છે અને ચેતવણી આપવામાં આવી છે કે કોઇ પણ પરવા કર્યા વિના તેમને હિંસક પરિણામોનો સામનો કરવો પડશે.

મેસેજમાં દાવો કરવામાં આવ્યો છે કે આ રાજ્ય બહારના લોકો ભિખારી બનીને આવ્યા હતા અને હવે રેસિડેન્સી (નિવાસનો અધિકાર) મેળવવા માટે પ્રોક્સી પ્રશાસનના સમર્થનથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેમાં સ્થાનિક લોકોને તેમને બહાર નીકળવા માટે કહેવામાં આવ્યું, વિરોધ પ્રદર્શનને દેખાડો ગણાવાયો અને કહેવામાં આવ્યું કે જે લોકો દિલ્હીનું મ્હોરું બનીને રહેશે તે અમારી ગોળીઓથી નહીં બચી શકે અને તેમના શબ તેમના મૂળ સ્થાનો પર પાછા મોકલી દેવામાં આવશે.

આ નવો લેટર જુલાઇ-ઓગસ્ટ ૨૦૨૬થી યુએલસી ધમકીઓના ક્રમનો એક હિસ્સો છે. પહેલા પણ ધમકીઓ મુખ્યત્વ વડા પ્રધાનના પુનર્વસન પેકેજ હેઠળ કામ કરનારા કાશ્મીરી પંડિત કર્મચારીઓ પર કેન્દ્રીત હતા. તે સંદેશોમાં લોકોના નામ લેવામાં આવ્યા હતા. સરનામા અને ગાડીના નંબર જેવી ખાનગી માહિતી છાપવામાં આવી હતી. અને તેમના પર નજર રાખવા અને ટાર્ગેટ કરવાની ચેતવણી આપવામાં આવી હતી. ■

# રામ મંદિરની જવાબદારી હવેથી મારા ખભેઃ સીઈઓ જિતેન્દ્ર મિશ્રા

અયોધ્યાઃ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા તેમને અયોધ્યા મંદિરના સંચાલન અને કામગીરીની દેખરેખ માટે પ્રથમ સીઇઓ નિયુક્ત કર્યાના બે દિવસ પછી, ઍર માર્શલ જિતેન્દ્ર મિશ્રા (નિવૃત્ત)એ શુક્રવારે કહ્યું હતું કે, રામ મંદિરની જવાબદારી હવે મારા ખભા પર છે.

તેમણે બે દિવસની અયોધ્યા મુલાકાત બાદ દિલ્હી જતા પહેલા જણાવ્યું હતું કે, મેં હવે સીઈઓ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. રામ મંદિરની જવાબદારી હવે મારા ખભા પર આવી ગઈ છે .

ઓપરેશન સિંદૂર દરમિયાન વેસ્ટર્ન એર કમાન્ડનું નેતૃત્વ કરનારા એર માર્શલ મિશ્રા (નિવૃત્ત) ને બુધવારે મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓ નિયુક્ત કરવામાં આવ્યા છે.

ટ્રસ્ટે ગોવિંદ દેવ ગિરીને જનરલ સેક્રેટરી, મહેશ ભાગચંદકાને ટ્રેઝરર અને મદન મોહન પાંડે અને નિર્મલા યાદવને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કર્યા છે.

મિશ્રાએ અગાઉ પોતાને ''સૌથી ભાગ્યશાળી વ્યક્તિ'' ગણાવી હતી, જેમને તેમના જીવનમાં બે વાર મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે - એક વાર રાષ્ટ્રની સેવા કરવા માટે અને હવે ભગવાન રામ અને તેમના ભક્તોની સેવા કરવા માટે.

ટ્રસ્ટના સીઇઓ તરીકે અયોધ્યાની તેમની પહેલી મુલાકાત વખતે, મિશ્રાએ જણાવ્યું હતું કે, હું અહીં ફક્ત એક દિવસ માટે આવ્યો છું, તેથી આ એક પ્રારંભિક પરિચય મુલાકાત હતી. હું બે કે ત્રણ દિવસ પછી ફરીથી અહીં આવીશ.

આ એક પરિચય મુલાકાત હતી, જે દરમિયાન મને મંદિરના કાર્યપદ્ધતિનો પરિચય મળ્યો. ધીમે ધીમે, જેમ જેમ હું તેના વિશે વધુ શીખીશ, તેમ તેમ અમે કેટલીક યોજનાઓ બનાવીશું, એવું તેમણે કહ્યું હતું.

મંદિરના દાનમાં કથિત ઉચાપતના વિવાદ બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા વ્યાપક વહીવટી સુધારાનો એક ભાગ મિશ્રાની નિમણૂક છે, જેના કારણે આઠ જણની ધરપકડ કરવામાં આવી હતી અને ચંપત રાયને તેના મહાસચિવ પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. ■

# ભારત-ન્યૂ ઝીલૅન્ડ મુક્ત વેપારી કરાર ઑક્ટોબરથી અમલી બનશે

નવી દિલ્હીઃ ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેના મુક્ત વેપારી કરાર આવતા મહિનાથી અમલી બને તેવી શક્યતા હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

માલસામાન, સેવાના દ્વિપક્ષી વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા ૨૭ એપ્રિલે બંને દેશે મુક્ત વેપારી કરાર પર સહી કરી હતી. બંને દેશ આવતા મહિનાની જે તારીખ માટે સહમતી દર્શાવશે ત્યારથી આ કરાર અમલી બનશે, એમ તેમણે કહ્યું હતું.

આ કરારના અમલ બાદ ભારત દ્વારા ન્યૂ ઝીલૅન્ડને નિકાસ કરવામાં આવનારી તમામ વસ્તુઓ પર કોઈ ડ્યૂટી વસૂલવામાં નહીં આવે. અગાઉ ન્યૂ ઝીલૅન્ડ સિરામિક, કાર્પે, ઑટોમોબાઈલ અને ઑટોમોબાઈલ કમ્પોનન્ટ સહિતની ચાવીરૂપ વસ્તુઓ પર ભારત પાસેથી વધુમાં વધુ ૧૦ ટકા ટૅરિફ વસૂલતું હતું. ન્યૂ ઝીલૅન્ડે આવતા ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડૉલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. (એજન્સી) ■

# કોલસામાં ગૅસ બનાવવાની ૩૭૫૦૦ કરોડની યોજનાનો કોઈ લેવાલ નથી

નવી દિલ્હીઃ કોલસા ગેસિફિકેશનને પ્રોત્સાહન આપવા માટે સરકારની ૩૭,૫૦૦ કરોડ રૂપિયાની મહત્વાકાંક્ષી નાણાકીય પ્રોત્સાહન યોજનાને અત્યાર સુધી કોઈ ખરીદદાર મળ્યો નથી.

સાતમી સપ્ટેમ્બરની સમયમર્યાદા હોવા છતાં, યોજનાને કાર્યક્રમ હેઠળ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે કોઇ પણ ખાનગી કે જાહેર ખેલાડી તરફથી એકેય અરજી મળી નથી, જેના કારણે કોલસા મંત્રાલયના ૭.૫ કરોડ ટન કોલસા અને લિગ્નાઇટનું ગેસિફિકેશન કરવાના પ્રયાસની કાર્યક્ષમતા અંગે ચિંતા વ્યક્ત થઈ છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

એક નૉટિસમાં, કોલસા મંત્રાલયે જણાવ્યું હતું કે, સરફેસ કોલ/લિગ્નાઇટ ગેસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે ૩૭,૫૦૦ કરોડ રૂપિયાની નાણાકીય પ્રોત્સાહન યોજના હેઠળ દરખાસ્ત માટેની વિનંતી (આરએફપી) ૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ જારી કરાયેલ , જેમાં અરજીઓ રજૂ કરવાની છેલ્લી તારીખ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.'' કેન્દ્રીય પ્રધાનમંડળે અગાઉ કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટેની યોજનાને મંજૂરી આપી હતી, જેનો હેતુ સ્વચ્છ ઊર્જા ઉત્પાદનને વેગ આપવા અને એલએનજી, યુરિયા અને મિથેનોલની ફોરેક્સ-ગઝલિંગ આયાત પર નિર્ભરતા ઘટાડવાનો છે, જ્યારે દેશને વૈશ્વિક ભાવની અસ્થિરતા અને પુરવઠા શૃંખલાના વિક્ષેપોથી સુરક્ષિત રાખવાનો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય પ્રધાનમંડળે ₹ ૩૭,૫૦૦ કરોડના નાણાકીય ખર્ચ સાથે સરફેસ કોલ/લિગ્નાઈટ ગેસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવાની યોજનાને મંજૂરી આપી હતી.

કોલ ગેસિફિકેશન એ સૂકા બળતણને કૃત્રિમ ગેસ (સિંગાસ) માં રૂપાંતરિત કરવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે, જેનો ઉપયોગ વૈકલ્પિક બળતણ તરીકે થાય છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરે છે.

આ પ્રક્રિયા મિથેનોલ, ખાતરો, હાઇડ્રોજન અને રસાયણોના ઉત્પાદનને ટેકો આપે છે, આયાત પર નિર્ભરતા ઘટાડે છે.

આ યોજના દેશના કોલસા ગેસિફિકેશન કાર્યક્રમને વેગ આપવા, ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા અને એલએનજી, યુરિયા, એમોનિયા અને મિથેનોલ જેવા મુખ્ય ઉત્પાદનોની આયાત પર નિર્ભરતા ઘટાડવા તરફ એક મોટું પગલું છે. ભારત ૪૦૧ અબજ ટનનો વિશ્વનો સૌથી મોટો કોલસા ભંડાર અને ૪૭ અબજ ટન લિગ્નાઇટ ભંડાર ધરાવે છે.

દેશના ઉર્જા મિશ્રણમાં કોલસો પંચાવન ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. ગેસિફિકેશન કોલસા/લિગ્નાઇટને સિંગાસમાં રૂપાંતરિત કરે છે, જે સ્થાનિક સ્તરે ઇંધણ અને રસાયણોનું ઉત્પાદન કરવા માટે એક બહુમુખી ફીડસ્ટોક છે, જે ભારતને ઉચ્ચ-મૂલ્યની આયાતને બદલવા અને વૈશ્વિક પુરવઠા વિક્ષેપો અને ભાવની અસ્થિરતાથી પોતાને સુરક્ષિત રાખવા સક્ષમ બનાવે છે. ■

# કાનપુરના ઇજનેરની મોસ્કોમાં અટક

## બળજબરીથી લશ્કરમાં જોડાવવાની ફરજ પડાઇ?

નવી દિલ્હીઃ કાનપુરના એક એન્જિનિયરની મોસ્કોમાં અટક કરાઇ હતી. તેની પત્નીને ભય છે કે પોતાના પતિને રશિયાના લશ્કરમાં જોડાવવા ફરજ પડાઇ રહી છે. દરમિયાન, રશિયામાંની ભારતીય એલચી કચેરીએ આ કિસ્સામાં કાર્યવાહી હાથ ધરી હતી.

એલચી કચેરીએ જણાવ્યું હતું કે એક ભારતીય પુરુષની અટક કરાઇ હોવાનું કહેતી તેની પત્નીએ સોશ્યલ મીડિયા પર મૂકેલી પૉસ્ટના સંબંધમાં તપાસ થઇ રહી છે. આ કિસ્સામાં કૉન્સ્યુલર ઍક્સેસ મગાઇ છે. અમે તેના પરિવાર અને સ્થાનિક સત્તાવાળાના સંપર્કમાં છીએ.

એલચી કચેરીએ સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પૉસ્ટમાં લખ્યું હતું કે આ પ્રકરણમાં કાયદેસર કાર્યવાહી હાથ ધરાઇ છે અને સહાય માટે કૉન્સ્યુલર ઍક્સેસ મગાઇ છે. તેણે જણાવ્યું હતું કે અમે આ ભારતીય માણસની પત્નીએ સોશ્યલ મીડિયા પર મૂકેલી પૉસ્ટ જોઇ છે. અમે તેની પત્નીના અને સ્થાનિક સત્તાવાળાના સંપર્કમાં છીએ. કાનપુરના ઇજનેરની પત્નીએ પોતાના પતિને રશિયાના લશ્કરમાં બળજબરીથી સમાવવા પ્રયાસ કરાઇ રહ્યો હોવાનો ભય વ્યક્ત કર્યો હતો.

સ્નેહા ચંદ્રન ગુપ્તાએ આક્ષેપ કર્યો હતો કે મારા પતિ ચંદ્રન ગુપ્તાને મોસ્કોમાં રવિવારે બપોરે અંદાજે ૧૨.૩૦ વાગ્યે પોલીસે પકડ્યો હતો. (એજન્સી)■

## પ્રજામત

### સિક્સ સીટર રિક્ષા

મુંબઈની આબાદી તો છૂપી નથી. રાજસ્થાનમાં રિક્ષા સિક્સ સીટર છે. મુંબઈમાં સિક્સ સીટર રિક્ષા ચલાવવાની પરમિટ આપવામાં આવે તો ઘણા ફાયદા થાય. શેર-એ-રિક્ષા ચલાવતા રિક્ષાચાલકને ફાયદો થાય, ટ્રાફિકમાં ફરક દેખાય વગેરે. ભિવંડી અને દૂરનાં ગામોમાં તો ૩ને બદલે પાંચ જણને રિક્ષામાં લઈ જવામાં આવે છે અને અમુક જગ્યાએ તો એનાથી પણ વધારે. જો સરકારની સમજમાં આ વાત આવે તો લોકો આરામથી સફર કરી શકશે.

**- ફખરુદ્દીન ખાનભાઈ ચીતલવાલા,** ભિવંડી

### તુકારામ સાહેબ જેવા સપૂતોની આજે જરૂર છે

નાગરિકોની જિંદગીનું રક્ષણ કરતા નિર્ભિક એફ.ડી.એ. કમિશનર શ્રી તુકારામ મુંઢેજી સાહેબ ઇમાનદારી અને કર્તવ્યની મિશાલ સાબિત થઈ રહ્યા છે. એમની ઝુંબેશની અસર આખા દેશમાં પડી છે. આવા સાચા, પ્રામાણિક સેવકો આપણા દેશમાં હોવા ખૂબ જરૂરી છે.

મિલાવટ અને ગુણવત્તા વગરનો માલ વેચીને મબલક નાણાં ભેગાં કરતી મોટી મોટી કંપનીઓ, હોટેલો, રેસ્ટોરાં વગેરે પર કાયદાની અમલબજાવણી કરવા કોઈની સામે ઝૂક્યા વગર આદરણીય તુકારામસાહેબ કટિબદ્ધ બન્યા એ બદલ ધન્યવાદ. 'ના નોટિસ મિલા ના સુધરને કા મોકા' આવી વાહિયાત દલીલ કરનારા ગુનેગારોનાં લાઇસન્સ રદ કરવાની સાથે તેમને કડક સજા થવી જોઈએ. ઉપરાંત લોકોના જીવન સાથે રમત કરતાં ખચકાટ ન અનુભવતા ખાદ્ય કંપનીઓની સામગ્રીના ખોટા અથવા ભ્રામક દાવા સાથે જાહેરાત કરતા ફિલ્મસ્ટારો કે ક્રિકેટરોને પણ કડક સજા થાય એવો કાયદો સરકારે કરવો જોઈએ. વગદાર સ્થાપિત હીતો આવા વિરલ-મજબૂત મનોબળ ધરાવતા પ્રામાણિક અધિકારીને ટકાવશે?

**- સેવંતીભાઈ મ. સંઘવી (થરાદ),** અંધેરી (પૂર્વ)

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# મણિપુરમાં હિંસાચારઃ પચીસથી વધુ ઘર સળગાવી દેવામાં આવ્યાં

ઇમ્ફાલઃ પોલીસે જણાવ્યું હતું કે સશસ્ત્ર લોકોએ ઇમ્ફાલ-તામેંગલોંગ રોડ પર ૧૦ ઘર સળગાવી દીધા હતા અને એક ગ્રામજનોને ઘાયલ કર્યાના એક દિવસ પછી બુધવારે મણિપુરના કાંગપોકપી જિલ્લામાં ઓછામાં ઓછા પચીસ વધુ ઘર સળગાવી દેવામાં આવ્યા હતા.

ટીપોરમ ગામમાં નવી આગ લગાડવાની ઘટના બની, ત્યાંના રહેવાસીઓએ જણાવ્યું હતું કે તેમાંથી પાંચ ઘર નેપાળી સમુદાયના સભ્યોના છે.આજે પચીસ ઘર સળગાવી દેવામાં આવ્યા હતા અને તેઓ પછીથી વિસ્તાર છોડી ગયા હતા. પચીસ ઘરમાંથી પાંચ નેપાળી સમુદાયના હતા, તેવું ટીપોરમના એક રહેવાસીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

સોમવારે, સશસ્ત્ર વ્યક્તિઓના એક જૂથે તેખાંગ કુકી ગામમાં હુમલો કર્યો હતો, જેમાં બે મહિલા સહિત ત્રણ વ્યક્તિનાં મોત થયા હતા અને ચાર અન્ય ઘાયલ થયા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે હુમલા પછી ગોળીબાર થયો હતો, જે લગભગ બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો.

પહેલા પાનાનું ચાલુ

## ઘાટકોપરના

હૉસ્પિટલમાં તે ઑપરેશન્સ મૅનેજર તરીકે જોડાયો હતો.

પહેલી સપ્ટેમ્બરે અમેરિકાથી રાકેશભાઈને ભવ્યના નિધનના સમાચાર આપતો મેસેજ આવ્યો હતો. ભવ્ય ક્વીન્સ પરિસરમાં રહેતો હતો અને ત્યાંની ઈમારતના સાતમા માળેથી પડી જવાથી તેનું મૃત્યુ થયું હતું. ન્યૂ યોર્ક પોલીસે સ્થાનિકોમાં કરેલી પ્રાથમિક પૂછપરછ પછી એવું નિષ્કર્ષ કાઢ્યું હતું કે ભવ્યએ આત્મહત્યા કરી હશે. જોકે ત્યાંની હૉસ્પિટલમાં કરાયેલા પોસ્ટમોર્ટમના અહેવાલ પરથી આ વાતની ખાતરી થતી નથી.

બનાવની જાણ થતાં જ દોશી પરિવારના સભ્યો ન્યૂ યોર્ક પહોંચ્યા હતા. પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને કોન્સ્યુલેટ જનરલ અધિકારીઓની મદદથી કાનૂની પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરીને રવિવારે ભવ્યના શબને ઍર ઈન્ડિયાની ફ્લાઈટમાં મુંબઈ લાવવામાં આવ્યું હતું. રવિવારે જ તેના અંતિમસંસ્કાર કરાયા હતા, જેમાં આશરે ૭૦૦ જણની હાજરી હતી.

સુનીલભાઈનું કહેવું છે કે પોસ્ટમોર્ટમનાં અહેવાલમાં આંતરિક ફ્રેક્ચર ન હોવાનું નોંધવામાં આવ્યું છે. એ સિવાય મુંબઈમાં પણ તબીબી પરીક્ષણમાં ભવ્યના શરીરમાં હાડકાં તૂટ્યાં ન હોવાની ખાતરી થઈ હતી. જો કોઈ વ્યક્તિ સાતમા માળેથી પડે તો શરીર પર ઇજાનાં કોઈ નિશાન કે એકેય હાડકું ન તૂટે એવું કઈ રીતે બની શકે. વળી, તે પડ્યો ત્યારે કોઈ રૂમમેટ તેને હૉસ્પિટલે તાત્કાલિક લઈ ગયો નહોતો. ઘટનાના ત્રણ કલાક પહેલાં જ તેણે પિતાને મેસેજ કર્યો હતો, જેમાં બધું બરાબર હોવાનો ઉલ્લેખ હતો. તો પછી તે અંતિમ પગલું કઈ રીતે ભરી શકે?

તેમનું માનવું છે કે રૂમમેટ દ્વારા રંગભેદને લઈ કથિત સતામણી પણ કરવામાં આવી હતી. વળી, ભવ્યને ન્યૂ યોર્કમાં જ સારી જૉબ મળી જતાં વિદેશી રૂમમેટ્સને ઇર્ષ્યા થઈ હશે, જેને પગલે તેને મેન્ટલી ટૉર્ચર કરવામાં આવતો હતો. તાજેતરમાં તેણે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર આ વાતનો ઉલ્લેખ કરી ચાર વર્ષના દોસ્ત દગાબાજ નીકળ્યાનું કહ્યું હતું. આ મામલે દરેક દિશામાં તપાસ કરીને અહેવાલ સુપરત કરવાની ખાતરી ત્યાંની પોલીસે આપી હતી. કહેવાય છે કે ભવ્યની વિદેશી ગર્લફ્રેન્ડ હતી, પરંતુ બાદમાં તેમની વચ્ચે બ્રેકઅપ થઈ ગયું હતું. એ યુવતીના પરિવારજનોના સખત વિરોધ અને દમદાટીને કારણે તે ટેન્શનમાં આવી ગયો હતો. જોકે આ બાબતે ખાતરીપૂર્વક કોઈને કશી જાણ નથી. ■

## એલપીજી

(એલપીજી)ના ઇન્ટર-રિફિલ બુકિંગનો સમયગાળો પચીસ દિવસનો અને ગ્રામીણ વિસ્તારના ગ્રાહકો માટે ૪૫ દિવસનો રાખ્યો હતો. રાંધણગૅસના પુરવઠાની અછતને લીધે સરકારે આ નિયંત્રણ કામચલાઉ મૂક્યા હતા.

રાંધણગૅસનો પુરવઠો હવે ફરી નિયમિત બન્યો હોવાથી મંત્રાલયે શહેરી અને ગ્રામીણ વિસ્તારના ગ્રાહકો માટે પણ ઘરેલુ રાંધણગૅસના ઇન્ટર-રિફિલ બુકિંગનો સમયગાળો ઘટાડીને પચીસ દિવસનો નિર્ણય લીધો હતો.

કમર્શિયલ એલપીજીના ભાવ સિલિન્ડર દીઠ રૂપિયા ૧૦ અને ઍવિયેશન ફ્યુઅલનો ભાવ લિટર દીઠ રૂપિયા ૬.૨૮ વધારાયો હતો. (એજન્સી) ■

## જૅગ્વાર લૅન્ડ

વીજળીકરણ, ડિજિટલ ટેકનોલોજી, અદ્યતન ઉત્પાદન અને ગ્રાહક અનુભવોમાં ૧૫-૧૮ અબજ પાઉન્ડનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે.

પરિણામે, જૅગ્વાર લૅન્ડ રૉવર આગામી બે વર્ષમાં તેના વૈશ્વિક કાર્યબળમાં લગભગ ૪૦૦ ભૂમિકાઓનો ઘટાડો કરશે. આ ઘટાડો, જેની સીધી ઉત્પાદન નોકરીઓને અસર થવાની અપેક્ષા નથી, શક્ય હોય ત્યાં સ્વૈચ્છિક માધ્યમો દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે, તેવું ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ દ્વારા નિયમનકારી ફાઇલિંગમાં જણાવાયું છે. ■

## ભારત-ફ્રાન્સ

વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીનું નિર્માણ કરી રહ્યા છે. ટૅક્નોલૉજી, એઆઈ, સંરક્ષણ, અવકાશ અને ક્લાઈમેટ ઍક્શન સહિતના ક્ષેત્રમાં બંને દેશ નવી ઊર્જા અને ગતિ સાથે આગળ વધી રહ્યા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૬નું વર્ષ આપણે ઈન્ડિયા-ફ્રાન્સ યર ઑફ ઈનોવેશન તરીકે ઉજવી રહ્યા છીએ. (એજન્સી)

## ઈમારત ધરાશાયી

વડી અદાલતે આ કેસમાં કેન્દ્ર, દિલ્હી સરકાર, દિલ્હી મહાનગરપાલિકા, દિલ્હી પોલીસ અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (એનએચઆરસી)ને નોટિસ પાઠવી હતી. અરજદારે બધા પીજી રહેઠાણના માળખાની તપાસ કરાવવાની દાદ ચાહતી અરજી કરી હતી. (એજન્સી) ■

## સ્વતંત્રકુમાર

સંબંધિત એફઆઈઆરમાંની એક છે જેને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધી છે. દિલ્હી પોલીસના વકીલના જણાવ્યા અનુસાર સ્વતંત્રકુમારને શનિવારે વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે સેશન્સ જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને તેને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. રવિવારે તેને વર્ચ્યુઅલી ડ્યૂટી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને એક દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.

સોમવારે તેને ફરી વર્ચ્યુઅલી વિશેષ જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડી આપવામાં આવી હતી.

પોલીસના વકીલે કરેલી દલીલ મુજબ સ્વતંત્રકુમાર ન્યાયિક આદેશના અનુસંધાનમાં કસ્ટડીમાં છે તો ગેરકાયદેસર કસ્ટડીનો પ્રશ્ન ક્યાં રહે છે? એકવાર કાયદેસર આદેશ બહાર પાડવામાં આવે પછી તે સંબંધિત કોર્ટમાં તેને પડકારી શકશે. (એજન્સી) ■

## બ્રિટિશ હિંદુઓની

બ્રિટિશ હિંદુ 'અચ્છા, પક્કા, સચ્ચા' હોય તો બ્રિટિશ અને ભારતના હિત વચ્ચે ક્યારેય ટકરાવ ન થાય. હિંદુત્વમાં હંમેશાં પોતાની કર્મભૂમિ પ્રત્યે વફાદાર રહેવાનું કહેવાયું છે.

આરએસએસના વડાએ જણાવ્યું હતું કે હિંદુત્વમાં ક્યારેય કર્મભૂમિને દગો દેવાનું નથી કહેવાયું. હિંદુઓ હંમેશાં સમાન લક્ષ્ય ધરાવતા વિવિધ સંપ્રદાયોનું સન્માન કરે છે. વિવિધતામાં એકતા હોવી જોઇએ. હિંદુત્વમાં સહઅસ્તિત્વની ભાવના પર ભાર અપાયો છે. ભાગવત આરએસએસના શતાબ્દી વર્ષના સંબંધમાં અનેક દેશના આંતરરાષ્ટ્રીય પ્રવાસે ગયા હતા. (એજન્સી) ■

# વડા પ્રધાન આજે ગુજરાતમાં : યુવાપેઢી સાથે સંવાદ, વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે મંગળવારે વડોદરા-નવસારી ખાતે વિવિધ કાર્યોના ભૂમિપૂજન અને લોકાર્પણ કરશે. વડા પ્રધાન વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ત્રણ મહત્વપૂર્ણ વિભાગો રાષ્ટ્રને સમર્પિત કરશે, જે ૩૨૬ કિલોમીટર રૂટને આવરી લે છે. આ કોરિડોર રૂ. ૨૦,૭૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવ્યા છે. જેમા સાણંદ (ઉત્તર)-મકરપુરા, ન્યુ ઉમ્બરગાંવ-ન્યુ સફાલે અને ન્યુ સફાલે-જેએનપીટી વિભાગોનો સમાવેશ થાય છે. જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીએ) સાથે સીધી કનેક્ટિવિટી એક્ઝિમ કાર્ગોની ઝડપી અવરજવરને સરળ બનાવશે, ઔદ્યોગિક કેન્દ્રો અને બંદરો વચ્ચે જોડાણ મજબૂત બનાવશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે અને મુંબઈના રેલ્વે નેટવર્ક પર ભીડ ઓછી કરવામાં મદદ કરશે.

વડા પ્રધાન લગભગ રૂ. ૨,૬૦૦ કરોડના ગુજરાત સરકારના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન પણ કરશે. જે મુખ્ય પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવશે તેમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ રિંગ રોડ ફેઝ-૨, કડાણા ડેમ ખાતે ૧૧૦ મેગાવોટનો ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે નવી ઓફિસનું બાંધકામ સામેલ છે. ઉદ્‌ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસ પ્રોજેક્ટ્સ અને પૂર્વ વડોદરાના ૧૧ ગામ માટે પાણી પુરવઠા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ સાથે વડા પ્રધાન રેલવેના વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને લોકાપર્ણ કરશે ,જેમાં નવી રેલ્વે લાઇનો, ડબલિંગ અને ગેજ કન્વર્ઝન કામો સહિતના કામોનો સમાવેશ થાય છે.

આ સાથે વડાપ્રધાન આણંદ ખાતે નવા બસ સ્ટેશનના નર્મિાણનું ખાતમુહૂર્ત પણ કરવાના છે. જ્યારે નવસારીના એરુ પીએચક્યુ ખાતે વિકસાવવામાં આવેલી વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, આઈએમડી-જીઆઈડીસી હેઠળ બે વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. પાણી પુરવઠા વિભાગ હેઠળ તાપી જિલ્લાના સોનગઢ વિસ્તારમાં ૨૧૪.૫૨ કરોડના ખર્ચે ત્રણ આરડબલ્યુએસએસ પેકેજનું લોકાર્પણ કરવામાં આવશે.

રાજકીય દૃષ્ટિએ પણ આ કાર્યક્રમ મહત્વનો માનવામાં આવે છે. વડા પ્રધાન યુવાપેઢી, જેન-ઝી સાથે ખાસ સંવાદ સાધવાના છે. આ માટે ઑનલાઈન બુકિંગ પોર્ટલ પર રજિસ્ટ્રેશન એક જ કલાકમાં પણ ફુલ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વધુ યુવાઓને સમાવી શકાય તે માટે પ્રયત્નો ચાલી રહ્યા હોવાની માહિતી મીડિયાને આપી હતી.

વડા પ્રધાન બપોરે ૧૨ વાગ્યે વડોદરા એરપોર્ટ પર આવ્યા બાદ એમએસ યુનિવર્સિટીના ગ્રાઉન્ડમાં સભાને સંબોધશે. આ સભાનું સ્ટેજ વાય આકારનું બનાવાયું છે, જે આસપાસ યુવાનોને બેસાડવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

વડા પ્રધાનના કાર્યક્રમને ધ્યાનમાં લઈ વડોદરામાં અઠવાડિયાથી સ્વચ્છતા અભિયાન શરૂ કરવામા આવ્યું છે. સ્વચ્છતા સે સ્વાગત આ સૂત્ર હેઠળ જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો આસપાસ સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ સાથે સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. ટેકનોલોજી અને ડ્રોનની મદદ લેવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર સુરક્ષા માટે ૨,૦૦૦થી વધુ જવાનો, ૧૧ ડીસીપી અને ૧૭ એસીપી તહેનાત રહેશે. સભા સ્થળ પર ડ્રોનથી સતત નજર રખાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે મહાદેવના મંદિરમાં ભક્તો ઉમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : પવિત્ર શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે રાજ્યભરના શિવમંદિરોમાં ભક્તોએ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. અમદાવાદ- સુરત શહેરના તમામ નાના-મોટા શિવાલયો 'હર હર મહાદેવ' અને 'ઓમ નમ શિવાય' ના ગુંજતા નાદથી ગુંજ્યા હતા. મોટાભાગના મંદિરોમાં શ્રાવણના અંતિમ સોમવાર નિમિત્તે મહાદેવને ખાસ શણગાર કરવામાં આવ્યો હતો. નર્ણિય નગર ખાતે ઉંચા શિવલિંગને શણગારવામાં આવ્યું હતું. શહેરના પૌરાણિક શિવમંદિરોમાં પણ ભક્તોની ભીડ જામી હતી.

વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મંદિરમાં પણ ભક્તો શિવભક્તિમાં લીન થયા હતા. સવારે ૪ કલાકથી મંદિર પરિસરમાં ભક્તો માટે પ્રવેશ દ્વાર ખોલવામાં આવ્યા હતા. શ્રાવણીયા સોમવારે ભોળાનાથની નિશ્રામાં શિવધૂન કરી ભક્તિનું ભાથુ ભાવિકોએ બાંધ્યું હતું. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હજારોની સંખ્યામાં ભક્તો શ્રાવણના અંતિમ સોમવારના પ્રથમ દર્શન કરવા મહાદેવ ના શરણે આવ્યા હતા. સોમનાથ મંદિર અને પ્રભાસ તીર્થ વહેલી સવારથી હર હર શંભુના નાદથી ગુંજ્યું હતું. અહીંની વ્યવસ્થાને કારણે યાત્રીઓ માટે એક સુંદર અનુભવ રહ્યો હતો. સમગ્ર શ્રાવણ માસમાં યાત્રીઓને ક્લોકરૂમ, જૂતાઘર, વોશરૂમ, પાણીના પરબ સહિતની પ્રાથમિક જરૂરિયાતો ઉત્તમ રીતે પૂરી પાડીને સ્ટેમ્પેડ પ્રૂફ દર્શન વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હોવાનું યાત્રીઓએ જણાવ્યું હતું.

ભાવનગર શહેરના જશોનાથ મહાદેવ તથા બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ ભક્તો દર્શન, પૂજા-અર્ચના અને જળાભિષેક કરવા માટે પહોંચ્યા હતા. ભક્તોએ ભગવાન શિવને બિલ્વપત્ર, પુષ્પ તથા વિવિધ પૂજા સામગ્રી અર્પણ કરી પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ભાવનગરના ઘોઘામાં આવેલ ૧૦૫ વર્ષ પૌરાણિક શ્રી બાળ મહાદેવનાથ મહાદેવ મંદિર ખાતે ભાવનગરથી સમાજના આગેવાન ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. શ્રાવણ માસના અંતિમ સોમવારને લઈ શિવભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિરોમાં હર હર મહાદેવના જયઘોષથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. કચ્છમાં પણ લોકોએ ભાવભેર ભોળાનાથની ભક્તિ કરી હતી. રાજકોટના આરાધ્ય દેવ રામનાથ મહાદેવની ૧૦૩મી પાલખી યાત્રા ભવ્ય રીતે યોજાઈ હતી સૌરાષ્ટ્રમાં શ્રાવણ માસમાં આવતા તહેવારો અને લોકમેળાનું ખાસ મહત્વ છે, ત્યારે તહેવારો અર્થવ્યવસ્થાનો પણ એક મહત્વનો ભાગ સાબિત થાય છે. ■

# વિધાનસભાના ચોમાસું સત્રમાં હાજરી આપવા માટે ધારાસભ્ય ચૈતર વસાવાને સાત દિવસના જામીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાત હાઇકોર્ટે આમ આદમી પક્ષ (આપ) ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં હાજરી આપવા માટે સાત દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા છે. જામીનનો સમયગાળો જેલમાંથી મુક્ત થયાની તારીખથી શરૂ થશે. હાલમાં વડોદરા સેન્ટ્રલ જેલમાં બંધ વસાવા વન વિભાગના કર્મચારીઓ પર હુમલાના કેસમાં સાત વર્ષની સજા કાપી રહ્યા છે. નર્મદા કોર્ટે વસાવા સહિતના અન્ય આરોપીઓને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી.

વચગાળાના જામીન આપતી વખતે, હાઇકોર્ટે વસાવા પર અનેક પ્રતિબંધો લાદ્યા હતા. જામીન સમયગાળા દરમિયાન તેઓ ગાંધીનગર છોડી શકશે નહીં, રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહીં, જાહેર જનતાને સંબોધિત કરી શકશે નહીં અથવા મીડિયા સાથે વાત કરી શકશે નહીં. વસાવાના વકીલે કોર્ટના નર્દિશો અને લાદવામાં આવેલી અન્ય તમામ શરતોનું પાલન કરવાની બાંયધરી આપી હતી. કોર્ટે રાજ્ય સરકારના વલણ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે એક તરફ સરકાર તેમની વચગાળાની જામીન અરજીનો વિરોધ કરી રહી છે અને બીજી તરફ વસાવાને વિધાનસભા સત્રમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. કોર્ટે રાજ્યના વલણમાં સ્પષ્ટ વિરોધાભાસ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આના જવાબમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે વિધાનસભામાં હાજરી આપવાનું આમંત્રણ વિધાનસભાના નિયમો અનુસાર જારી કરવામાં આવ્યું હતું. રાજ્યએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે, જો જામીન મંજૂર કરવામાં આવે છે, તો તે ત્રણ દિવસના વિધાનસભા સત્રને અનુરૂપ ત્રણ દિવસ સુધી મર્યાદિત હોવી જોઈએ. તેણે વસાવાને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અથવા મીડિયાને સંબોધવાથી પર પ્રતિબંધ મૂકવાની પણ માંગ કરી હતી.

વન વિભાગના અધિકારીને જમીન વિવાદમાં નિવાસસ્થાને બોલાવીને હુમલો કરવામાં આવ્યો હતો અને ધમકી આપવામાં આવી હતી, કથિત રીતે હવામાં ગોળીબાર કરવામાં આવ્યાના કેસમાં નર્મદા પોલીસે વસાવા, તેમની પત્ની અને અન્ય લોકો સામે આઈપીસીની કલમ ૧૪૧, ૧૪૩, ૧૪૯, ૧૮૬, ૨૯૪, ૩૫૩ અને ૩૮૬ તેમજ આર્મ્સ એક્ટની કલમ ૨૫ હેઠળ કેસ નોંધ્યો હતો. ■

## થલતેજમાં માતા સાથે ટૂ-વ્હિલરમાં જતી કિશોરીનું ડમ્પરની ટક્કરથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરના થલતેજ વિસ્તારમાં અમદાવાદના થલતેજ વિસ્તારમાં સ્કૂલેથી છૂટીને માતા સાથે એક્ટિવા પર ઘરે જઈ રહેલી ૧૨ વર્ષીય બાળકી આરાધ્યા બારોટનું ડમ્પરની ટક્કરે કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની મળતી વિગતો અનુસાર વસ્ત્રાપુરની સ્કૂલમાં ભણતી આરાધ્યા માતા અને નાના ભાઈ સાથે ટુ-વ્હીલર પર ઘરે જઈ રહી હતી ત્યારે અચાનકથી આવેલા ડમ્પરે ટક્કર મારી હતી. આ ટક્કરમાં વાહન પડી ગયું હતું અને કિશોરીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે તેની સાથે રહેલા નાના ભાઈને પણ ઈજા થતા હૉસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં માતાને ઈજા થઈ ન હતી.

ઘટનાની જાણ થતાં જ એસ.જી. ૧ ટ્રાફિક પોલીસે બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો હતો અને ડમ્પરચાલકને પકડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અગાઉ પણ આ ડમ્પરચાલકે એક જીવલેણ અકસ્માત સર્જ્યો હતો. ■

# કિંજલ રબારીનાં પિયર સીનાડમાં ચુસ્ત બંદોબસ્ત, પોલીસકર્મી પર હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતી ગીતોની ગાયિકા કિંજલ રબારી રવિવારે પ્રથમ પતિ અશોક ચૌધરી સાથે ગઈ હોવાના તેનાં ખુલાસા બાદ તેનાં પિયરના ગામ રાધનપુરા-સિનાડ (પાટણ)માં માહોલ બગડ્યો હતો. તેનાં લગ્નનો વિવાદ ફરી ઊજાગર થતાં પોલીસે અહીં બંદોબસ્ત ગોઠવ્યો હતો. જોકે મળતા અહેવાલો અનુસાર અહીં પીએસઆઈ એચ.વી.ચૌધરી સહિતના પોલીસકર્મીઓ પર લગભગ ૫૦ જણાના ટોળાએ હુમલો કર્યો હતો.

મળતી વિગતો અનુસાર શ્રાવણ મહિનાનો સોમવાર અને એકાદશી હોવાથી લોકો લાખનેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા જતા હતા. દરમિયાન દેસાઈ સમાજના લોકોએ ચૌધરી સમાજના લોકોને મંદિર તરફ દર્શન કરવા જતા કથિત રીતે રોક્યા હતા. અહીં હાજર પોલીસ અધિકારીઓ, કર્મચારીઓએ શ્રદ્ધાળુઓને ન રોકવા અને દર્શન કરવા જવા દેવા માટે સમજાવ્યા હતા, પરંતુ તેઓ ન માનતા તેમણે પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો. જ્યારે સિંગરે અમદાવાદ પોલીસ કમિશનરને પત્ર લખ્યો હોવાની માહિતી પણ સૂત્રોએ આપી હતી. જેમાં પરિવારે બળજબરીથી મુકેશ દેસાઈ સાથે લગ્ન કરાવ્યા હોવાનું અને પતિ મુકેશ બળજબરી કરતો હોવાનો આક્ષેપ કર્યો હતો. મળતી માહિતી અનુસાર મહેસાણા વડવાળા છાત્રાલય ખાતે રબારી સમાજે એક બેઠક યોજી હતી અને જેમાં બન્ને જ્ઞાતિ સામ-સામે ન આવી જાય તેવી ચર્ચા થઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

કિંજલ રવિવારે ચાંદખેડાથી એક કારમાં બેસી ગઈ હતી. પહેલા તેનાં અપહરણના સમાચાર વહેતા થયા હતા, પરંતુ પછીથી તેણે વીડિયો ક્લિપ જાહેર કરી પોતે મરજીથી પ્રથમ પતિ અશોક ચૌધરી સાથે ગઈ હોવાનું જણાવ્યું હતું.■



શ્રદ્ધા સાથે પર્યાવરણ : ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા ''બાપ્પા માટીના, ઉત્સવ પર્યાવરણનો'' સંકલ્પ થકી ગણેશોત્સવ નિમિત્તે ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આજે ગાંધીનગર સ્થિત જીપીસીબી વડી કચેરી ખાતે આયોજિત વિશેષ સ્ટોલ અને વર્કશોપનું ઉદ્‌ઘાટન વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય પ્રધાન પ્રવીણ માળી પણ હાજર રહ્યા હતા.

## ગેરરીતિની ફરિયાદો બાદ મહેસૂલ વિભાગે બે અધિકારીને સસ્પેન્ડ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાત મહેસૂલ વિભાગે મહેસાણામાં જમીન રેકોર્ડના સુપરિટેન્ડન્ટ અને ભાવનગરમાં જમીન રેકોર્ડ ઈન્સ્પેક્ટર એમ બે અધિકારીઓને તેમની સંબંધિત કચેરીઓની કામગીરીમાં કથિત અનિયમિતતા અને ખામીઓની ફરિયાદો બાદ સસ્પેન્ડ કર્યા હતા, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓની ઓળખ મહેસાણામાં જમીન રેકોર્ડના સુપરિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા વર્ગ (૧) અધિકારી બિકિશા પટેલ અને ભાવનગર-પશ્ચિમમાં તૈનાત વર્ગ (૨) જમીન રેકોર્ડ ઈન્સ્પેક્ટર કે.એન. પંડ્યા તરીકે થઈ છે. મહેસૂલ વિભાગ દ્વારા અનુક્રમે ૬ અને ૫ સપ્ટેમ્બરના રોજ અલગ અલગ સસ્પેન્શન ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ પાસે મહેસૂલ વિભાગ પણ છે અને તેમના આદેશથી જ અધિકારીઓ સામે આ પગલાં લેવામાં આવ્યા છે. બન્ને અધિકારીઓને ગેરરીતિ અને ઓછી કાર્યક્ષમતા સહિતના અન્ય શિસ્તભંગના કારણોને કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# રિક્ષા-ટેક્સીની ચાર દિવસીય હડતાળને પહેલા દિવસે મિશ્ર પ્રતિસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ-આધારિત પરિવહન સેવાઓ સામે શહેરના હજારો ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો દ્વારા સોમવારથી ચાર દિવસની હડતાળ શરૂ થઈ હતી, પરંતુ શહેરમાં તેને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

અમદાવાદ રિક્ષા ચાલક એકતા અને અન્ય સંગઠનો દ્વારા રોજગાર બચાવો (આજીવિકા બચાવો) આંદોલનનું એલાન કરવામાં આવ્યું છે. સંગઠનની હડતર માંગણીઓ પૂરી ન થતી હોવાથી આંદોલન જાહેર કરવામાં આવ્યું હતું.

આ હડતાળ મધ્યરાત્રિએ શરૂ થઈ હતી અને ૧૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેવાની છે. યુનિયનોએ દાવો કર્યો હતો કે લગભગ ૩ લાખ રિક્ષા ચાલકો અને ૭૦,૦૦૦ ટેક્સી ચાલકો સંપૂર્ણ બંધમાં ભાગ લેશે. જોકે, ઘણા વિસ્તારોમાં રિક્ષા અને ટેક્સીઓ પેસેન્જર્સ લઈ જતી જોવા મળી હતી. જેના પરિણામે શહેરના કેટલાક ભાગોમાં પ્રમાણમાં નબળો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

ઈસનપુર, મણિનગર, ઈસ્કોન, કાલુપુર વગેરે વિસ્તારોમાં યુનિયનના સભ્યો અન્ય રિક્ષાચલાકોને પેસેન્જર લેવા માટે રોકતા હોવાના અહેવાલો મળ્યા હતા. આ કારણે ઘણા લોકોને નોકરી-ધંધે જવામાં તકલીફ પડી હતી. આને કારણે એએમટીએસ અને બીઆરટીએસ બસમાં મુસાફરોની ભીડ જોવા મળી હતી.

બપોર સુધીમાં રોજ કરતા લગભગ ૨૦,૦૦૦ કરતા વધારે મુસાફરોએ બસમાં મુસાફરી કરવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. રિક્ષા યુનિયનોએ આક્ષેપ કર્યો હતો કે એપ આધારિત ખાનગી કંપનીઓની અનિયંત્રિત નીતિ-નિયમોને કારણે ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોની આજીવિકા માટે ગંભીર ખતરો ઉભો થયો છે. તેમણે ટુ-વ્હીલર સેવાઓ પર પ્રતિબંધ અને એપ આધારિત રીક્ષા-ટેક્સી પર પણ સરકાર દ્વારા નર્ધિારિત નિયમો અનુસાર વાજબી ભાડા લાગુ કરવામાં આવે તેવી માગણી પણ કરી હતી.

૨૭ ઑગસ્ટે તેમણે ગાંધીનગર ખાતે ટ્રાન્સપોર્ટ કમિશનર સમક્ષ રજૂઆત કરી હતી, પરંતુ કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતા ચાર દિવસની હડતાળ જાહેર કરવામાં આવી હતી, તેમ યુનિયને જણાવ્યું હતું. ■

# વડોદરામાં માતા અને નાના બાળક પર ગાયનો હુમલો, સામાન્ય ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : રખડતા ઢોરની સમસ્યા લગભગ તમામ નાના-મોટા શહેરોમાં છે. વડોદરામાં ફરી એક ગાયએ માતા અને તેનાં નાના બાળક પર કરેલા હુમલાના સીસીટીવી ફૂટેજે આ સમસ્યાની ગંભીરતા વ્યક્ત કરી હતી.

વડોદરા શહેર નજીક આવેલા બાજવા ગામમાં એક રખડતી ગાયે અચાનક એક નાના બાળક પર હુમલો કર્યો હતો. આ ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

વીડિયો ફૂટેજમાં એક મહિલા તેનાં નાના દીકરા સાથે રસ્તા પર ચાલી રહી હતી, જે ટ્રાઈસિકલ ચલાવી રહ્યો છે. તે જ સમયે એક ગાય અચાનક બાળક તરફ ધસી આવી અને તેનાં પર હુમલો કરી દે છે. હુમલા બાદ બાળક જમીન પર પડી જાય છે જ્યારે ગાય પછીથી માતાને પણ ઈજા પહોંચાડે છે. જોકે અન્ય એક મહિલા મદદે આવતા માતા અને દીકરાને નાની મોટી ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

જોકે માત્ર રખડતા પ્રાણી નહીં પાલતું પ્રાણીઓના હુમલાના કિસ્સા પણ વધી રહ્યા છે. બે દિવસ અગાઉ અમદાવાદ જર્મન શેફર્ડ શ્વાને પડોશમાં રહેતી મહિલાને હાથમાં બચકાં ભરી લીધાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદી મહિલાના કહેવા અનુસાર ચાર મહિનામાં બીજીવાર શ્વાન તેને કરડ્યો હતો. ■

# સુરત નવી સિવિલમાં ૧૦૦મું સફળ અંગદાનઃ ખેતમજૂર પરિવારે ત્રણ વ્યક્તિને નવજીવન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ભારતમાં અને ગુજરાતમાં આજે પણ અંગદાન પ્રત્યે જોઈએ તેટલી જાગૃતિ નથી. શિક્ષિત પરિવારો પણ આ નર્ણિય લેતા નથી ત્યારે એક ખેતમજૂર પરિવારે પોતાના સ્વજનના મૃત્યુના વિલાપ વચ્ચે અંગદાનનો નર્ણિય લીધો હતો. જોગાનુજોગ સુરત સિવિલ હૉસ્પિટલનું આ ૧૦૦મું અંગદાન છે, જે પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે થયું હતું. નવસારી જિલ્લાના અંબાડા ગામના રહેવાસી અને ખેતમજૂર પરિવાર સાથે સંકળાયેલા ૫૬ વર્ષીય ભલાભાઈ છ્છાનભાઈ હળપતિના અવસાન બાદ તેમના પરિવારજનોએ અંગદાન માટે સંમતિ આપી સમાજને પ્રેરણા મળે તેવું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભલાભાઈ હળપતિ સુરત નવી સિવિલ હોસ્પિટલના ૧૦૦મા કેડેવર ડોનર બન્યા હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી.

દરમિયાન આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ સુરતની નવી સિવિલ હોસ્પિટલની મુલાકાત દરમિયાન કેડેવર અંગદાન કરનાર ભલાભાઈ છ્છાનભાઈ હળપતિના પરિવારજનો સાથે મુલાકાત કરી તેમની સંવેદનામાં સહભાગી બન્યા હતાં તેમજ અંગદાન માટે લેવામાં આવેલા તેમના નર્ણિયને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ ગણાવી બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પરિવાર દ્વારા લેવામાં આવેલો આ નર્ણિય અસંખ્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

મળતી વિગતો અનુસાર તેમના અંગદાનની મદદથી ૨ કિડની અને ૧ લિવર જરૂરિયાતમંદ દર્દીઓને પ્રત્યારોપણ કરી ત્રણ વ્યક્તિને નવજીવન આપવામાં આવ્યું છે. ■

# સુરત-અમદાવાદ કોર્ટમાં બોમ્બની ધમકી આપનારા નીકળ્યા આરોપી, કોર્ટમાં હાજર ન રહેવું પડે માટે ધમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : બે દિવસ પહેલા અમદાવાદ અને સુરતની કોર્ટમાં બોમ્બ હોવાનો ઈમેલ મળતા જ તંત્ર દોડતું થયું હતું અને પોલીસ સહિતની એજન્સીએ સઘન તપાસ કરી હતી. જોકે તે સમયે કંઈ જ શંકાસ્પદ મળ્યું ન હતું. ત્યારબાદ સાયબર સેલની ટીમે તપાસ કરી હતી અને ચેન્નઈથી ઈમેલ થયાનું જાણમાં આવ્યું હતું. આ માહિતી બાદ પોલીસની ટીમે બે જણને ચેન્નઈથી દબોચ્યા હતા, ત્યારે તેમની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓ એનડીપીએસ એક્ટ હેઠળ સુરતની લાજપોર જેલમાં હતા અને ૫મી સપ્ટેમ્બરે તેમાંથી એકની તારીખ હોવાથી તેમણે આ ખોટી ધમકી આપી હતી. મળતી વિગતો અનુસાર સાયબર ક્રાઈમની અલગ અલગ ટીમ ચેન્નાઈ પહોંચી હતી. ચેન્નઈ એટીએસની મદદથી ગીચ વિસ્તારમાં સર્ચ કર્યું ત્યારે હોટલમાંથી અશફાક અન્સારી અને રાજેશ મુનિયા નામના બે શખ્સ મળી આવ્યા હતા.

બન્નેને અમદાવાદ લાવી પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર સુરતની લાજપોર જેલમાં બંધ હતા. અશફાકે જામીન માટે પ્રયત્ન કર્યા હતા, પરંતુ જામીન મળ્યા નહોતા. ત્યારબાદ ૨૫મી નવેમ્બરે અશફાકને પેરોલ મળ્યા હતા. પેરોલ મળ્યા બાદ તે નાસી ગયો હતો. તેની ૫મી સપ્ટેમ્બરે મુદ્દત હતી. કોર્ટમાં આવવું ન પડે તે માટે તેણે બોમ્બ હોવાનો ઈમેલ મોકલ્યો હતો, જેથી કોર્ટ બંધ રહે અને બીજી મુદ્દત પડે. પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે. અગાઉ પણ અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ શહેરોમાં બોમ્બની ધમકીઓ ઈમેલ દ્વારા આપવામાં આવી છે. સ્કૂલો, કોર્ટ, સરકારી કચેરીઓમાં તેમ જ ગાંધીનગર સચિવાલયને પણ આ પ્રકારના ધમકીભર્યા ઈમેલ મળતા રહે છે. જોકે કોઈ શંકાસ્પદ સામગ્રી મળતી નથી, પરંતુ સ્થાનિક તંત્ર, પોલીસ, ડૉગ સ્કવોડ તમામે હાજર રહી તપાસ કરવી પડે છે અને લોકોમાં પણ ઉચાટ જોવા મળે છે. ■



શ્રાવણોત્સવઃ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પવિત્ર શ્રાવણ માસના દર રવિવારે ઐતિહાસિક વડનગરના શર્મિષ્ઠા તળાવના મુખ્ય ઘાટ પર વડનગર શ્રાવણોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ, સંગીત અને સંસ્કૃતિના સમન્વય સમાન આ મહોત્સવને પ્રવાસીઓનો ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો. છેલ્લા ચાર રવિવારે કુલ ૫૩,૫૧૫ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

પુણે દહીંહાંડી વિવાદ

# રીલ સ્ટાર રાધા પાટીલ સહિત ત્રણ સામે કેસ દાખલ

પુણેઃ આ વર્ષના દહીંહાંડી ઉત્સવમાં સિનેમાના કલાકારો કરતાં લાવણી કલાકારોનો જલવો જોવા મળ્યો હતો. મુંબઈમાં ગૌતમી પાટીલ અને પુણેમાં બિગ બોસ ફેમ અને રીલ સ્ટાર રાધા પાટીલે ધમાલ મચાવી દીધી હતી. જોકે, પુણેના કાર્યક્રમના વીડિયો વાઇરલ થયા બાદ, ડાન્સ દરમિયાન અશ્લીલ હાવભાવ કરવા બદલ રાધા પાટીલ સહિત આયોજકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. દહીંહાંડી કાર્યક્રમમાં પરફોર્મન્સ દરમિયાન અશ્લીલ નૃત્ય ન થાય તે માટે ભાગ લેનાર કલાકારો માટે 'થિયેટર પ્રયોગ નિરીક્ષણ બોર્ડ'નું પ્રમાણપત્ર રજૂ કરવાની શરત રાખવામાં આવી હતી. આ આદેશ મુજબ પ્રમાણપત્ર રજૂ ન કરવાને કારણે મંડળને કાર્યક્રમની મંજૂરી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. મંજૂરી નકારી હોવા છતાં કાર્યક્રમ યોજવા બદલ પ્રખ્યાત લાવણી નૃત્યાંગના રાધા પાટીલ સહિત મંડળના અધ્યક્ષ અને આયોજકો સામે પુણેની બિબેવાડી પોલીસે ગુનો નોંધ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન રાધા પાટીલના ડાન્સના વીડિયો ઇન્સ્ટાગ્રામ પર વાઇરલ થયા છે. જેમાં કેટલાક લોકોએ આ નૃત્યમાં અશ્લીલ હાવભાવ કર્યા હોવાનો આરોપ લગાવ્યો હતો અને સોશ્યલ મીડિયા પર એવી કમેન્ટ્સ પણ જોવા મળી રહી છે. તેમાં, હવે કાર્યક્રમ માટે જરૂરી પ્રમાણપત્ર ન લેવા બદલ રાધા પાટીલ સહિત આયોજકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. બિબેવાડી પોલીસ આ મામલાની વધુ તપાસ કરી રહી છે.




મિલ કામદારોને છેલ્લા એક વર્ષથી તેમના પગાર મળ્યા નથી, કે તેમને કોઈ ગેરંટી મળી નથી. આ માગણી માટે, બાકી પગાર તાત્કાલિક ચૂકવવામાં આવે અને કાનૂની લેણાં ચૂકવવામાં આવે, તેમજ ટાટા મિલ, પોદાર મિલ અને ઇન્દુ મિલ નં. ૫ ના મિલ કામદારોના વાજબી હકો માટે, રાષ્ટ્રીય મિલ મઝદૂર સંઘ, મુંબઈ વતી ઇન્ડિયા યુનાઇટેડ બિલ નં. ૫, અનંત ગણપત પવાર માર્ગ, મુંબઈ નં. ૪૦૦૦૨૭ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કામદારોના પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી આ પ્રતીકાત્મક ભૂખ હડતાળ ચાલુ રહેશે. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી પ્રતીકાત્મક ભૂખ હડતાળ ચાલી રહી છે. (અમય ખરાડે)

# સાવધાન મુંબઈગરાઓ!

## ક્લાઈમેટ ચેન્જથી દરિયો ગળી જશે અડધું શહેર? પાલિકાએ અને યુએનના ચોંકાવનારા રિપોર્ટ પર મોટો ખુલાસો

મુંબઈ : ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના ગંભીર પરિણામોનો સામનો કરી રહેલા મુંબઈ માટે ચિંતાજનક ચેતવણી સામે આવી છે. અરબી સમુદ્રની સતત વધી રહેલી જળસપાટીને કારણે સદીના અંત સુધીમાં મુંબઈનો મોટો ભાગ કાયમી ધોરણે સમુદ્રમાં ગરકાવ થઈ જવાની દહેશત વ્યક્ત કરવામાં આવી છે.

આ ગંભીર ખતરાને ધ્યાનમાં રાખીને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અર્થાત જ પાલિકાએ શહેરના ૧૪૯ કિલોમીટર લાંબા દરિયાકાંઠાનું નવેસરથી જોખમ મૂલ્યાંકન કરવાનું કાર્ય શરૂ કર્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં પાલિકા દ્વારા હાથ ધરાયેલો આ પ્રકારનો બીજો મોટો અભ્યાસ છે, જેનો વિસ્તૃત અહેવાલ આગામી વર્ષે પ્રસિદ્ધ કરાશે.

મુંબઈના દરિયાકિનારે વસતા ૧.૪ કરોડથી વધુ નાગરિકો માટે પૂર અને જળભરાવનું જોખમ રહેલું છે. પાલિકા સંવેદનશીલ દરિયાકાંઠાના વિસ્તારો અને પૂરગ્રસ્ત વસાહતોના વિગતવાર નકશા તૈયાર કરી રહી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં દરિયાકાંઠે થયેલાં બાંધકામો, મેન્ગ્રોવ્ઝની સ્થિતિ અને જમીનના વપરાશમાં આવેલા બદલાવનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. મહાપાલિકાના સિનિયર અધિકારીના જણાવ્યા મુજબ, પશ્ચિમ કિનારે 'કોસ્ટલ રોડ' પ્રોજેક્ટ માટે ૧૦૦ હેક્ટરથી વધુ સમુદ્રી જમીનનું રિક્લેમેશન કરવામાં આવ્યું છે. પૂર્વ વિસ્તારમાં ડેવલપમેન્ટ માટે સોલ્ટ પેન (મીઠાના અગરો)ની જમીન અનામત રખાઈ છે. ભૂગોળમાં થયેલા આ મોટા ફેરફારોને કારણે નવો ઈમ્પેક્ટ સ્ટડી અનિવાર્ય બન્યો છે.

વર્ષ ૨૦૨૨ના 'મુંબઈ ક્લાઇમેટ એક્શન પ્લાન' અનુસાર, વધતી જતી ગરમી અને દરિયાઈ સપાટીને પગલે ૨૦૫૦ સુધીમાં દક્ષિણ મુંબઈ (આઇલેન્ડ સિટી)નો ૮૦ ટકા હિસ્સો ડૂબવાની આશંકા વ્યક્ત કરાઈ હતી.

સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક જળસપાટીમાં ૫.૯ મીમીનો વધારો નોંધાયો છે. જો એન્ટાર્કટિકાના બરફના થર ઝડપથી પીગળશે તો સદીના અંત સુધીમાં દરિયાઈ સ્તર ૦.૫ મીટરથી લઈને બે મીટર સુધી વધી શકે છે, જેનાથી મોટા પાયે સ્થળાંતરની નોબત આવી શકે છે.

# માત્ર જળ સંરક્ષણ પૂરતું નથી, તેનો વિવેકપૂર્ણ ઉપયોગ પણ જરૂરી : પદ્મશ્રી પુરસ્કાર વિજેતા

લાતુરઃ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં સાત ગામોમાં હાથ ધરવામાં આવેલી જળ સંરક્ષણની પહેલ રાજ્યના અન્ય ભાગો માટે એક સંભવિત મૉડેલ તરીકે ઊભરી રહી છે, તેમ પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અને સમાજસેવક પોપટરાવ પવારે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે જળ સંરક્ષણની સાથે સાથે પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ પણ અનિવાર્ય છે.

'જલ સમૃદ્ધ ઔસા' અભિયાન હેઠળના જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યા બાદ કવાલી ખાતે ગ્રામજનો સાથે વાતચીત કરતા, પવારે ખેડૂતોને વધુ પાણીની જરૂરિયાતવાળા પાક ઉગાડવા અને આડેધડ બોરવેલ ખોદવા સામે ચેતવણી આપી હતી. ''જળ સંરક્ષણ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રે ૩૫ વર્ષ સુધી કામ કર્યા પછી મને સમજાયું છે કે ભવિષ્યમાં પાણી એ સૌથી મોટા પડકારોમાંનો એક હશે. માત્ર પાણીને રોકવું અને ભૂગર્ભ જળનું પુનઃભરણ કરવું પૂરતું નથી; ઉપલબ્ધ પાણીનો કાળજીપૂર્વક ઉપયોગ થવો જોઈએ. ટકાઉ વિકાસનો આ જ સાચો માર્ગ છે,'' એમ તેમણે કહ્યું.

તેમણે નોંધ્યું કે તાંબરવાડી, ફત્તેપુર, કવાલી, દવતપુર, હિપ્પારગા, મહાદેવવાડી અને પરધેવાડી ગામોમાં લગભગ ૧૦ કિલોમીટર સુધીના નાળાં ઊંડા કરવા અને પહોળા કરવાના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે, અને આ પહેલને અન્યત્ર પણ અમલમાં મુકવી જોઈએ.

# સોયાબીનના ખેડૂતોને વરસાદના અભાવે મુશ્કેલીમાં વળતર મળવું જોઈએઃ શિવસેના સંસદસભ્ય

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લામાં સોયાબીનના ખેડૂતો વરસાદના અભાવે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે એમ શિવસેનાના સંસદ સભ્ય ઓમપ્રકાશ રાજે નિંબાળકરએ જણાવ્યું હતું.

રવિવારે ધારાશિવની મુલાકાત લેનારા નિંબાળકરએ જણાવ્યું હતું કે ખેડૂતોને સોયાબીનના પાક માટે પ્રતિ એકર આશરે રૂ. ૨૫-૩૦ હજાર ખર્ચ કરવા પડે છે પરંતુ દુષ્કાળના કારણે ઉત્પાદન ખર્ચ વસૂલ કરી શકવાનો કોઈ રસ્તો નથી.ધારાશિવ જિલ્લામાં બધે જ પરિસ્થિતિ સરખી છે. છેલ્લા ૩૦-૩૫ દિવસથી વરસાદ પડ્યો નથી. જો હવે વરસાદ પડે તો પણ ખેડૂતો પાસે કંઈ બચશે નહીં. બેંક કર્મચારીઓ અને શાહુકારોને વસૂલાત માટે આ પાક પર સંપૂર્ણપણે નિર્ભર ખેડૂતો અને પરિવારો પર ટાંપીને બેઠા છે.

પાક વીમાનો લાભ મેળવવા માટે ઓછો પાક લેવો એ એકમાત્ર યોગ્યતા છે એમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે જો ૨૧ દિવસ સુધી વરસાદ ન પડે, અથવા (એક દિવસમાં) ૬૩ મિમી કે તેથી વધુ વરસાદ પડે તો એ કારણ આપી ખેડૂતો વીમાની માગણી કરી શકતા હતા. હું સરકારમાં છું, પણ મેં ખેડૂતો વિશે મારું વલણ બદલ્યો નથી. રાજ્ય સરકારે અસરગ્રસ્ત ખેડૂતોને નાણાકીય સહાય આપવી જોઈએ.

# મરાઠવાડાનાં જળાશયોમાં પાણીનો સંગ્રહ ઘટ્યોઃ વહીવટીતંત્ર દ્વારા પીવાનાં પાણીને પ્રાથમિકતા

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં ઓછા જળસંગ્રહવાળા સિંચાઈના પાણીને પીવાના પાણી પુરવઠા માટે અનામત રાખવામાં આવશે.

૧ જૂનથી આ વિસ્તારના આઠ જિલ્લાઓમાં સામાન્ય ૫૫૨.૨ મિમીની સરખામણીએ ૩૮૮.૩ મિમી વરસાદ નોંધાયો છે, જે ૨૯.૭ ટકાની ઘટ દર્શાવે છે. સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં માત્ર ૫.૨ મિમી વરસાદ પડ્યો છે, જે અપેક્ષિત ૩૮.૭ મિમીના માત્ર ૧૪ ટકા જેટલો જ છે. સત્તાવાર આંકડા મુજબ, લાતુર અને પરભણી જિલ્લામાં વરસાદ સામાન્ય કરતાં ૬૦ ટકાથી ઓછો અનુક્રમે ૫૭.૩ ટકા અને ૫૪.૬ ટકા નોંધાયો છે. જેથી વહીવટીતંત્રે આ ક્ષેત્રની સિંચાઈ યોજનાઓમાં ઉપલબ્ધ પાણીનું વ્યવસ્થાપન કરવાનું શરૂ કર્યું છે.

''ઉપલબ્ધ જળ સંસાધનો સંપૂર્ણપણે પીવાના પાણીના હેતુ માટે અનામત રાખવામાં આવશે અને આગામી રવી સીઝન માટે કોઈ આયોજન કરવામાં આવશે નહીં. અમે સપ્ટેમ્બર પછી આગામી સીઝનના આયોજન અંગે નિર્ણય લઈશું,'' તેમ વિભાગીય કમિશનર જી. શ્રીકાંતે પત્રકારોને જણાવ્યું હતું. ''મંજરા અને મખની જેવા ઓછી સંગ્રહક્ષમતા ધરાવતા ડેમોનું પાણી હવે માત્ર પીવાના હેતુ માટે અનામત રાખવામાં આવ્યું છે,'' તેમ તેમણે ઉમેર્યું.

અધિકારીએ જણાવ્યું હતું કે આ જળસ્ત્રોતોની આસપાસ પેટ્રોલિંગ ટુકડીઓ તહેનાત કરવામાં આવી છે અને ગેરકાયદે રીતે પાણી ખેંચવા માટે વપરાતા પંપ જપ્ત કરવામાં આવશે.

મરાઠવાડા વિસ્તારમાં ૧૧ મુખ્ય સિંચાઈ યોજનાઓ આવેલી છે. વિભાગીય કમિશનરની કચેરીના અહેવાલ મુજબ, આ વર્ષે તેમનો સંયુક્ત જળ સંગ્રહ ૧૨૩.૩૨ ટીએમસી (કુલ ક્ષમતાના ૬૭.૭૩ ટકા) છે; તેની સરખામણીએ ગયા વર્ષે આ જ દિવસે તે ૧૭૬.૩૦ ટીએમસી (અથવા ૯૬.૮૨ ટકા) હતો.

# છ વર્ષ યરવડા જેલમાં રહ્યો, છતાં મરાઠી ન શીખ્યોઃ સંજય દત્તના નિવેદનથી રાજકારણ ગરમાયું

## ભાજપના નેતાએ ઉઠાવ્યા સવાલ

મુંબઈઃ બોલિવૂડના અભિનેતા સંજય દત્ત ફરી એકવાર પોતાના રમૂજી અંદાજને કારણે ચર્ચામાં આવ્યા છે. મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક સાથે સ્ટેજ શેર કરતી વખતે સંજય દત્તને મરાઠીમાં બોલવા માટે કહેવામાં આવ્યું હતું. તેના જવાબમાં અભિનેતાએ યરવડા જેલમાં વિતાવેલા સમયનો ઉલ્લેખ કરતાં એવો જવાબ આપ્યો હતો કે કાર્યક્રમમાં હાજર લોકો હસી પડ્યા. જોકે, હવે આ જ નિવેદનને લઈને સોશ્યલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા કાર્યક્રમના વીડિયોમાં સંજય દત્ત અને પ્રતાપ સરનાઈક એકસાથે સ્ટેજ પર જોવા મળે છે. કાર્યક્રમ દરમિયાન મરાઠી ભાષા અંગે વાત કરતાં પ્રતાપ સરનાઈકે કહ્યું હતું કે હાલમાં તેઓ લોકોને મરાઠી શીખવી રહ્યા છે. સરનાઈકનું આ નિવેદન તેમના વિભાગ સાથે જોડાયેલા તાજેતરના નિર્ણયના સંદર્ભમાં હતું. મુંબઈમાં ઓટો-રિક્ષા ચલાવનારાઓ માટે કામ ચાલુ રાખવા માટે કેટલીક જરૂરી મરાઠી વાક્યોની સમજને મહત્ત્વ આપવામાં આવી રહી છે. આ નિર્ણયને લઈને અગાઉથી જ વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે.

આ જ વાતચીત દરમિયાન પ્રતાપ સરનાઈકે સંજય દત્તને પણ મરાઠીમાં બોલવા માટે કહ્યું. તેમણે મજાકિયા અંદાજમાં કહ્યું કે સંજય દત્ત હિન્દીમાં બોલે છે, પરંતુ અહીં હાજર લોકો તેમની વાત સમજી શકે છે. મંત્રીની વાત સાંભળીને કાર્યક્રમમાં હળવું હાસ્ય ફેલાયું હતું. પ્રતાપ સરનાઈકના આગ્રહ બાદ સંજય દત્તે માઇક સંભાળ્યો અને પોતાના જાણીતા બેફામ અંદાજમાં જવાબ આપ્યો. તેમણે કહ્યું કે તેઓ છ વર્ષ યેરવડા જેલમાં રહ્યા હતા, પરંતુ ત્યાં રહીને પણ મરાઠી સંપૂર્ણપણે શીખી શક્યા નહોતા. સંજય દત્તે સાથે એ પણ સ્વીકાર્યું કે તેમણે થોડું ઘણું મરાઠી જરૂર શીખ્યું હતું. અભિનેતાનો આ જવાબ સાંભળીને સ્ટેજ પર હાજર લોકોની પ્રતિક્રિયા જોવા મળી હતી અને વાતાવરણ હળવું બન્યું હતું.આ દરમિયાન સંજય દત્તે પ્રતાપ સરનાઈક સાથેના પોતાના જૂના સંબંધનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કાર્યક્રમમાં આમંત્રણ આપવા બદલ સરનાઈકનો આભાર માન્યો અને જણાવ્યું કે બંનેની મિત્રતા લગભગ ૨૫ વર્ષ જૂની છે. સંજય દત્તે સરનાઈકને પોતાનો જૂનો મિત્ર અને ભાઈ પણ ગણાવ્યો. સંજય દત્તનો આ વીડિયો સોશ્યલ મીડિયા પર સામે આવ્યા બાદ લોકોની અલગ-અલગ પ્રતિક્રિયાઓ પણ જોવા મળી રહી છે. કેટલાક લોકોએ અભિનેતાના રમૂજી જવાબની પ્રશંસા કરી અને કહ્યું કે તેમણે ગંભીર પ્રશ્નને પણ પોતાના અંદાજમાં હળવો બનાવી દીધો. કેટલાક યુઝર્સે તેમના બેફામ અને મજાકિયા સ્વભાવને પણ પસંદ કર્યો. જોકે, બીજી તરફ કેટલાક લોકોએ આ મુદ્દે સવાલો ઉઠાવ્યા છે. સોશિયલ મીડિયા પર એવી દલીલ કરવામાં આવી રહી છે કે જો કોઈ સામાન્ય ઓટો-રિક્ષા ચાલક મરાઠી ભાષાને લગતી શરતો અંગે આવો જ જવાબ આપે, તો શું તેની સાથે પણ આટલી જ સહજતા રાખવામાં આવશે?

આ કારણે સંજય દત્તનું નિવેદન હવે માત્ર એક રમૂજી પ્રસંગ પૂરતું મર્યાદિત રહ્યું નથી અને તે ભાષાના નિયમો તથા સામાન્ય લોકો પર તેની અસર અંગેની ચર્ચા સાથે જોડાઈ ગયું છે. કેટલાક સોશ્યલ મીડિયા યુઝર્સે સંજય દત્તના મહારાષ્ટ્ર સાથેના લાંબા સંબંધને ધ્યાનમાં રાખીને પણ સવાલો કર્યા છે.

# અમૃતા ફડણવીસના કાર્યક્રમમાં વીઆઈપી ટ્રાફિક બ્લોક

## મહિલાએ હાથ જોડીને રસ્તો આપવા કરી અપીલ, ''મારા ઘરમાં ઈમર્જન્સી છે, મને જવા દો...''

મુંબઈઃ અમૃતા ફડણવીસના કાર્યક્રમ દરમિયાન મુંબઈમાં ટ્રાફિક રોકાતા એક મહિલાએ હાથ જોડીને રસ્તો ખોલવાની આજીજી કરી હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનાં પત્ની અમૃતા ફડણવીસ 'ક્વીન્સ ડ્રાઈવ ક્લબ ૬.૦ સુપરકાર રેલી'ને લીલી ઝંડી આપવા મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા હતા. કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમને કારણે રસ્તા પર ટ્રાફિક રોકવામાં આવ્યો હતો.

વીડિયોમાં સફેદ ટી-શર્ટ અને બ્લેક ટ્રાઉઝરમાં એક આધેડ વયની મહિલા મીડિયાકર્મીઓની સામે આવીને રડતી અને હાથ જોડતી જોવા મળી હતી. મહિલાએ કહ્યું, ગાઈઝ, મને ઈમરજન્સી છે. મારા ઘરમાં ઈમરજન્સી છે. મારી કાર ફસાઈ ગઈ છે. કૃપા કરીને મને જવા દો. તેણે દાવો કર્યો કે તે છેલ્લા દોઢ કલાકથી ટ્રાફિકમાં ફસાયેલી છે અને હવે વધુ રાહ જોઈ શકે તેમ નથી. મહિલાએ વારંવાર રસ્તો આપવા માટે વિનંતી કરી હતી.

જ્યારે તેને ત્યાંથી હટી જવા માટે કહેવામાં આવ્યું ત્યારે મહિલાએ હાથ જોડીને માફી માગી અને કહ્યું, પ્લીઝ, પ્લીઝ... હું હાથ જોડું છું, મારી કારને રસ્તો આપો. આ દરમિયાન તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. મહિલાએ પોતાની સ્થિતિને જીવન-મરણનો સવાલ ગણાવીને તેને તાત્કાલિક ત્યાંથી જવા દેવા વિનંતી કરી હતી. જોકે સુરક્ષાકર્મીઓ તેને પાછળ લઈ ગયા અને તેને રસ્તો મળ્યો નહોતો. આ સમગ્ર ઘટનામાં અમૃતા ફડણવીસે કોઈ પ્રતિક્રિયા આપી ન હોવાનો દાવો વીડિયોમાં કરવામાં આવ્યો છે. આ મુદ્દે સોશ્યલ મીડિયા પર તેમની ટીકા પણ થઈ રહી છે. કેટલાક યુઝર્સે મહિલાની હાલત જોઈને ટ્ઈડ મૂવમેન્ટ દરમિયાન ટ્રાફિક રોકવા સામે સવાલો ઉઠાવ્યા હતા. એક યુઝરે ટિપ્પણી કરી કે ટ્ઈડ મુવમેન્ટમાં ટ્રાફિક બ્લોક થવાના કારણે સામાન્ય લોકોને મુશ્કેલી પડે છે અને કોઈની જિંદગી-મોતની સ્થિતિ હોય તો પણ તેની પર ધ્યાન અપાતું નથી. કાર્યક્રમમાં અમૃતા ફડણવીસે કૉંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર પણ નિશાન સાધ્યું હતું.

## હિન્દુ મરણ

કચ્છ (ગામ રાયધણજર)ના વતની તથા હાલ કાલિના, મુંબઇ ગીતાબેન મહેશભાઇ નાકર (ઉં. વ. ૫૯) તા. ૫-૯-૨૬ શનિવારના અવસાન થયેલ છે. તે સ્વ. મહેશભાઇ નાકરના ધર્મપત્ની. સ્વ. ભાગ્યરથીબેન ચુનીલાલ નાકર તથા સ્વ. ધનબાઇ નાકરના પુત્રવધૂ. અજય મહેશ નાકર તથા અમિત મહેશ નાકરના માતુશ્રી. આશા અજય નાકર તથા તૃપ્તિ અમિત નાકરના સાસુમા. હ્યાંશના દાદી. ગૌરીબેન જયંતીલાલ ભટ્ટના સુપુત્રી. બન્ને પક્ષની શ્રદ્ધાંજલિ સભા ઠે. બ્રાહ્મણ સમાજ હોલ, ત્રીજો માળ, જોશી લેન, રામજી આશર સ્કૂલની સામે, ઘાટકોપર (પૂર્વ), સાંજે ૫થી ૭, તા. ૮-૯-૨૬ મંગળવારના.

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરીબેન અને સ્વ. તુલસીદાસ નારાણજી નૈન સોમૈયા ગામ અંજાર કચ્છ હાલ નાશીકની સુપુત્રી હિનાબેન હર્ષદ પોપટ (ઉં. વ. ૬૭) તે હર્ષદ હરીરામ પોપટના ધર્મપત્ની તા. ૬-૯-૨૬ રવિવારના રામશરણ પામેલ છે. તે અનુપના માતુશ્રી. દિપાલીબેનના સાસુ. નૂતનબેન, નીરુબેન, પ્રવીણભાઇ, પ્રમોદભાઇ, પ્રજ્ઞાબેનના બહેન. મહેન્દ્ર, ઘનશ્યામ, સ્વ. યોગેશ, કોકી ગણાત્રાના ભાભી. પ્રાર્થનાસભા તા. ૯-૯-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. કાલીદાસ મેરેજ હોલ, કાલીદાસ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

હાથલાવાલા (હાલ કાંદિવલી) સ્વ. કાંતિલાલ વસનજી શાહના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૪) તા. ૬-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે વેરાડવાળા સ્વ. ઝવેરચંદ રામજી શાહના સુપુત્રી. સ્વ. વસનજી રવજી શાહના પુત્રવધૂ. સ્વ. ભાવના નટવરલાલ, નયના અતુલભાઇ, જયોતિ (હીના) રાજેશભાઇ, મીના (કેતકી) કેતનભાઇ, કવિતા અલ્કેશભાઇના માતુશ્રી. તે પરાગ-પ્રણાલી,મેહુલ-શ્રીયા, સૌમિલ-ફોરમ, બિરાજ, પાર્થ, માનસી, બીજલના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

સ્વ. રેણુકાબેન (ઉં. વ.૯૪), હાલ, પુના તે સ્વ. તુલસીદાસ સુરજી ઠક્કરના ધર્મપત્ની. ગં.સ્વ. કલાબેન કિશોરભાઈ ટોપરાણીના ભાભી. સ્વ. જયાબેન અને સ્વ. ડુંગરસિંહ કરશનદાસ આશરના પુત્રી. મહેશ ઠક્કરના માતુશ્રી. ઉષાના સાસુ. નિમિષાના દાદી સાસુ. તા.૭.૦૯.૨૬ ના રોજ, પુના મધ્યે શ્રીજી ચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોભાવા, મોઢ વણિક**

નંદુરબાર નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. તારાબેન તથા મંગલદાસ નાગરદાસ મેહતાના સૂપુત્ર દીપેશ મેહતા, (ઉં. વ. ૫૯) તા. ૫/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નીતાના પતિ. ઉન્નતિના પિતા. જયેશ તથા હિનાના ભાઈ. સાસરાપક્ષે બોટાદવાળા સ્વ. કોકિલાબેન તથા સ્વ. વસંતરાય પ્રભુદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

મહુવાવાળા હાલ કાંદિવલી, જ્યોતિબેન તથા સ્વ જયપ્રકાશભાઈ સાગરના પુત્ર વિજયભાઈ (પિન્ટુભાઈ) (ઉં. વ. ૫૦) ૫/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. પ્રથમના પિતા. પરિન્દ્રના મોટાભાઈ. મનુભાઈ ભોગીલાલ ભાવસારના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સાદડી પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બાબરા નિવાસી હાલ કાંદિવલી, અ.સૌ.વર્ષાબેન (વસુબેન) કૃષ્ણકાંત મલકાણ (ઉં. વ. ૭૫) શનિવાર તા. ૫/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ફાલ્ગુની, વિશાલ તથા સ્વ જતીનના માતા. સ્વ. ચંપાબેન શાંતિલાલના સુપુત્રી. સ્વ. મણીબેન દીપચંદ મલકાણના પુત્રવધૂ. હિરાભાઇ, નવનીતભાઈ, સ્વ. કમળાબેન મંગળદાસ, સ્વ. સવિતાબેન જયંતીલાલ, ગં. સ્વ. શારદાબેન ધીરજલાલ, સ્વ. રમાબેન મુકેશભાઈના ભાભી. સ્વ. મનસુખભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. સુરેશભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. દિનેશભાઈ, વિનોદભાઈ, અશોકભાઈ તથા હંસાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલહવાળા હાલ મુંબઈ, સ્વ. રમેશચંદ્ર અમૃતલાલ પારેખના ધર્મપત્ની ઇન્દુમતી પારેખ (ઉં. વ. ૮૭) બુધવારે તા. ૨-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. એ. પંકજ, હેમંત, આશા નિખિલ કચેરીયાના માતૃશ્રી. અ.સૌ. જાગૃતિ, અ.સૌ. નીતાના સાસુ. ધારા, ડોલી, રિધ્ધી, રોહન, કેવિનના દાદી. ચિરાગ, આલિશાના નાની. પિયરપક્ષે નાગેશ્રીવાળા ચકુભાઈ નાનજી મેહતાની દીકરી.

**હાલાઈ ભાટીયા**

ગં. સ્વ. કુમુદબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. ગોરધનદાસ માધવદાસ કાપડીયાના ધર્મપત્ની. ધીરેન, મનોજ, દિપકના માતૃશ્રી. અ.સૌ.ભારતી, અ.સૌ.ચેતનાના સાસુ. સાહિલના દાદી. દિનેશભાઈ, અશ્વિનભાઈ, સરોજબેન, ચંદાબેન, દમયંતીબેન, ચંપાબેનના બેન. તા. ૫/૯/૨૬ના શ્રીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ હડિયાણાં હાલ થાણા, ભારતીબેન (ઉં. વ. ૭૧) રવિવાર તા. ૬/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભગવાનદાસ માણેકના પત્ની. સ્વ. મણીબેન તથા સ્વ. મનજી ભવાન માણેકના પુત્રવધૂ. નેહા નિલેશ ઠક્કર, રચના અમીત ઠક્કર (ફાફડિયા), કૃતિ શ્રીજીત શ્રીનિવાસનના માતુશ્રી. સરલા અજીત સવજાણીના ભાભી. સ્વ. ચંપાબેન હરિદાસ વલ્લભદાસ બુદ્ધદેવની પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૮/૯/૨૬ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણે વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગં. સ્વ. આશાબેન રાચ્છ (ઉ.વ.૮૨) તે સ્વ. જગદીશચંદ્ર હરિલાલ રાચ્છના ધર્મપત્ની. વિપુલ, દિવ્યેશ, અનીષા ભવ્યકુમાર મહેતાના માતુશ્રી. શીતલ તથા કરિશ્માના સાસુમા. સ્વ. વાલીબેન વિઠ્ઠલદાસ સોમૈયાના સુપુત્રી. દર્શ,

## પારસી મરણ

સીલ્લુ ધનજીશા કોન્ટ્રેક્ટર તે મરહુમો ધનજીશા તથા મેહેરબાઇ કોન્ટ્રેક્ટરના દીકરી.(ઉં. વ. ૮૧) રે. ઠે. મુલતાની બિલ્ડિંગ નંબર-૨૧, ત્રીજે માળે, ખંબાતા લેન, મહાવીર હૉટેલની સામે, ખેતવાડી, મુંબઇ-૪૦૦૦૦૪.

સાયરસ દારા કોન્ટ્રેકટર તે લીલી સી. કોન્ટ્રેક્ટરના ખાવીંદ. તે મરહુમો ખોરશેદ તથા દારા કોન્ટ્રેક્ટરના દીકરા. તે શાઝમન, વીસ્તાસ્પ અને પીનાઝના બાવાજી. તે પલ એસ. કોન્ટ્રેક્ટરના સસરાજી. તે ફિરોઝ, હોશંગ, હુતોક્ષી વાડીયા, રોહીન્ટન તથા મરહુમો આબાન મહુડાવાલાના ભાઇ. તે મરહુમો મેહરૂ તથા સોલી ઉદવાડયાના જમાઇ. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૨૦૩, ત્રીશન્ધયા એપાર્ટમેન્ટ, દાદાસાહેબ રોડ, સીલ્વર ઇન હોટલની પાછળ, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૯-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ વાગે ડુંગરવાડી હોડીવાળાની બંગલીમાં કરવામાં આવશેજી.

## જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ખેતરવસી શામળાજીની શેરી હાલ બોરીવલી, પ્રદીપભાઈ હિંમતલાલ શાહના ધર્મપત્ની ઉષાબેન (ઉં. વ. ૭૯) ૪/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિલેશ, સેજલ તથા મોનાના માતુશ્રી. હેમા, આશિષકુમાર તથા આશિષકુમારના સાસુ. સ્વ. સુરેશભાઈ, સ્વ. સુકેતુભાઇ, સ્વ. રમીલાબેન, સ્વ. નીરુબેન તથા મીનાક્ષીબેનના ભાભી. પિયરપક્ષે નેમચંદ પટવાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૪૮, રાજાવડી ચાલ, જાંબલી ગલી બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા.જૈન**

થાનગઢ નિવાસી, હાલ કલકતા, સ્વ. કંચનબેન છબીલદાસ શાહના સુપુત્ર રમેશભાઈ છબીલદાસ શાહ (ઉં. વ. ૭૭) તે નૂતનબેનના પતિ. હિરલ, નિધિ, અવનીના પિતા. વિનયભાઈ, પ્રદીપભાઈ, કિરીટભાઇ, પરેશભાઈ, ભારતીબેન પારેખના ભાઈ. મનુભાઈ મેઘાણીના જમાઈ. શુક્રવાર તા. ૪.૯.૨૬ના રોજ અરિહંતશરણ થયેલ છે. લૌકિક વહેવાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

નાની ખાખરના રેવંતીબેન પ્રવિણ શાહ (ઉં. વ. ૭૨) તા. ૫-૯-૨૬ના અવસાન પામ્યા છે. વેલબાઈ રામજી લાલજીના પુત્રવધૂ. પ્રવિણના પત્ની. ઉર્વીના માતુશ્રી. તલવાણા મોંઘીબેન ખીમજી રણશી પોલડીયાના પુત્રી. અરવિંદ, મણીબેન, કાંડાગરા લક્ષ્મીબેન નાગજી, ભુજપુર મંજુલા કુમુદકાંતના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણ શાહ : બી-૩૦૧, કલિકા એપાર્ટમેન્ટ, નાહુર વિલેજ રોડ, મુલુંડ (વે.) મુંબઈ.

ગોધરાના વિશનજી રાયશી રાંભિયા (ઉં. વ. ૮૬) તા. ૫-૯-૨૬ ના દેહપરિવર્તન કરેલ છે માતુશ્રી ધનબાઈ રાયશી માંઈઆના પુત્ર, ડુમરાના માતુશ્રી રતનબેન વાલજી ગોવિંદજી મારૂ (આદોની)ના જમાઈ. નવલબેનના પતિ, ભાવેશ, કિરણ, મનિષના પિતાશ્રી. પ્રેમજી, મેઘજી (મગન), આણંદજીના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી, ત્વચા દાન કરેલ છે. ઠેકાણુ : નવલબેન વિશનજી રાંભિયા, લેન્ડમાર્ક ટાવર, એ વિંગ, ફ્લેટ નં ૯૦૩, વડાલા ટેલીફોન એકસચેંજની સામે, જી. ડી. આંબેકર માર્ગ, દાદર (ઈ), મુંબઈ.

તલવાણાના દિપક દામજી દેઢિયા (ઉં. વ. ૫૫) તા. ૬-૯-૨૬ના અવસાન પામેલ છે. સુશીલાબેન દામજીના પુત્ર. વિજેતાના પતિ, કેતનના ભાઈ. મીના હરીશ અરોરા ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક દામજી દેઢિયા, એ-૭૦૨ શ્રી કૃષ્ણા ગાર્ડન એક્સેલન્સી, એમ.આઇ.ડી.સી. રોડ, મીરા રોડ (પૂર્વ) મુંબઇ.

આર્ય, શૌર્ય, દિયા અને દૈવીના દાદી. સ્વ. રેવાબેન ગિરધરલાલ મીરાણી, સ્વ. લીલાધરભાઈ, સ્વ.મનસુખભાઈ સોમૈયાના બેન. સોમવાર તા. ૭-૯-૨૬ના દિને શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૮.૯.૨૬ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. ગુંડેચા ગાર્ડન કોમ્યુનિટી હોલ, ગેસ કંપની લેન, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨. લૌકિક વહેવાર બંધ છે .

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર નિવાસી, હાલ નાસિક, સ્વ. પાર્વતીબેન પુરુષોત્તમ શામજી ઠક્કરના સુપુત્ર શ્રી કિશોરભાઈ ઠક્કર (ઉં. વ. ૮૭) તા. ૦૬/૦૯/૨૬ના વૈકુંઠગમન થયેલ છે. મધુબેનના પતિ. સંજય (રાજાભાઈ), નીતા અને આરતીના પિતાશ્રી. રૂપા, ઉમેશ અને દીપકના સસરા. જયશ્રી (રાજુબેન) નેણસી રૂપારેલ, સ્વ. જયસિંગભાઈ, સ્વ. સુધીરભાઈના મોટાભાઈ. બંને પક્ષની લૌકિક પ્રાર્થનાસભા તા. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના મંગળવાર સમય ૪:૦૦ થી ૫:૩૦. સ્થળઃ શ્રી જલારામ ભુવન, કેવડીવન, ડેન્ટલ કોલેજ પાસે, નાસિક.

**કપોળ**

ચલાલાવાળા સ્વ. ભીખાલાલ ચતુર્ભજ દોશીના ધર્મપત્ની કુમુદબેન (ઉં. વ. ૮૫) તા. ૬/૯/૨૬ના કાંદિવલી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે આરતી, અલકા, દર્શના અને અંબરીશના માતુશ્રી. સ્વ. અશ્વિન નંદલાલ, કેતન જગમોહનદાસ, સ્વ. હિમાંશુ પ્રતાપભાઈ અને ફાલ્ગુની અંબરીશના સાસુ. ભેરાઇવાળા ભાનુબેન શામળદાસ રણછોડદાસ ગોરડિયાની સુપુત્રી. ઋતુ અને હેમાક્ષીના દાદી. ચક્ષુદાન, ત્વચાદાન અને દેહદાન કરેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લુહાર જ્ઞાતિ**

દેવયાની ભદ્રેશ પાંચાલ તે સોહિલ અને પ્રાચીના માતુશ્રી. મયુરી અને પ્રેમલના સાસુમા, ખુશી, અમાયરાના દાદી-નાની, ચંદ્રિકાબેન, વિનોદભાઈ અને સંજયભાઈના બહેન. બકુલાબેન, ઉર્વશીબેન, ગીતાબેન અને મમતાબેનના ભાભી. સ્વ. ઉર્મિલાબેન નટવરલાલ મિસ્ત્રીના દિકરી સોમવાર તા. ૦૭/૦૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૦૮/૦૯/૨૬ના સમય ૫ થી ૭, સ્થળઃ કેવળ બાગ ટ્રસ્ટ, કિલાચંદ રોડ, કાંદિવલી ફલાયઓવર પાછળ, કાંદિવલી પશ્ચિમ,

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર

# તન મન ધનથી રહો તરોતાજા

# રોકાણનું ટેન્શન કઈ રીતે હળવું કરી શકાય?




અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

**મોટાભાગના** લોકો માટે રોકાણ કરવું એ ખૂબ જ તણાવપૂર્ણ પ્રવૃત્તિ બની રહે છે. ઘણા રોકાણકારો પાસે પોતાના ખરાબ અને આઘાતજનક અનુભવોની વાતો હોય છે. જ્યારે રોકાણના વિવિધ વિકલ્પો સારો એવો નફો કે વળતર આપતા હોય, છતાં પણ લોકો સાથે આવા અનુભવો શા માટે થાય છે?

આ એક અત્યંત મૂંઝવતો પ્રશ્ન છે જે પ્રવૃત્તિથી જીવનમાં શાંતિ મળવી જોઈતી હતી, તે જ માનસિક તણાવનું મુખ્ય કારણ કેમ બની જાય છે.

'ફિડેલિટી ઇન્વેસ્ટમેન્ટ્સ'ના પ્રખ્યાત 'મેગેલન ફંડ'ના સફળ મૅનેજર પિટર લિન્ચનો ટ્રેક રેકૉર્ડ અદ્ભુત રહ્યો છે. આમ છતાં તેમણે એક મુલાકાતમાં સ્વીકાર્યું હતું કે એમની સ્કીમે ખૂબ સરસ પ્રદર્શન કર્યું હોવા છતાં, તેમાં રોકાણ કરનારા મોટાભાગના રોકાણકારોએ પૈસા ગુમાવ્યા હતા. પહેલી નજરે આ વાત વિચિત્ર કે વિરોધાભાસી લાગે, પણ આ એક વિશ્વસનીય અને અનુભવી રોકાણ મૅનેજરનો સીધો અનુભવ હતો.

વર્ષો દરમિયાન અસંખ્ય રોકાણકારો સાથેની વાતચીત અને દુનિયાભરના નાણાકીય સાહિત્યના અભ્યાસ પરથી આ વિરોધાભાસ પાછળનું સાચું કારણ સમજી શકાય છે.

આખરે એવું તે શું થઈ રહ્યું છે? બને છે એવું કે રોકાણકારો કોઈ એક સ્કીમમાં લાંબા સમય સુધી રોકાણ જાળવી રાખવાને બદલે સતત એન્ટ્રી અને એક્ઝિટ (ખરીદી અને વેચાણ) કરતા રહે છે. આ માટે તેઓ વિવિધ પરિબળોને ધ્યાનમાં લે છે, જેમાંનું એક સ્કીમનું તાજેતરનું શૉર્ટ-ટર્મ પ્રદર્શન છે. ભૂતકાળમાં શ્રેષ્ઠ દેખાવ કરનારી સ્કીમ્સ પાછળ દોડવાનો અર્થ એ થયો કે તેમણે જૂના વિજેતાઓને ખરીદવા માટે પોતાનાં વર્તમાન રોકાણો વેચવાં પડ્યાં. આ પ્રકારની લે-વેચમાં ટ્રાન્ઝેક્શન ફી અને નિયમ મુજબના ટૅક્સ ચૂકવવા પડે છે. આવા કરવેરા અને ચાર્જીસ તમારા એકંદર વળતરને ઘટાડી દે છે.

## આવું શા માટે થવું જોઈએ?

એ માટે, એન્જિનિયરિંગ અને મૅનેજમેન્ટની કૉલેજોમાં શીખવવામાં આવતો એક મહત્ત્વનો પાઠ યાદ રાખવો જરૂરી છે: જો તમારે સાચો ઉકેલ જોઈતો હોય તો સૌથી પહેલાં સમસ્યાને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવી પડે-સમજવી પડે

ઘણીવાર રોકાણકાર સમસ્યાને સમજીને વ્યાખ્યાયિત કર્યા વિના જ સીધો ઉકેલ શોધવા નીકળી પડે છે. અહીં માત્ર એક સરળ અને સૌથી મહત્ત્વનો પ્રશ્ન પૂછવાનો છે: આપણે રોકાણ શા માટે કરી રહ્યા છીએ? આ સમસ્યાનો ઉકેલ એ છે કે જ્યારે પણ જીવનમાં વિવિધ ખર્ચ કે લક્ષ્ય સામે આવે ત્યારે તેને પૂરા કરવા માટે તમારી પાસે પૂરતા પૈસા હોવા જોઈએ, પરંતુ સામાન્ય રીતે લોકો જે ઉકેલ શોધે છે તે એ છે કે 'મને કેટલું વળતર મળશે?' અથવા 'અત્યારે શૅરબજાર સારું છે કે ખરાબ?'

જ્યારે તમારી મુખ્ય સમસ્યા તમારી પોતાની અંગત પરિસ્થિતિ સાથે જોડાયેલી છે.ત્યારે તમે તેનો ઉકેલ બહારના વાતાવરણમાં કે બજારમાં શોધી રહ્યા છો. નાણાંના ઉપયોગને ધ્યાનમાં રાખીને સાચી સમસ્યા નક્કી કરવી ખૂબ જ જરૂરી છે. પોતાની અંગત નાણાકીય સ્થિતિનું સંચાલન કરતી વખતે ખરી મુશ્કેલી પૈસાની નથી, પરંતુ પોતાના જીવનની જરૂરિયાતોની છે. ચાલો, આ વાતને વધુ વિગતવાર સમજીએ.

## નાણાકીય લક્ષ્ય એટલે શું?

નાણાકીય લક્ષ્ય એટલે જીવનની કોઈ ખાસ ઘટના કે પ્રસંગોની શ્રેણીને પહોંચી વળવા માટે કરવામાં આવતા મોટા ખર્ચાઓ. આ પ્રસંગ જ નક્કી કરે છે કે વ્યક્તિ કેવું ગુણવત્તાસભર જીવન જીવશે. આ પ્રસંગો પૂરા કરવા માટે પૈસાની જરૂર પડતી હોવાથી તેને આપણે નાણાકીય લક્ષ્ય કહીએ છીએ. યોગ્ય સમયે પૈસા ઉપલબ્ધ ન હોવાનો અર્થ એ થાય કે આ પ્રસંગોમાં અથવા જીવનની ગુણવત્તામાં સમાધાન કરવું પડશે.

આવા સંદર્ભમાં જો નાણાકીય લક્ષ્યની સાચી વ્યાખ્યા આપવામા આવે અને તેને પૂરા કરવા માટે યોગ્ય વ્યૂહરચના બનાવવામાં આવે તો તે જીવન સુધારી શકે છે અને મનની શાંતિ આપી શકે છે.

ટૂંકમાં, તમારી સમસ્યાને યોગ્ય રીતે ઓળખો. તમારી નાણાકીય જરૂરિયાતો, ભવિષ્યનાં લક્ષ્યો અને સપનાંઓને ઓળખીને તેનું આંકડાકીય આયોજન કરો. ત્યાર બાદ જ તેને પ્રાપ્ત કરવાની દિશામાં કામ શરૂ કરો. બહારનું વાતાવરણ ક્યારેય તમારા નિયંત્રણમાં હોઈ શકતું નથી. તમે માત્ર તમારી પોતાની પરિસ્થિતિ અને તમારાં અંગત લક્ષ્યો પર જ નિયંત્રણ રાખી શકો છો. ■

---

# નમ્ર-વાણી

વ્યાખ્યાન માળા

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



# મારો એકરાર... પ્રભુ સાથે કરીશ કરાર!

**પર્વાધિરાજ** પર્યુષણ મહાપર્વ એટલે સ્વયંના પાપ, દોષો, ભૂલો અને દ્વેષનો એકરાર કરી, પ્રભુ સાથે એકાકાર થવાનો અમૂલ્ય અવસર!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે આત્માને શુદ્ધ કરી, ભવ અને ભવોભવને સુધારવાનો અનન્ય અવસર!

પરમ ભાગ્યશાળી હોય એ જેમને પર્યુષણની આરાધના કરવાનું, પ્રભુની આજ્ઞા પાલન કરવાનું, પ્રભુના નિર્દેશને સમજવાનું અને પ્રભુના બોધવચનોને અનુભવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય, સાધના દ્વારા આત્મશુદ્ધિ કરી ભવ અને ભવોભવને સુધારવાના અંતરથી ભાવ થાય. પ્રભુ સમક્ષ ભૂલોનો એકરાર કરી, પ્રભુ સાથે એકાકાર થવાની તક પ્રાપ્ત થાય.

**ભૂલોનો એકરાર ક્યારે થાય?**

ભૂલોનો એકરાર ત્યારે જ થાય, જ્યારે ભૂલોનું realisation થાય. Realise થાય કે, હું જ્યાં છું, તે સ્થાન wrong છે હું જે દિશામાં જઈ રહ્યો છું, તે દિશા wrong છે. હું જે પ્રવૃત્તિઓ કરી રહ્યો છું, તે પ્રવૃત્તિઓ wrong છે. આ સંસારમાં હું સંજ્ઞાઓની દિશામાં છું, હું ૧૮ પ્રકારના પાપની દિશામાં છું અને માટે જ, મારી અંદરની લાગણીઓ, મારી સંવેદનાઓ, મારી feelings, મારી અનુભૂતિઓ મારો મનોભાર છે.

જો આ ભૂલો realise થાય, તો જ right directionમાં, સત્યની દિશામાં જવાનો પુરુષાર્થ થાય.

પર્વાધિરાજ પર્યુષણ આપણને realityનું realisation કરાવવા આવે છે.

પર્યુષણના પ્રથમ દિવસે અમે જૈનદર્શનની શ્રેષ્ઠ એવી સમ્યક દર્શનની સાધના કરાવવા આવ્યાં છીએ.

'હું wrong સ્થાન પર છું અને હું wrong દિશામાં છું.' આ સત્ય realise થાય, આ સત્યનો સ્વીકાર થાય, તો અનંતા કર્મોનો ક્ષય થાય અને સમ્યક દર્શન પ્રગટ થાય.

ભૂલનો એકરાર એ ભૂલને સુધારવાનું first step છે. જે first step ચઢે, તે જ last step - મંજિલ સુધી પહોંચી શકે.

ભૂલનો એકરાર માત્ર હોઠથી નહીં, heartથી કરવો જોઈએ. ભૂલનો એકરાર paper પર penની inkથી નહીં પણ આંખોમાંથી વહેતી અશ્રુની ધારથી કરવો જોઈએ.

એકરાર એ હોય, જેમાં પશ્ચાતાપની અશ્રુધાર હોય!

એકરાર એ હોય, જેમાં "I am wrong,'નું realisation હોય.

'આખું વર્ષ તમે જેમની-જેમની આંખોમાં આંસુ લાવ્યાં હતાં, એ પાપને ધોવા તમારી આંખમાં જો પસ્તાવાના આંસુ આવે, તો તે સાચા દિલનો એકરાર કહેવાય!'

એકરાર કર્યા પછી, પ્રભુ સાથે એકાકાર થવાનું next step છે, પ્રભુ સાથેનો કરાર!

એકરાર એ આત્મિક પસ્તાવો છે અને કરાર એ પ્રભુમય અને પ્રભુ જેવા બનવાનો સંકલ્પ છે, પ્રભુને એક વચન છે. ભાવદેહે પ્રભુની સમીપ જવાનો પ્રભુને call છે.

પર્વાધિરાજ પર્યુષણ એ પ્રભુ સાથે કરાર કરવાની તક છે.

આજે પ્રથમ દિવસે પ્રભુને બે હાથ જોડી, વિનયપૂર્વક વંદન કરીને કહી દો...

પ્રભુ! મેં તો મારી ભૂલોનો, દોષોનો એકરાર અશ્રુભીની આંખે કર્યો, હવે તારી સાથે એકાકાર કરવાની જવાબદારી તારી!

પ્રભુ! આ પર્યુષણમાં મારે ગુરુશરણે એવી ઉત્તમ સાધના અને શુદ્ધિ કરવી છે, કે મારા મનોભારને હળવો કરી, મારી ભૂલોને સુધારી, તારી પાસે આવવું છે, ભાવદેહે આપના શરણમાં, આપના સાંનિધ્યમાં આવવું છે.

પ્રભુ! ચંદનબાળા જેવા મારા ભાગ્ય નથી કે, પ્રભુવીર મને તારવા મારા દ્વારે આવે એટલે આજે પ્રભુ! આપ મને આવકારો, આપ મને સ્વીકારો, આપ મને શરણમાં સ્થાન આપો, એવી શુદ્ધિની સાધના કરવી છે.

પ્રભુ! હું આવીશ આપની પાસે! હું ચોક્કસ આવીશ એક દિવસ આપના સાંનિધ્યમાં! હું મારી ભૂલોને સુધારીને આવીશ. હું મારા પાપ દોષો, કષાયો, અવગુણો અને દ્વેષની લાશોને પશ્ચાતાપના સ્મશાનમાં બાળીને, ભસ્મ કરીને આવીશ. પ્રભુ! તને પ્રેમ કરવા આવીશ.

પ્રભુ! હવે જ્યારે પણ તને હાથ જોડીશ, ત્યારે મારું હૈયું પણ તારી સાથે જોડાઈ જાય, એવો શુદ્ધ બનીને આવીશ. પ્રભુ, જ્યારે પણ તારી સમક્ષ આવીશ, ત્યારે પહેલી જ ક્ષણે તારી ને મારી આંખ મળે, તારું અને મારું હૃદય મળે અને તારો અને મારો પ્રેમ, જેમ ગૌતમને મહાવીર મળે, ચંદનબાળાને પ્રભુ મળે અને ઋણાનુબંધ સર્જાય એમ આપણો પ્રેમ પણ ઋણાનુબંધ સર્જી દેશે, એવા આત્મવિશ્વાસ સાથે આવીશ!

પ્રભુ! આ મારો આપને કરાર છે!

આજ સુધી બહારની આંખોથી પ્રભુના દર્શન કર્યા, હવે અંતરની આંખોથી સ્વયંના દોષોનું દર્શન કરી, દોષોની વિશુદ્ધિ કરવાની છે.

મનમાં ભરેલો દોષોનો ભાર, તનને પણ અસ્વસ્થ કરે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ મનમાં, હૃદયમાં ભરેલી કડવાશની, અણગમાની, દુર્ભાવની, દોષોની અને ભવોભવને બગાડતાં દ્વેષની લાશને દૂર કરી, મનને હળવું કરવા માટેનું પર્વ છે.

લાશ ક્યારેય મનમાં ન શોભે, લાશ તો સ્મશાનમાં શોભે!

અંદરની વેર-ઝેર અને કડવાશની લાશોને કાઢીને, જીવનને હળવાશથી, ઉલ્લાસથી ભરવા માટે તો હોય છે, પર્યુષણ પર્વની સાધના-આરાધના!

પર્યુષણ એ મજા માટે ન હોય, એ તો ભૂલોને સજા આપવા માટે હોય!

જ્યારે ભૂલો અને દોષોને પશ્ચાતાપના સ્મશાનમાં અગ્નિદાહ અપાય છે, ત્યારે જ પ્રભુના સમવશરણમાં જવાને યોગ્ય બનાય છે.

પશ્ચાતાપનું સ્મશાન જ તો પ્રભુના સમવશરણ સુધી લઈ જનારું પ્રથમ step છે. પશ્ચાતાપનું સ્મશાન એ સ્મશાન છે, જ્યાં એક-એક પાપને, એક-એક દોષોને, એક-એક દુર્ભાવને, એક-એક અવગુણોને અગ્નિ સંસ્કાર આપી જલાવી શકીએ છીએ. આત્માને શુદ્ધ કરી શકીએ છીએ.

જેને પાપ-દોષ દેખાય તે જ પાપ-દોષનો એકરાર કરી શકે અને તે જ પાપ-દોષોનો પશ્ચાતાપ કરી, પ્રભુ સાથે એકાકાર થઈ શકે.

**પર્યુષણ મહાપર્વનો** message **છે, એકરાર!**

પોતાની ભૂલોને realise કરવી અને એનો એકરાર કરવો જે એકરાર કરે, તે પ્રભુ સાથે એકાકાર થઈ શકે.

પર્વાધિરાજ પર્યુષણમાં ગમે તેટલી સાધના થાય, તપસ્યા થાય, ભક્તિ થાય, પ્રતિક્રમણ થાય, પ્રવચનોનું શ્રવણ થાય, પણ એ બધાંથી પહેલાં થવો જોઈએ ભૂલોનો એકરાર અને પ્રભુ સાથે કરાર!

જો એકરાર અને કરાર થાય તો દરેક સાધના સાર્થક થઈ જાય.

નિર્ણય કરો, આ દેહ લાશ બને, તે પહેલાં મનમાં ભરેલી દોષોની લાશને બાળી નાંખવી છે, જો મનમાં દોષોની લાશ રહી જશે, તો ભવોભવ બગડી જશે.

પર્યુષણ સારા ઉજવ્યાં ત્યારે જ કહેવાય, જ્યારે તમારું મન, તમારા વિચારો, તમારા ભાવો અને તમારા સ્વભાવ સુધરે!

સ્વભાવ ત્યારે જ સુધરે, જ્યારે સ્વયંની ભૂલો realise થાય, ભૂલોનો એકરાર થાય અને ભૂલોને સુધારવાનો પ્રભુ સાથે કરાર થાય. ભૂલો સુધરી જાય તો આત્મા શુદ્ધ થાય અને આત્મા શુદ્ધ થાય તો પ્રભુ સાથે એકાકાર થવાય! ■

---

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# ડે-કૅર પ્રોસિજર તથા ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ: તમારી હેલ્થ પૉલિસીમાં શું કવર થાય છે?

**આજકાલ** મેડિકલ સાયન્સ એટલું આગળ વધ્યું છે કે ઘણી બધી સર્જરી અને ટ્રિટમેન્ટ હવે એક દિવસમાં, ક્યારેક તો ગણતરીના કલાકોમાં જ પૂરી થઈ જાય છે. પહેલાં જે ઑપરેશન માટે હૉસ્પિટલમાં ત્રણ-ચાર દિવસ રહેવું પડતું હતું, એ જ ઑપરેશન આજે સવારે દાખલ થઈને સાંજે ઘરે જવા મળે એટલી ઝડપથી થાય છે. આને કારણે હેલ્થ ઇન્સ્યોરન્સમાં 'ડે -કૅર પ્રોસિજર' નામનો એક મહત્ત્વનો કન્સેપ્ટ આવ્યો  છે જે વિશે મોટાભાગના પૉલિસીધારકોને પૂરી જાણકારી નથી હોતી અને એની સાથે જોડાયેલો બીજો એક કન્સેપ્ટ છે 'ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ' - એટલે કે ઘરે લેવાયેલી સારવાર. બન્ને વિશે સ્પષ્ટ સમજ ન હોય તો ક્લેમ વખતે તકલીફ પડી શકે છે.

## ડે- કૅર પ્રોસિજર એટલે શું?

સામાન્ય રીતે હેલ્થ ઇન્સ્યોરન્સ પૉલિસીમાં એવો નિયમ હોય છે કે ક્લેમ મળવા માટે દર્દીએ ઓછામાં ઓછા ૨૪ કલાક હૉસ્પિટલમાં દાખલ રહેવું જરૂરી છે. હા, મોતિયાનું ઑપરેશન (કેટરેક્ટ), ડાયાલિસિસ, કિમોથેરાપી, ટોન્સિલ કાઢવાનું ઑપરેશન, લિથોટ્રિપ્સી (પથરી તોડવાની ટ્રિટમેન્ટ), એન્ડોસ્કોપી જેવી ટ્રિટમેન્ટ જેવી ઘણી સારવાર હવે ઍડ્વાન્સ ટેક્નૉલૉજીને કારણે ૨૪ કલાકથી ઓછા સમયમાં જ પૂરી થઈ જાય છે. આ પ્રકારની ટ્રિટમેન્ટને 'ડે-કૅર પ્રોસિજર' કહેવાય છે અને મોટા ભાગની આજની હેલ્થ પૉલિસી આ ટ્રિટમેન્ટને ૨૪ કલાકના નિયમમાંથી બાકાત રાખીને પૂરેપૂરું કવર આપે છે.

દરેક ઇન્સ્યોરન્સ કંપની પોતાની પૉલિસીમાં ડે-કૅર પ્રોસિજરનું એક લિસ્ટ આપે છે. કોઈ કંપની ૧૪૦થી વધુ પ્રોસિજર કવર કરે છે તો કોઈ કંપની ઓછી એટલે પૉલિસી લેતાં પહેલાં આ લિસ્ટ ધ્યાનથી ચેક કરવું જોઈએ. જો તમારી કોઈ ચોક્કસ ટ્રિટમેન્ટ એ લિસ્ટમાં ન હોય તો ક્લેમ વખતે '૨૪ કલાકથી ઓછો' કહીને ક્લેમ રિજેક્ટ થવાની શક્યતા રહે છે.

## ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ એટલે શું?

ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ એ ડે-કૅર કરતાં તદ્દન અલગ કન્સેપ્ટ છે. જ્યારે દર્દીની તબિયત એટલી ગંભીર હોય કે તેને હૉસ્પિટલમાં દાખલ કરવો જરૂરી હોય, પણ કોઈ કારણસર - જેમ કે દર્દીને હૉસ્પિટલ સુધી ખસેડી શકાય એમ ન હોય  અથવા હૉસ્પિટલમાં બેડ ખાલી ન હોય - ડૉક્ટરની સલાહથી ઘરે જ સારવાર લેવામાં આવે ત્યારે તેને 'ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ' કહે છે. મોટાભાગની પૉલિસીમાં આ ટ્રિટમેન્ટ ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી ચાલવી જરૂરી છે અને ડૉક્ટરનું લેખિત પ્રમાણપત્ર જોઈએ કે દર્દીને હૉસ્પિટલમાં ખસેડી શકાય એમ નહોતું.

અહીં ધ્યાન રાખવા જેવી અગત્યની વાત એ છે કે મોટાભાગની પૉલિસીમાં અસ્થમા, બ્રોન્કાઇટિસ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર જેવી કેટલીક સામાન્ય બીમારીઓ ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ કવરમાંથી બાકાત રાખવામાં આવે છે, કારણ કે આ બીમારીઓની સારવાર સામાન્ય રીતે ઘરે જ ચાલતી હોય છે એટલે પૉલિસી ડૉક્યુમેન્ટમાં આ એક્સક્લુઝન લિસ્ટ પણ ધ્યાનથી વાંચવું જોઈએ.

## પૉલિસી લેતી વખતે શું ધ્યાન રાખવું?

૧) પૉલિસી ડૉક્યુમેન્ટમાં ડે-કૅર પ્રોસિજરનું સંપૂર્ણ લિસ્ટ માગો અને વાંચો - ખાસ કરીને તમને કે ઘરના સભ્યોને જે ટ્રિટમેન્ટની જરૂર પડી શકે એમ હોય એ લિસ્ટમાં છે કે નહીં એ ચેક કરો.



૨) ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ કવર છે કે નહીં અને એની વિવિધ શરત તથા બાકાત બીમારીઓનું લિસ્ટ શું છે એ સમજી લો.

૩) ઘરમાં કોઈ સિનિયર સિટિઝન હોય અથવા લાંબી બીમારીની શક્યતા હોય તો આ બંને કવર ખાસ મહત્ત્વના બની જાય છે.

૪) ક્લેમ કરતી વખતે ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન, સારવારના બિલ અને જરૂરી પ્રમાણપત્રો સાચવી રાખો.

૫) કોઈ પણ શંકા હોય તો પૉલિસી ખરીદતાં પહેલાં જ ઇન્સ્યોરન્સ કંપની અથવા તમારા ઍડ્વાઇઝરને પૂછી લો. ■

### નિષ્કર્ષ

*હેલ્થ ઇન્સ્યોરન્સ પૉલિસી ખરીદતી વખતે માત્ર પ્રીમિયમ કે સમ ઇન્સ્યોર્ડ જોઈને નિર્ણય ન લેવો જોઈએ. ડે કૅર પ્રોસિજર અને ડોમિસિલિયરી ટ્રિટમેન્ટ જેવી નાની પણ મહત્ત્વની જોગવાઈઓ ક્લેમ વખતે મોટો ફરક પાડી શકે છે. પૉલિસી ડૉક્યુમેન્ટ ધ્યાનથી વાંચવાની અને જરૂર પડે ત્યાં સવાલ પૂછવાની ટેવ પાડો, જેથી જરૂરિયાતના સમયે ક્લેમ રિજેક્ટ થવાની તકલીફ ટાળી શકાય.*

---

ટૂંકું ને ટચ

ખૂશ્બુ મુલાણી ઠક્કર
feedback@bombaysamachar.com

# જાણી લો, મખાણાના આ આરોગ્ય લાભ...

મખાણા, જેને ફોક્સ નટ્સ અથવા કમળનાં બીજ તરીકે પણ ઓળખવામાં આવે છે, આજકાલ એ સ્વસ્થ સ્નેક્સની યાદીમાં સૌથી આગળ આવી રહ્યા છે. બિહારના મિથિલા પ્રદેશમાં મુખ્યત્વે ઉગાડવામાં આવતા આ બીજ પોષક તત્ત્વોથી ભરપૂર છે અને પરંપરાગત આયુર્વેદ તથા આધુનિક પોષણ વિજ્ઞાન બંનેમાં તેને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. નીચે મખાણાના છ મુખ્ય આરોગ્યપ્રદ લાભ વિશે વિગતવાર જાણીએ.

**પોષક તત્ત્વોથી સમૃદ્ધ:** મખાણા કેલ્શિયમ, મેગ્નેશિયમ, આયર્ન, પોટેશિયમ અને ફોસ્ફરસ જેવાં મહત્ત્વના ખનિજો ધરાવે છે. ૧૦૦ ગ્રામ મખાણામાં આશરે ૯.૭ ગ્રામ પ્રોટીન, ૧૪.૫ ગ્રામ ફાઇબર અને માત્ર ૦.૧ ગ્રામ ચરબી હોય છે. તેમાં કોલેસ્ટ્રોલ શૂન્ય છે. આ તત્ત્વો હાડકાં મજબૂત રાખવા, માંસપેશીઓના કાર્ય અને રક્તકોષોના નિર્માણમાં મદદરૂપ છે. તે ગ્લુટન-મુક્ત અને સરળતાથી પચન થતું સ્નેક છે.



**એન્ટીઑક્સીડન્ટ્સનો ખજાનો:** મખાણામાં ગેલિક એસિડ, કેમ્પફેરોલ, ક્વેર્સેટિન અને અન્ય પોલીફેનોલ્સ જેવા મજબૂત એન્ટીઑક્સીડન્ટ્સ હોય છે. આ તત્ત્વો શરીરમાં મુક્ત રેડિકલ્સને નિષ્ક્રિય કરી ઓક્સિડેટિવ સ્ટ્રેસ ઘટાડે છે. આથી ક્રોનિક રોગો, સોજો અને વહેલા વૃદ્ધત્વની પ્રક્રિયા ધીમી પડે છે.

**બ્લડ સુગર મેનેજમેન્ટમાં મદદ:** મખાણાનો ગ્લાયસેમિક ઇન્ડેક્સ (GI) લગભગ ૩૭ જેટલો નીચો છે, જે તેને ડાયાબિટીસના દર્દીઓ માટે યોગ્ય સ્નેક બનાવે છે. તેમાં રહેલા રેઝિસ્ટન્ટ સ્ટાર્ચ અને ફાઇબરને કારણે ગ્લુકોઝ ધીમે ધીમે લોહીમાં ભળે છે. આથી બ્લડ સુગરમાં અચાનક વધારો થતો નથી.

**વજન ઘટાડવામાં સહાયક:** મખાણા ઓછી કેલરી અને ચરબીવાળા હોય છે. એક મધ્યમ સર્વિંગ બાઉલમાં *(લગભગ ૩૦ ગ્રામ)માં માત્ર ૧૦૦-૧૧૦ કેલરી આવે છે, પરંતુ ફાઇબર અને પ્રોટીનને કારણે* લાંબા સમય સુધી તૃપ્તિ રહે છે. વજન નિયંત્રણ માટે તેને ચિપ્સ કે બિસ્કિટના વિકલ્પ તરીકે વાપરી શકાય છે.

**ત્વચાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક:** મખાણામાં રહેલા એન્ટિઓક્સિડન્ટ્સ અને એમિનો એસિડ્સ કોલેજનના નિર્માણમાં મદદ કરે છે. આથી ત્વચા લવચીક રહે છે અને વૃદ્ધત્વના ચિહ્નો ધીમા પડે છે. કેમ્પફેરોલ જેવા તત્ત્વો યુવી કિરણોથી થતા નુકસાન સામે રક્ષણ આપે છે અને ત્વચાની ચમક વધારે છે. નિયમિત સેવનથી ત્વચા વધુ સ્વસ્થ અને તાજગીભરી દેખાય છે.

**હૃદયના સ્વાસ્થ્યને ટેકો:** મખાણામાં પોટેશિયમ વધુ અને સોડિયમ અત્યંત ઓછું હોય છે. આ સંયોજન બ્લડ પ્રેશર નિયંત્રિત રાખવામાં મદદરૂપ છે. મેગ્નેશિયમ હૃદયની લય જાળવવામાં ભૂમિકા ભજવે છે. કેટલાક અભ્યાસોમાં મખાણાના અર્કથી ખરાબ કોલેસ્ટ્રોલ અને ટ્રાઇગ્લિસરાઇડ્સ ઘટવાનાં પરિણામો મળ્યા છે. તે હૃદય રોગના જોખમને ઘટાડવામાં સહાયક સાબિત થઈ શકે છે.

**કેવી રીતે વાપરવા?:** મખાણાને સૂકા શેકીને અથવા હળવા મસાલા સાથે ખાઈ શકાય છે. દૂધમાં પકાવીને ખીર બનાવી શકાય અથવા સલાડ અને વ્યંજનોમાં ઉમેરી શકાય. વધુ પડતું તેલ કે ઘી ન વાપરવું. દિવસમાં ૩૦-૪૦ ગ્રામ જેટલી માત્રા પૂરતી છે. ■

# વેલમાં લહેરાતા લીલાછમ ટીંડોળા ઔષધીય ગુણથી ભરપૂર ગણાય છે

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com



લીલાછમ શાકભાજી ખાવાની એક આગવી મજા હોય છે. તાજા શાકભાજી સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. કેમ કે તેમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબરની સાથે વિવિધ પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો હોય છે. લીલા-લીલા...તાજા તાજા ટીંડોળા એક એવું સ્વાદિષ્ટ શાક છે જેનો ઉપયોગ લગ્ન-સમારંભ હોય કે કથા વાંચન વખતે યોજવામાં આવતો ભંડારો હોય, તેમાં અચૂક વિવિધ રીતે પીરસવામાં આવે છે.

ટીંડોળાને ભારતની વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં બિમ્બી, તુણ્ડી, કટુતુણ્ડિકા. હિન્દીમાં કન્દૂરી કે કન્દૂરુ, આસામીમાં કુન્દુલી, કોંકણીમાં તેન્દુલેમ, તમિળમાં કોવક્કઈ કે કોવાડ, ગુજરાતીમાં ટીંડોળા કે ઘીલોડા, બંગાળીમાં તેલકૂચા, પંજાબીમાં ઘોલ કે કન્દૂરી, મરાઠીમાં તોંડલી કે ટિંડલી, કે આઈવી લૌકી, તેલુગુમાં ડોન્ડાકાયા મલયાલીમાં કવેલ કે કોવા તરીકે જાણીતાં છે.

ટીંડોળા વેલમાં ઊગતું શાક ગણાય છે. તેની વેલ કોઈપણ વૃક્ષ-ઝાડી ઉપર ઝડપથી ફેલાઈ જતી હોય છે. થાઈલૅન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયામાં તે અતિલોકપ્રિય શાક છે. ભારત-પાકિસ્તાનમાં પણ તેનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. તેથી જ તેની ખેતી મોટા પ્રમાણમાં ભારતમાં થતી જોવા મળે છે.

આયુર્વેદમાં ટિંડોળાના અઢળક ગુણો દર્શાવવામાં આવ્યા છે . જેમ કે કફ-પિત્ત નાશક હોવાની સાથે ત્વચા રોગમાં ગુણકારી ગણાય છે. જીભ ઉપર છાલા પડી જતાં હોય તેમને માટે ટીંડોળાનું સેવન લાભકારક ગણાય છે. ડાયાબિટીસના દર્દીઓ માટે ટીંડોળા અત્યંત ફાયદાકારક ગણાય છે.

## ટીંડોળાના સ્વાસ્થ્યવર્ધક ગુણ

### ડાયાબિટીસની સમસ્યામાં લાભકારી

ટીંડોળામાં ડાયેટરી ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. જેથી લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધી જતી નથી. નિયમિત સપ્તાહમાં ૨-૩ વખત ટીંડોળાનું સેવન કરવામાં આવે તો ડાયાબિટીસની વ્યાધિથી ધીમેધીમે પરંતુ નિશ્ચિત સમયમાં રાહત મેળવી શકાય છે.

ટીંડોળાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોવાને કારણે લોહીમાં શર્કરાની માત્રા ધીમે ધીમે ઓછી થવા લાગે છે. વળી શરીરમાં પૂર્ણ દિવસ શક્તિ જળવાઈ રહેતી હોય છે.

### પાચન તંત્ર મજબૂત બનાવવામાં મદદ કરે છે

નિયમિત રૂપે ટિંડોળાનું સેવન કરવાથી કબજિયાતની તકલીફથી રાહત મેળવી શકાય છે. અનેક વ્યક્તિ એવી જોવા મળે છે, જેમને સપ્રમાણ માત્રામાં ભોજન કર્યા બાદપણ અપચો, આફરો ચડવો, ખાટા ઓડકાર આવવાં જેવી સમસ્યા રહેતી હોય છે.

રેસાવાળાં આહારનું સેવન કરવાથી પાચનક્રિયા સુધરે છે. શરીરમાંથી વિષાણુયુક્ત પદાર્થ મળ વાટે તેમજ મૂત્ર દ્વારા બહાર નીકળી જાય છે. પેટ સંબંધિત તકલીફથી રાહત મેળવી શકાય છે.

### હાડકાંને મજબૂત બનાવે છે

ઘીલોડામાં સારી માત્રામાં કેલ્શિયમ, આયર્ન તેમજ વિટામિન સીનું પ્રમાણ હોય છે. જે હાંડકાં તેમજ દાંતની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. વધતી વય સાથે હાડકાં પોલા બનતાં જાય છે.

થોડું વાગ્યું કે અચાનક પડી જવાથી હાડકાંને વધુ નુકસાન થાય છે. જો તેનાથી બચવું હોય તો ટીંડોળાનું સેવન આહારમાં અવશ્ય કરવું જોઈએ.

### શરીરને ડિટોક્સ કરવામાં મદદરૂપ

વારંવાર જો તીખું-તળેલું કે બહારનું મસાલેદાર ભોજન આરોગવામાં આવે તો પેટમાં ગંદકી જમા થવા લાગે છે. પેટમાં ભરાયેલી ગંદકીને કારણે વ્યક્તિ સતત માનસિક તાણ અનુભવે છે. ટિંડોળાનું સેવન કરવાથી પેટમાં રહેલી ગંદકી મળ-મૂત્ર દ્વારા બહાર ફેંકાઈ જાય છે.

કિડની તેમજ લીવરની તંદુરસ્તી જાળવવામાં ઉપયોગી ગણાય છે. કેમ કે ટિંડોળાનું સેવન નિયમિત માત્રામાં કરવાથી શરીર સ્વચ્છ રહે છે. વ્યક્તિને તાજગી આપે છે. તેમજ શરીર સ્ફૂર્તિલું બનાવે છે.

### ટીંડોળાનું મહારાષ્ટ્રીયન શાક :



સામગ્રી :૫૦૦ ગ્રામ ટીંડોળા, ૨ નંગ ઝીણાં સમારેલાં કાંદા, ૨ નંગ ઝીણા સમારેલાં ટમેટા, ૧ ચમચી ગરમ મસાલો, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી હળદર પાઉડર, ૨ નાની ચમચી ધાણાજીરું પાઉડર, ચપટી હીંગ, ૧ નાની ચમચી વરિયાળી પાઉડર,૧ નાની ચમચી આદુ-મરચાં ની પેસ્ટ, ૨ નાની ચમચી સિંગદાણાનો પાઉડર, ૧ નાની ચમચી કોપરાનું છીણ ૧ નાની ચમચી તલ, ૧ નાની ચમચી આખા ધાણા, ચપટી હિંગ, ૧ ચમચી ખાંડ, અડધી ચમચી આમચૂર પાઉડર, ૧ ચમચી જીરું, ૧ ચમચી અડદની દાળ, ૧ ચમચી ચણાની દાળ


**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ ટીંડોળાને એક સમાન આકારમાં કાપી લેવાં. ૨ ચમચી તેલ મૂકીને જીરાનો વઘાર કરવો. તેમાં અડદની દાળ. ચણાની દાળ ધીમે તાપે સોનેરી રંગની થાય ત્યાં સુધી સાંતળવી. ત્યારબાદ ચપટી હિંગ ભેળવવી. કાંદા સાંતળવા. ટમેટાને ભેળવીને ૨ મિનિટ હલાવવું. ત્યારબાદ ટીંડોળાં ભેળવવાં. ટીંડોળા થોડા બફાઈ જાય ત્યારબાદ તેમાં વરિયાળી,આદુ-મરચાંની પેસ્ટ, સિંગદાણાનો પાઉડર ભેળવવો. કોપરૂ તેમજ તલ ભેળવીને બરાબર હલાવી લેવું. આખા ધાણા તેમજ ખાંડ, સ્વાદ પ્રમાણે મીઠું ભેળવીને શાક પકાવવું. શાક બરાબર પાકી જાય ત્યારબાદ તેમાં ગરમ મસાલો તેમજ કોથમીરથી સજાવીને રોટલી કે ગરમાગરમ પરાઠા સાથે પીરસવું.

### વજન ઘટાડવામાં ગુણકારી

ટીંડોળામાં કેલરીની માત્રા ઓછી હોય છે. જેથી તેનું સેવન કરવાથી વજન વધી જવાની ચિંતા રહેતી નથી. ટિંડોળાને વિવિધ રીતે બનાવીને ખાઈ શકાય છે. જેમ કે તેનું કચુંબર બનાવી શકાય છે. તેનો સંભારો બનાવી શકાય છે. તેને થોડા કચરીને લસણ સાથે મરી -મીઠું ભેળવીને બનાવવાથી સ્વાદિષ્ટ લાગે છે. ભરેલાં ટીંડોળા બની શકે છે. મર્યાદિત માત્રામાં ટીંડોળાનું સેવન કરવાથી પેટ ઝડપથી ભરાઈ જાય છે. તેમજ પોષણ માટે આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. તેમાં સમાયેલું ડાયેટરી ફાઈબર ભૂખને લાંબા સમય સુધી નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ટીંડોળા એક એવી લીલોતરી છે જેનો આહારમાં ઉપયોગ કર્યા બાદ શરીરને આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. તેના સેવન બાદ આફરો ચડવો કે છાતીમાં બળતરાની તકલીફ જોવા મળતી નથી. લાંબા ગાળે વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી બને છે. ■

# શરીર માટે જરૂરી એવા આ ખનિજને ભૂલવા જેવા નથી

આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com




આપણે જ્યારે શરીર માટે જરૂરી તત્ત્વોની વાત કરીએ ત્યારે મોટેભાગે આપણે વિટામિન્સની જ વાત કરીએ છીએ. આપણે અહીં કેટલાક વિટામિન્સની કમી ઉપર વિસ્તારથી વાત કરી, પરંતુ શરીર માટે જેટલા વિટામિન્સ જરૂરી છે તેટલાં જ જરૂરી એસેન્શીયલ મિનરલ્સ (ખનીજ) પણ છે.

આપણા શરીરને સ્વસ્થ રાખવા માટે ખનિજો મહત્ત્વપૂર્ણ છે. આપણું શરીર હાડકાં, સ્નાયુઓ, હૃદય અને મગજને યોગ્ય રીતે કાર્યરત રાખવા સહિતના વિવિધ કાર્યો માટે ખનિજોનો ઉપયોગ કરે છે. ઉત્સેચકો (enzymes) અને અંતઃસ્ત્રાવો (hormones) બનાવવા માટે પણ ખનિજો મહત્ત્વપૂર્ણ છે.

ખનિજ નાના યોદ્ધાઓ જેવા હોય છે, જે શરીરને કોષોના પુનર્નિર્માણ અને સમારકામ, ઊર્જાના વહન, ચેતાકીય સંકેતોના પ્રસારણ, સ્નાયુઓ અને હાડકાંની મજબૂતી, ઘા રૂઝાવવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને અન્ય ઘણી બાબતોમાં મદદ કરે છે.

આપણા શરીરમાં ચાલતી હજારો પ્રકારની પ્રક્રિયા માટે વિવિધ ખનિજોની ચોક્કસ માત્રાની આવશ્યકતા હોય છે. રોજિંદી પ્રવૃત્તિઓ સુચારુ રીતે કરવા માટે દરેક વ્યક્તિએ પોતાની દૈનિક જીવનશૈલીમાં ખનિજોનો સમાવેશ કરવો જોઈએ. પરંતુ શું આપણે જાણીએ છીએ કે કયા કયા ખનિજ અનિવાર્ય છે અને કયા ઓછા મહત્ત્વના છે? અને દવાને બદલે ખોરાક દ્વારા આ ખનિજો કેવી રીતે મેળવી શકાય?

શરીરના સામાન્ય કાર્ય માટે જરૂરી માત્રાના આધારે આવશ્યક ખનિજોને બે મુખ્ય જૂથમાં વહેંચવામાં આવે છેઃ મેક્રોમિનરલ્સ (Macrominerals) અને ટ્રેસ મિનરલ્સ (Trace minerals). સંતુલિત આહાર શરીર માટે જરૂરી તમામ આવશ્યક ખનિજો પૂરા પાડે છે. જો આહાર દ્વારા ખનિજોની જરૂરિયાત પૂરી ન થઈ શકે તો સપ્લિમેન્ટ્સ (પૂરક આહાર) પણ લઈ શકાય છે.

**૧) કેલ્શિયમઃ**

કેલ્શિયમ હાડકાં અને દાંત માટે સૌથી મહત્ત્વપૂર્ણ ખનિજોમાંનું એક છે. તે હાડપિંજરને મજબૂત બનાવે છે અને શરીરને મજબૂત તથા સ્થિર માળખું પ્રદાન કરે છે. આ ઉપરાંત, તે હાડકાંનું નિર્માણ કરે છે, ઘા રૂઝાવવાની પ્રક્રિયામાં સુધારો કરે છે, બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે, સમગ્ર શરીરમાં ઉત્સેચકો (એન્ઝાઇમ્સ) ને સક્રિય કરે છે અને સ્નાયુઓની હિલચાલમાં મદદ કરે છે.

**૨.) ફોસ્ફરસઃ**

કેલ્શિયમની જેમ જ, હાડકાં અને દાંતના નિર્માણમાં ફોસ્ફરસ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માનવ શરીર તેના કુલ ફોસ્ફરસના ૮૦ ટકા હિસ્સાનો ઉપયોગ હાડકાંના વિકાસ અથવા તેમના પુનર્ગઠન માટે કરે છે. કોષ અને પેશીના વિકાસ, જાળવણી અને સમારકામ માટે જરૂરી પ્રોટીન બનાવવા માટે પણ તે શરીર માટે આવશ્યક છે. તે ઊર્જાના સંગ્રહમાં પણ મદદ કરે છે.

**૩.) મેગ્નેશિયમઃ**

મેગ્નેશિયમ એ સખત અને નરમ પેશીઓ માટે જરૂરી ખનિજ છે. તે માત્ર હાડકાંના બંધારણ માટે જ નહીં, પરંતુ ઉત્સેચકો-(એન્ઝાઈમ્સની) સક્રિયતા, ચેતા અને સ્નાયુઓની કાર્યક્ષમતા, પ્રોટીન સંશ્લેષણ, ઊર્જાની આવશ્યક મુક્તિ, શરીરના તાપમાનના નિયમન અને ચરબી માટે પણ જરૂરી છે.

**૪) સોડિયમ, પોટેશિયમ, ક્લોરાઇડ**

આ ખનિજો ઇલેક્ટ્રોલાઇટ સંતુલન તેમ જ શરીરમાં પાણીના પ્રમાણ અથવા શારીરિક પ્રવાહીના સંતુલનને નિયંત્રિત કરે છે. જોકે, પોટેશિયમની અન્ય ભૂમિકાઓ પણ છે, જેમ કે હૃદય અને રક્તવાહિનીઓના સ્વાસ્થ્યની જાળવણી અને ચેતાકોષોના કાર્યનું નિયમન.

**૫.) આયર્ન (લોહતત્ત્વ):**

આયર્ન કેટલું મહત્ત્વપૂર્ણ છે તે દરેક વ્યક્તિ જાણે છે. જોકે તે 'ટ્રેસ મિનરલ્સ' (અલ્પ માત્રામાં જરૂરી ખનિજો)ની શ્રેણીમાં આવે છે,તેમ છતાં શરીર માટે તેના કાર્યને અવગણવું જોઈએ નહીં. રક્તના ઉત્પાદન, ઓક્સિજનના વહન અને રોગપ્રતિકારક શક્તિના યોગ્ય કાર્ય માટે આયર્ન આવશ્યક છે. આ ઉપરાંત, સ્વસ્થ ઊર્જા ચયાપચય (energy metabolism) અને અમુક દવાઓ કે બાહ્ય પદાર્થો - જેમને શરીરમાંથી બહાર કાઢવાની જરૂર હોય છે - તેમના ચયાપચય માટે પણ તેની જરૂરિયાત રહે છે.

**૬.) ટ્રેસ મિનરલ્સ (અલ્પ માત્રામાં જરૂરી ખનિજો):**

ઉપરોકત ખનિજો અત્યંત મહત્ત્વપૂર્ણ છે, તેમ છતાં અન્ય 'ટ્રેસ મિનરલ્સ'ને ક્યારેય ભૂલશો નહીં; કારણ કે તે પણ શરીરની ઘણી જૈવિક પ્રક્રિયાઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ટ્રેસ મિનરલ્સ એ શરીર માટે જરૂરી આવશ્યક ખનિજો પૈકીના એક છે. ટ્રેસ મિનરલ્સમાં ઝિંક, ફલોરાઇડ, કોપર, મેંગેનીઝ, આયોડિન, સેલેનિયમ અને ક્રોમિયમનો સમાવેશ થાય છે.

ઉદાહરણ તરીકે, ચરબી, લિપિડ, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ અને ઉત્સેચકોના ચયાપચયમાં ઝિંક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. થાઇરોઇડ હોર્મોનના નિયમન અને પરિણામે શારીરિક તથા માનસિક વિકાસ માટે આયોડિન આવશ્યક છે. મેંગેનીઝ એન્ટીઓક્સિડન્ટ ઉત્સેચક તરીકે કાર્ય કરે છે.

આ આવશ્યક ખનિજો સામાન્ય રીતે સંતુલિત આહાર દ્વારા મેળવવામાં આવે છે. અમુક કિસ્સાઓમાં, ચોક્કસ પોષક તત્ત્વોની ઊણપ અથવા તબીબી સમસ્યાઓ ધરાવતા વ્યક્તિઓ માટે આરોગ્ય નિષ્ણાતો દ્વારા ખનિજ પૂરક (મિનરલ સપ્લિમેન્ટ્સ) લેવાની સલાહ આપવામાં આવી શકે છે, પણ પહેલા આરોગ્ય નિષ્ણાતની સલાહ લેવી મહત્ત્વપૂર્ણ છે. ■

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# ફક્ત સુગંધ પહેરીને ફૂલ ન થવાય, ખરી જવાની પણ હિંમત જોઈએ




યુ નો? આપણું મન એટલે ઇચ્છાઓ ઉત્પન્ન કરતું કારખાનું. હમણાં જ આપણે ઊજવેલી આ જન્માષ્ટમીએ ઇસ્કોન મંદિરમાં કૃષ્ણનો ઠાઠ-ઠઠારો જોઈ મને પણ કૃષ્ણ બનવાની ઇચ્છા થઈ ને મેં કલ્પના કરી કે હું પણ પીતાંબર ને મુગટની જગાએ શક્તિ મુજબ ધોતિયું ને ટોપી પહેરીને, મોરપીંછને બદલે કાગ-પીછ કે કબૂતર-પીછને કલર કરી ટોપીમાં લગાડી, રામદેવ બાબાનું યોગાસન કરતો હોઉં એમ સાણસી જેવી પગની આંટી મારી ઊભો હોઉં. બાજુમાં રંગીન ચણીયાચોળીમાં મારી કલ્પનાની રાધા ઘડિયાળમાં છમાં પાંચ બાકી હોય એમ ડોક નમાવી ઊભી હોય. પ્રદર્શનમાં ફસાયેલું ટોળું અંદર મારા દર્શન માટે તળાવમાં ફરતા બતકોની જેમ ડોકીઓ ઊંચી-નીચી કરતી હોય. આહાહાહા વોટ એ સીન! જલસો પડી જાય.

હવે સવાલ એ હતો કે કૃષ્ણની વાંસળી પર અદ્ભુત માસ્ટરી. પણ આ કાનુડો વાંસળીથી આગળ કેમ ન વધ્યો? ને વધ્યો હોય તો પણ આપણે તબલા પર થાપ મારતા હાર્મોનિયમ પર સૂર મેળવતા ફોટા કે મૂર્તિ જોયા નથી. એના હાથમાં વાંસળી જોતા મને પણ વાંસળી વગાડવાનું તુત ઉપડ્યું. બાકી વન્સ અપોન એ ટાઇમ મને ગાવાની ખુજલી ઉપડેલી ને એક જમાનામાં મારા કંઠનો લાભ આપવા ક્યારેક તો મારું ગળુ બેસી જાય ને સાંભળનારા ઊભા થઈ જાય ત્યાં સુધી ગાવાનું ચાલુ રાખેલું.

મેં તો એકવાર ભજન ગાયેલું 'કાનુડા તું જીવનભર મારે સંગ રહેજે' ત્યાં કોઈ દર્શક બોલ્યો 'એના કરતાં કાલથી જીવનભર તું તારા ઘરે રહેજે' ત્યારથી મને કાળજે એવો જોરદાર ઘા લાગેલો એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે.

અંતે સમાજના લાભાર્થે મેં મારા કંઠનું બલિદાન આપી મન વાળ્યુ વાંસળી તરફ. ચોખ્ખીને ચટ વાત કરું તો કૃષ્ણ વાંસળી વગાડે તો રાધા કે ગોપીઓ ખેંચાઈ આવે ને હું વગાડું તો ઉઘરાણી વાળા આવી જતા. એકવાર તો મેં વાંસળી વગાડી તો મારાં લગ્નના વરઘોડાના લેણદારો આવી મને ધમકાવવા લાગ્યા 'ઇજ્જત જેવી કોઈ હજી પણ બચી હોય ને વહાલી હોય તો તમારા નઈ, તમારા બાપુજીના પણ નઈ, પણ તમારા દાદા જયારે પરણવા ઘોડા પર ચડેલા ત્યારના બૅન્ડવાજાની રકમ બાકી નીકળે છે. બોલો ક્યારે ચૂકવો છો?'

ત્યાં તો મારી પત્ની સુરુ આખો હવાલો પોતાના પર લેતાં બોલી : 'એય બાકીની સગલી. અમે કઈ ભાગી ગયા? મરી ગયા? આટલી જલદી (!) ઉઘરાણી કરો છો? બહુ ઉતાવળ હોય તો ખેંચી જાઓ આ મારા ગગાને તમારા ગ્રૂપમાં. થાય એટલા વસૂલ કરજો ને છતાં પૂરા ન થાય તો અમારા દીકરાનાં લગનમાં વગાડી બધા એક સાથે લઈ જજો. બસ?. યુ નો? મારો ગગો નાક દ્વારા વાંસળી વગાડે છે.'

એ વખતે બૅન્ડવાજાવાળાઓના ચહેરા ચોળાયેલી ચાદર જેવા થઈ ગયા ને બોલ્યા 'શરમ આવવી જોઈએ.'

સુરુ તુરત બોલી 'એ જ તો કહું છું. તોયે ક્યાં શરમાઓ છો?'

'અરે અમને નઈ, તમને શરમ આવવી જોઈએ નાક દ્વારા વગાડેલી વાંસળી વગાડી અમારા જીવન પણ ખારા નથી

બનાવવા, સમજ્યા?'

મેં કીધું : 'આવું અશુભ ન બોલો વહાલા. મીઠું ભલે ખારું હોય પણ રસોઈમાં ભળી જાય તો મીઠું બની જાય.'

આઈ નો કે કાળીયો ઠાકોર વાંસળી વગાડે તો રાધા આંખ બંધ કરી કૃષ્ણના સૂરમાં ખોવાઈ જતી ને હું જ્યારે આંખ

બંધ કરી સૂર મેળવી વગાડતો ત્યારે મારી સુરુ પણ ખોવાઈ જતી. એકવાર એવી ખોવાઈ ગઈ કે આંખ ખોલ્યા પછી એને શોધવા બે જાસૂસ મોકલવા પડેલા. અંતે પોલીસની મદદથી દોઢ દિવસના ગણપતિ ઘરમાં લાવતા હાઈએ એમ શોધી ઘરે મૂકી ગયા. મેં પૂછ્યું 'શું થયું સુરુ, ક્યાં ગયેલી?'

ને એ બોલી 'સુભુ, તમે સંસારમાં મારી સાથે સ્વભાવના સૂર મેળવી શક્યા નથી ને વાંસળીના સૂર છેડવા બેઠા છો? ધિક્કાર છે. કૃષ્ણ બનવાને રવાડે તો ચડ્યા છો પણ એ બનતાં પહેલાં એની જીવનની મુશ્કેલીઓ જાણો છો? એ તકલીફોમાંથી પસાર થઈ શકશો?'

'અરે, ભગવાન મુશ્કેલીમાં?' મેં પૂછ્યું.

'હા, ધ્યાનથી સાંભળી મને જવાબ આપો. અહીં પરિવારમાં ઘરનાને કોઈ પૂરી વાત પૂરી સમજાવી શકતા નથી તો મહાભારતના યુદ્ધમાં અર્જુનને શું સમજાવશો? હવે કુરુક્ષેત્ર જેવા મેદાન અસ્તિત્વમાં જ નથી તો તમારા રથનું પાર્કિંગ ક્યાં કરશો? તમે પત્તામાં સરખી તીનપત્તી નથી રમી શકતા તો અહીં તો મોટું રાજકારણ રમવું પડશે. ડોન્ટ ફિલ બૅડ બકા પણ અહીં તમે મને બરાબર સાચવી શકતા નથી તો રાધા-રુકમણી, ગોપીઓ, મીરાં ને બોનસમાં મેળવેલી સોળ હજારને કેમ સાચવશો? તમે મને એક હાથ રૂમાલ અપાવવામાં ગલ્લાતલ્લા કરો છો તો દ્રૌપદીને હોલસેલમાં સાડીઓ કેવી રીતે પૂરશો? તારા હાથમાં પકડેલો ચાનો કપ થરથર ધ્રુજે છે તો ગોવર્ધન ક્યાંથી ઉપાડીશ? એ યુગમાં કૃષ્ણએ એના સુકલકડી સુદામા પર કેવી કૃપા કરેલી ને આજે તો તમેં પોતે જ ગળી ગયેલા કેળા જેવો સુદામા જેવા થઈ ગયા છો. મહત્ત્વનું તમે વાંસળી વગાડી શકશો, પણ કુરુક્ષેત્રના મેદાનમાં શંખ પણ ફૂંકી શકશો?'

'જન્મથી જ સંઘર્ષ ને સંઘર્ષ છતાં ચહેરા પર પ્રસન્નતા અદ્ભુત. અઘરું છે સુભુ, ફક્ત સુગંધ પહેરીને ફૂલ ન થવાય ખરી જવાની પણ હિમ્મત જોઈએ.'

'બસ સુરુ, મને કૃષ્ણ બનવાના કોઈ અભરખા નથી. તું બોલ 'કૃષ્ણ કનૈયાલાલકી જય.'

શું કહો છો? ■

# રાષ્ટ્રીય પોષણ મહિનો સપ્ટેમ્બર

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com



શરીરને ટકાવવા સારું સ્વાસ્થ્ય જરૂરી છે. મજબૂત શરીર માટે પૌષ્ટિક આહાર અને યોગ્ય પોષણ આવશ્યક પૌષ્ટિક ખોરાક રોગપ્રતિકારક શક્તિ વધારીને શરીરને અનેક બીમારીઓ સામે રક્ષણ આપે છે. પોષણ એ બાયોકેમિકલ અને શારીરિક પ્રક્રિયા છે જેના દ્વારા સજીવ તેના જીવનને ટેકો આપવા ભોજન અને પાણી ઉપયોગ કરે છે.

સપ્ટેમ્બર પૂરો મહિનો રાષ્ટ્રીય પોષણ મહિના તરીકે મનાવાય છે. સુપોષિત ભારત, સક્ષમ ભારત, સશક્ત ભારત એ થીમ છે. ગરીબી કે અસ્વાસ્થ્યકારક ખાદ્ય આપૂર્તિ પોષણ સૂચકાંક પણ પ્રભાવિત છે. ઉચિત પોષણ ઉપલબ્ધ કરાવવા માટે સરકારે આ કાર્ય શરૂ કર્યુ છે. આ કાર્યક્રમ પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આઠ માર્ચ બે હજાર અઢારથી શરૂ કર્યો છે. જેને પોષક અભિયાન યોજના કહેવાય છે. સ્વાસ્થ્ય, તંદુરસ્તી, રોગો અને કુપોષણથી પ્રતિરક્ષાથી લડવાની ક્ષમતાને વિકસિત કરવાની આ યોજના છે. નાગરિકોને પોષણનું મહત્ત્વ સમજાવા અને જાગરુકતા માટેનું આ એક અભિયાન છે. આ યોજના ગર્ભવતી સ્ત્રીઓ, બાળકો કે પુખ્તવયના જે લોકો ગરીબ છે. તેના માટે વધુ ધ્યાન આપે છે. આ અભિયાન દરેકને લાગુ પડે છે.

આધુનિક સમયમાં જે પ્રકારનો ખોરાક કે ભોજન લેવાય, યુવાઓ કે અન્ય મોર્ડન વ્યક્તિ જે અપ્રાકૃતિક, બજારૂ, કેમિકલવાળા, ફકત સ્વાદને આધારિત જ ખોરાક લે છે તેમણે પણ જાણવું જરૂરી છે. કારણ આ અપ્રાકૃતિક કેમિકલવાળા પદાર્થો નાગરિકોને બીમાર કરી રહ્યા છે. આ ફૂડ વેલ્યૂ વગરના ખોરાક પણ કુપોષણમાં જ ગણવા જોઇએ. જે રીતે દવાખાના, હૉસ્પિટલોના ચક્કરો લોકો ખાય છે. ગોળીઓના ડબ્બાઓ સાથે રાખવા પડે છે. એ એક પ્રકારનું કુપોષણ જ છે. ખાદ્યના નિયમો ખૂબ જ સખત રીતે પાલન કરાવવા જરૂરી છે. આ યુવા પેઢી જે રીતે બીમાર પડી રહી છે. એ મોટી ચિંતાનો વિષય છે. વધુ સુવિધાઓને કારણે શારીરિક શક્તિ ક્ષીણ થતી જાય છે. એસીવાળી ઓફિસોમાં બેસીને રૂપિયા કમાવા છે અને અલગ અલગ ખાદ્ય દુકાનો કે રેસ્ટોરન્ટ કે અન્ય જગ્યાએથી ખાવાનું ઓર્ડર મંગાવીને ખાવું છે. જેમાં ફકત સ્વાદ, કેમિકલવાળા વાસી પદાર્થો ખાઇને પૈસાદાર લોકો જે રીતે કુપોષિત થઇ રહ્યાં છે એ તરફ ધ્યાન દોરવું ખૂબ જરૂરી બની ગયું છે.

કહેવાય છે કુપોષણ આજના સમયની ગંભીર વૈશ્વિક સમસ્યા છે. ભારત સહિત અન્ય લાખો લોકો એનો શિકાર છે. કુપોષણ માટે કેવળ ભોજનની કમી નહીં પણ આધુનિક લાઇફ સ્ટાઇલ અને અન્ય સામાજિક કારણો પણ જવાબદાર છે. શરીરને પ્રોટીન વિટામિન અને મિનરલ આવશ્યક માત્રાથી ઓછા મળવા એ તે પણ છે. બદલાતી જીવનશૈલીના કારણે અમીર અને મધ્યમવર્ગ પણ આનો શિકાર બને છે.

ફાસ્ટ ફૂડ, ડબ્બાબંધ, કોલ્ડ્રીંક, ખરાબ રીતે બનેલી ફૂડ આઇટમો જેમાં પોષક તત્ત્વો શૂન્ય છે. આના કારણે વ્યક્તિઓ હીડન ડેન્જરના શિકાર બની રહ્યા છે. આહારમાં અસંતુલન પણ જવાબદાર છે. જે વ્યક્તિને ધીરે ધીરે નબળું અને કુપોષિત બનાવે છે. આની અસર માનસિક સ્વાસ્થ્ય પર પણ પડે છે. જે રીતેના યુવાઓ આંદોલન કરી રહ્યાં છે. તેમનું માનસિક સ્વાસ્થ્ય બગડવું એ બતાવે છે. તેઓ ફાસ્ટફૂડ વધુ પસંદ કરી રહ્યા છે. જેથી તેઓ માનસિક રીતે ઉગ્ર બની રહ્યા છે.

સ્વાસ્થ્યના પ્રોગ્રામ બનાવાથી સ્વાસ્થ્ય નથી મળતું, આની માટેની સમજ કેળવવી જરૂરી છે. આ નાનપણથી આદત પાડવી જરૂરી છે. પોષક તત્ત્વોની જાણકારી પહેલેથી આપવી જરૂરી છે. રિફાઇન્ડ વસ્તુઓનો વપરાશ બંધ કરી દેવાથી કંપની પોતાની મેળે જ બંધ થઇ જશે અને તેઓ નવા વિકલ્પો ગોતશે. જો આ રિફાઇન્ડ ખાદ્ય વસ્તુઓ વપરાશ કરશું તો તે કયારેય બંધ નથી થવાના. ભ્રામક જાહેરાતો બનાવીને વેચવાના છે તેઓ ફકત પોતાનો નફો જ જુવે છે સ્વાસ્થ્ય નહીં.

બાહ્ય ભોજન તેમ જ પેકેટની વસ્તુઓ જેવી કે બિસ્કિટ, ટોસ, ખારી, બટર, આઇસક્રીમ, કોલ્ડડ્રિંક, રિફાઇન્ડ, તેલ, રિફાઇન્ડ સાકર, જામ, કેચઅપ, ચહા, કોફી, ચોકલેટ, નકલી ઘી વગેરે વસ્તુઓ જે ઘરઘરમાં ભરેલી છે. તે કુપોષણનું સૌથી મોટું કારણ છે. આ આપમેળે બંધ કરી દો પછી સરકાર જવાબદાર છે. એવું કહેવું નહીં પડે. આપણે આ વસ્તુઓનો વપરાશ કરી કુપોષિત કે બીમારીના શિકાર થઇએ છીએ એવું કહેવું નહીં પડે. પછી સ્વાસ્થ્યની કોઇ યોજના કે કાર્યક્રમની જરૂર નહીં પડે. હોસ્પિટલોનાં મોટાં બિલ ભરવાની જરૂર નહીં પડે. કોઇ કાર્યક્રમ કે યોજનાથી સુધારો કરવો એ જરૂરી નથી. સ્વથી સુધરવું જરૂરી બનશે. જેથી માનસિક બીમારીઓ કે શારીરિક બીમારીઓના કાર્યક્રમ કે લેખો લખવાની જરૂર નહીં પડે.

આ સપ્ટેમ્બર મહિનો એવો બનાવીએ કે સ્વાસ્થ્ય કાયમ સુખાકારી રહે તે માટેની જાગૃતા આજથી કેળવીએ.

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com

સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...

## અનિદ્રા - ઊંઘ ન આવવી



- સૂતાં પહેલાં ઠંડા પાણી વડે હાથ-પગ ધોઈ તાળવે અને કપાળે ઘી ઘસવાથી ઊંઘ આવે છે.
- ચોથા ભાગનું જાયફળ પાણી સાથે લેવાથી ઊંઘ આવે છે.
- કાંદાનું રાયતું રાત્રે ખાવાથી સરસ ઊંઘ આવે છે.
- પીપરી મૂળના ચૂર્ણની ફાકી લેવાથી અને પગે દિવેલ ઘસવાથી સારી ઊંઘ આવે છે.
- ગોળ સાથે ગંઠોડાનું ચૂર્ણ ખાવાથી અને ઉપર ગરમ દૂધ પીવાથી ઊંઘ આવે છે.
- કુમળાં વેંગણને શેકી, મધમાં મેળવીને સૂતી વખતે લેવાથી સરસ ઊંઘ આવે છે.
- વરિયાળી, દૂધ અને સાકરનું ઠંડું શરબત પીવાથી ઊંઘ સારી આવે છે.
- જાયફળ, પીપરી મૂળ તથા સાકર દૂધમાં નાખી ગરમ કરી સૂતી વખતે પીવાથી સરસ ઊંઘ આવે છે.
- બેથી ત્રણ ગ્રામ ખસખસ વાટીને સાકર અને મધ અથવા સાકર અને ઘી સાથે સૂતી વખતે લેવાથી ઊંઘ સરસ આવે છે.
- ખૂબ વિચાર, વાયુ કે વૃદ્ધાવસ્થાને લીધે વાયુ વધી જવાથી રાતની ઊંઘ ઊડી જાય ત્યારે ગંઠોડાનું ચૂર્ણ બે ગ્રામ જેટલું ગોળ તથા ઘી સાથે ખાવાથી ઊંઘ આવી જાય છે.
- દૂધમાં ખાંડ તથા ગંઠોડાનું ચૂર્ણ નાખી ઉકાળીને પીવાથી ઊંઘ આવે છે.
- રાતના સૂતી વખતે મધ ચાટવાથી ઊંઘ જલદી આવી જાય છે.

## સોજો - મૂઢમાર



- કડવા લીમડાનાં પાન બાફીને સાધારણ ગરમ હોય ત્યારે સોજા પર બાંધવાથી સોજો ઊતરે છે.
- લવિંગ વાટીને તેનો લેપ સોજા પર ચોપડવાથી સોજો ઊતરે છે.
- રાઇ અને સંચળ વાટીને લેપ કરવાથી મૂઢમારનો સોજો ઊતરે છે.
- હળદર અને મીઠાનો લેપ કરવાથી વાગવા કે મચકોડાવાથી આવેલો સોજો મટે છે.
- તલ અને મૂળા ખાવાથી સોજો મટે છે.
- મૂળાનાં પાનનો રસ પીવાથી સોજો મટે છે.
- તાંદળજાનાં પાનનો લેપ કરવાથી સોજો મટે છે.
- ધાણાને જવના લોટની સાથે મેળવીને તેનો લેપ કરવાથી સોજો મટે છે.
- આમલીનાં પાન અને સિંધવ - મીઠું વાટીને તેનો ગરમ લેપ સોજા ઉપર કે ઝલાઈ ગયેલા સાંધા પર ચોપડવાથી સોજો ઊતરે છે.
- મૂઢમાર કે મરડાયેલા હાડકા પર આમલી ને આવળનાં પાનનો લેપ ગરમ કરી લગાડવાથી સોજો ઊતરે છે.
- શિંગોડાની છાલ ઘસીને લેપ કરવાથી સોજો ને દુખાવો મટે છે.
- લસણ, હળદર અને ગોળને મેળવીને તેનો લેપ મૂઢમાર પર કરવાથી આરામ મળે છે.
- સરસિયા કે તેલના તેલમાં થોડો અજમો નાખીને તેલ ગરમ કરી તેલનું સંધિવાના સોજા પર માલિશ કરવાથી આરામ થાય છે.
- મીઠું લસોટીને ચોપડવાથી સોજો ઊતરી જાય છે.
- તુલસીનાં પાનને પીસીને સોજા પર લગાડવાથી સોજો ઊતરી જાય છે.
- જાયફળને સરસિયાના તેલમાં મેળવીને સાંધાઓના સોજા પર લેપ કરવાથી જકડાયેલા સાંધા છૂટા થઈ સોજો મટે છે.
- મૂઢમાર કે મોચ પર લોહચુંબકનો સાઉથ પોલ મૂકવાથી તરત જ આરામ થાય છે અને લોહચુંબક લાકડી જેવું બ્લોક આકારનું હોવું જોઈએ અને નોર્થ પોલ શરીરના બીજા ભાગને અડે નહિ તેની કાળજી લેવી.


## શરદી



- ગરમાગરમ રેતી અથવા રેતીનો શેક કરવાથી શરદી મટે છે.
- ગરમાગરમ ચણા સૂંઘવાથી શરદી મટે છે.
- સૂંઠ, કાળાં મરી અને તુલસીનાં પાનનો ઉકાળો પીવાથી શરદી મટે છે.
- નાગરવેલનાં બે-ચાર પાન ચાવીને ખાવાથી શરદી મટે છે.
- રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં લીંબુનો રસ મેળવીને પીવાથી શરદી મટે છે.
- આદુંનો રસ અને મધ એક-એક ચમચી સવાર-સાંજ પીવાથી શરદી મટે છે.
- રાઇને વાટી મધમાં મેળવીને ખાવાથી શરદી મટે છે.
- ફુદીનો અને આદુંનો ઉકાળો પીવાથી શરદી મટે છે.
- અજમાને વાટી તેની પોટલી સૂંઘવાથી શરદી મટે છે.
- ગરમ દૂધમાં મરીની ભૂકી અને સાકર નાખીને પીવાથી શરદી મટે છે.
- મરી, તજ અને આદુંનો ઉકાળો પીવાથી શરદી મટે છે.
- લીંબુના રસમાં આદુંનું કચુંબર અને સિંધવ નાખી પીવાથી શરદી મટે છે.
- પાણીમાં સૂંઠ નાખી ઉકાળીને પાણી પીવાથી શરદી મટે છે.
- કાળાં મરી અને શેકેલી હળદરનું ચૂર્ણ ગરમ દૂધ સાથે લેવાથી શરદી મટે છે.
- હળદરનો ધુમાડો સૂંઘવાથી શરદી તરત જ મટે છે.
- રાત્રે સૂતી વખતે એક કાંદો ખાવાથી (ઉપર પાણી પીવું નહિ) શરદી મટે છે.
- કાંદાના રસનાં ટીપાં નાકમાં નાખવાથી શરદી મટે છે.
- ફુદીનાનો તાજો રસ પીવાથી શરદી મટે છે.
- ફુદીનાના રસનાં ટીપાં નાખવાથી પીનસ (સળેખમ) મટે છે.
- લવિંગના તેલને રૂમાલમાં નાખી સૂંઘવાથી શરદી, સળેખમ મટે છે.
- સૂંઠના ચૂર્ણમાં ગોળ અને થોડુંક ઘી નાખી તેની ત્રણ-ચાર તોલા જેવડી ગોળીઓ બનાવી સવારે ખાવાથી ચોમાસાની શરદી અને વાયુ મટે છે. વરસતા વરસાદમાં સતત પલળી કામ કરનાર માટે આ ઉપાય ખૂબ જ લાભદાયક છે. આનાથી શરીરની શક્તિ અને સ્ફૂર્તિ જળવાઈ રહે છે.
- સૂંઠ, તલ અને ખડી સાકરનો ઉકાળો કરીને પીવાથી શરદી, સળેખમ મટે છે.
- સાકરનો બારીક પાઉડર છીંકણીની જેમ સૂંઘવાથી શરદી મટે છે.
- તુલસીનાં પાનનો રસ અને આદુંનો રસ મધ સાથે લેવાથી શરદી મટે છે.
- તુલસીનાં પાનવાળી ચા પીવાથી શરદી, સળેખમ મટે છે.
- તુલસી, સૂંઠ, કાળાં મરી અને ગોળનો ઉકાળો કરીને દિવસમાં ત્રણ વાર પીવાથી ગમે તેવી શરદી મટે છે.

# ભારતીયો માટે હાઈ બ્લડ પ્રેશર આટલી મોટી આફત કેમ બની ગયું?

ફોકસ
રેખા દેશરાજ
feedback@bombaysamachar.com



સવારની ભાગદોડ, મોડી રાત સુધી મોબાઇલ સ્ક્રીન પર ચોંટી રહેવું, કામનું સતત દબાણ, જંક ફૂડનું વધતું વ્યસન, સતત ઘટતી ઊંઘ અને શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો એ બધાં પરિબળો છે જેના કારણે છેલ્લા દાયકામાં ભારતીયો માટે હાઈ બ્લડ પ્રેશર એક ગંભીર સમસ્યા બની ગયું છે. આ કોઈ નાની સમસ્યા નથી, પરંતુ સ્વાસ્થ્ય માટે એક ગંભીર ખતરો છે. દર વર્ષે ૧૦ લાખથી વધુ ભારતીયો, જેમની ઉંમર સામાન્ય રીતે ૩૦થી ૪૦ વર્ષની વચ્ચે છે, તેમના માટે હાઈ બ્લડ પ્રેશર 'સાઇલન્ટ કિલર' બનીને સામે આવ્યું છે.

'સાઇલન્ટ કિલર' એટલા માટે કારણ કે ભલે શરીરમાં તેનો પાયો ધીમે ધીમે નખાતો હોય, પરંતુ લાંબા સમય સુધી તેના વિશે કશું જ ખબર પડતી નથી. સામાન્ય રીતે તેના વિશે ત્યારે જ ખબર પડે છે, જ્યારે તે શરીરને જબરદસ્ત રીતે પોતાની ચપેટમાં લઈ ચૂક્યું હોય છે. એક જમાનામાં તેને વયોવૃદ્ધ એટલે કે ઘરડા લોકોની બીમારી માનવામાં આવતી હતી, પરંતુ આજે આ ૩૦થી લઈને ૫૦ વર્ષ સુધીના લોકો માટે એક મોટી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા છે. તેના કારણે હાર્ટ એટેક, બ્રેઇન સ્ટ્રોક અને કિડની ફેલ થવા જેવી સમસ્યાઓ મોટા પ્રમાણમાં વધી છે. કદાચ આ જ કારણ હતું, જેના લીધે વિશ્વ આરોગ્ય સંસ્થાએ વર્ષ ૨૦૦૫માં પહેલીવાર દુનિયાને હાઈ બ્લડ પ્રેશર વિશે ચેતવવા માટે કે તેની ભયાનકતા સમજાવવા માટે ૧૭ મેના દિવસને 'વર્લ્ડ હાઇપર ટેન્શન ડે' તરીકે ઊજવવાના વિચારને ઔપચારિક મંજૂરી આપી હતી, જેનો પ્રસ્તાવ 'વર્લ્ડ હાઇપર ટેન્શન લીગ' દ્વારા કરવામાં આવ્યો હતો.

**ભારતમાં વધતી જતી સમસ્યા**

આમ તો હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા સમગ્ર વિશ્વની ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓમાંથી એક છે, પરંતુ છેલ્લા એક દાયકામાં આ સમસ્યા જેટલી ઝડપથી ભારતમાં વધી છે તેટલી ઝડપથી બીજા કોઈ દેશમાં નથી વધી. તેથી જ ભારતમાં 'વર્લ્ડ હાઇ બ્લડ પ્રેશર ડે' કે 'વર્લ્ડ હાઇપર ટેન્શન ડે'ને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવે છે. આ દિવસનો ઉપયોગ લોકોને આ 'સાઇલન્ટ કિલર' ગણાતી સ્વાસ્થ્ય સમસ્યા વિશે જાગૃત કરવા માટે કરવામાં આવે છે અને દર વર્ષે આ સમસ્યાનો સામનો કરવા માટે કોઈ એક ચોક્કસ રીત પર ભાર મૂકવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે લોકો સમયસર પોતાના બીપી પર નજર રાખે અને તેની નિયમિત તપાસ પ્રત્યે સજાગ રહે. વાસ્તવમાં, ભારતમાં દર વર્ષે જેટલા લોકો બીપીના કારણે મોટી અને ભયાનક સમસ્યાઓમાંથી પસાર થાય છે, તેમાંથી મોટાભાગના લોકોને તે પહેલાં બીપી વિશે કોઈ ખાસ જાણકારી હોતી નથી અથવા જાણકારી હોય છે પણ તેઓ તેના પ્રત્યે ઉદાસીન હોય છે. દેશમાં દર વર્ષે લાખો લોકો જે સ્ટ્રોક અને લકવાનો શિકાર બને છે, તેમાંથી લગભગ અડધા કે તેથી વધુ કેસો બીપીને ગંભીરતાથી ન લેવાને કારણે અથવા તેના પ્રત્યે બેદરકારી દાખવવાને કારણે થાય છે. તેથી જ, આ દિવસ વિશ્વના અન્ય દેશોની સરખામણીએ ભારતીયો માટે વધુ મહત્ત્વપૂર્ણ અને ચેતવણીરૂપ છે.

**વધતા બીપીના કારણ**

સ્વાસ્થ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ભારતીયોમાં બ્લડ પ્રેશર વધવાનું સૌથી મોટું કારણ ભરપૂર પ્રમાણમાં અથાણાં, પાપડ, નમકીન, ઇન્સ્ટન્ટ ફૂડ અને પૅકેટવાળા સ્નેક્સ ખાવાનું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે મોટાભાગના ભારતીયો લાંબા સમય સુધી બ્લડ પ્રેશર જેવી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે અત્યંત બેદરકાર હોય છે. આપણી ખાનપાનની શૈલીમાં એવી અનેક વસ્તુઓ તો સામેલ છે જે બ્લડ પ્રેશર વધારે છે, તેનાથી પણ મોટી વાત એ છે કે ભારતીયોને વધુ પડતું મીઠું ખાવાની આદત છે અને આ મીઠું બ્લડ પ્રેશરની સમસ્યાનાં મુખ્ય કારણોમાંનું એક છે. રસપ્રદ વાત એ છે કે આપણે ભારતીયોની ખાવા-પીવાની રીત એવી છે કે વારંવાર કહેવા અને ચેતવણી આપવા છતાં મોટાભાગના લોકો એ સ્વીકારી જ શકતા નથી કે તેઓ વધુ પડતું મીઠું ખાઈ રહ્યા છે, કારણ કે આપણને તેની આદત પડી ગઈ છે. પહેલાના સમયમાં આપણી જીવનશૈલી આટલી તણાવપૂર્ણ નહોતી, જેના કારણે વધુ મીઠું ખાવા છતાં આપણે આ સમસ્યાનો ભોગ બનતા નહોતા, પરંતુ આજકાલ બદલાતી જીવનશૈલી અને ખાનપાનની અનિયમિત રીતોને કારણે આપણે આ બીમારીનો શિકાર બની ચૂક્યા છીએ.

**ખાંડ અને સ્થૂળતા પણ બ્લડ પ્રેશર સાથે સંબંધિત**

ભારતમાં ડાયાબિટીસ અને સ્થૂળતાના વધતા જતા કિસ્સાઓ પણ હાઈ બ્લડ પ્રેશર સાથે જોડાયેલા છે. જ્યારે સ્થૂળતા વધે છે ત્યારે હૃદયને શરીરની રક્તવાહિનીઓ સુધી લોહી પહોંચાડવા માટે સામાન્ય કરતાં વધુ મહેનત કરવી પડે છે. આનાથી આપણી ધમનીઓ પર દબાણ વધે છે અને અભ્યાસ દર્શાવે છે કે પેટની આસપાસ જમા થયેલી ચરબી હાઈ બ્લડ પ્રેશરના મોટા કારણનો સંકેત છે. કહેવાનો અર્થ એ છે કે જો તમારી કમરનો ઘેરાવો વધી રહ્યો હોય અથવા ફાંદ બહાર આવી રહી હોય તો તે માત્ર તમારી સુંદરતા જ નથી બગાડી રહી, પરંતુ તમારા સ્વાસ્થ્ય માટે પણ ગંભીર ખતરો છે. પરંતુ અસલી સમસ્યા એ જ છે કે ૯૦ ટકા ભારતીયોને ખબર જ નથી પડતી કે તેઓ ખરેખર હાઈ બ્લડ પ્રેશરનો શિકાર છે, કારણ કે સામાન્ય રીતે આપણને કોઈ મજબૂરી કે ઇમર્જન્સી વગર કોઈ પણ ટેસ્ટ કરાવવાની આદત જ નથી હોતી. આ જ કારણ છે કે જ્યાં સુધી આપણે કોઈ સમસ્યાનો શિકાર ન થઈ જઈએ ત્યાં સુધી બ્લડ પ્રેશર પર કોઈ ધ્યાન જ નથી આપતું. મોટાં શહેરોમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ધીરે ધીરે લોકો હાઈ બ્લડ પ્રેશરને લઈને સજાગ થઈ રહ્યા છે, પરંતુ નાનાં શહેરો, કસબાઓ અને ગામડાંઓમાં તો આવી સજાગતા આજે પણ એક 'લક્ઝરી' સમાન છે. પરિણામ એ આવે છે કે આટલા સમજદાર હોવા છતાં, આપણામાંના મોટી સંખ્યામાં લોકો હાઈ બ્લડ પ્રેશરથી અજાણ જ હોય છે; જો સમયસર આ વિશે જાણી લેવામાં આવે તો તેનાથી સરળતાથી બચી શકાય છે.

**બચાવના માર્ગ શું છે?**

- સૌથી પહેલો અસરકારક ઉપાય આપણી જીવનશૈલીમાં સુધારો છે.
- દરરોજ સવારે અને સાંજે ઓછામાં ઓછી ૩૦ મિનિટ ઝડપથી ચાલવાની ટેવ પાડો, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે.
- યોગ અને પ્રાણાયામને તમારી જીવનશૈલીનો હિસ્સો બનાવી લો. તેનાથી બ્લડ પ્રેશરને કાબૂમાં રાખવામાં મદદ મળે છે.
- ખોરાકમાં મીઠાનો ઉપયોગ ઓછો કરો. પૅકેટવાળા સ્નેક્સ, ફાસ્ટ ફૂડ અથવા વધુ પડતા તળેલા ખોરાકથી દૂર રહો.
- ફળો, લીલા શાકભાજી અને આખા અનાજને તમારા રોજિંદા આહારનો મહત્ત્વનો ભાગ બનાવો.
- પુષ્કળ પાણી પીઓ, શરીરને સંતુલિત રાખવામાં આ ઉપાયો કારગર નીવડે છે. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૫ વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મ તેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર પુરુષ લાડકી સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીકએન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ



# લોકમતના કરણ રાજેન્દ્ર દર્ડા આઈએનએસના પ્રમુખ ચૂંટાયા

નવી દિલ્હીઃ ઇન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી (આઇએનએસ)ની ૮૭મી વાર્ષિક સામાન્ય સભામાં કરણ રાજેન્દ્ર દર્ડા (લોકમત)ને ૨૦૨૬-૨૭ના વર્ષના પ્રમુખ તરીકે ચૂંટી કઢાયા હતા. તેઓ વિવેક ગુપ્તા (સન્માર્ગ)ના અનુગામી બન્યા છે.

તન્મય મહેશ્વરી (અમર ઉજાલા) ડેપ્યુટી પ્રેસિડન્ટ, હર્ષ મેથ્યુ (વનિતા) ઉપપ્રમુખ અને અનંત નાથ (ગૃહશોભિકા) માનદ ખજાનચી તરીકે ચૂંટાયા હતા.

મેરી પોલ સોસાયટીના સેક્રેટરી જનરલ છે.

આઇએનએસની કારોબારી સમિતિના ૨૦૨૬-૨૭ માટેના અન્ય સભ્યોના નામ નીચે મુજબ છેઃ

(૧) એસ. બાલાસુબ્રહ્મણિયન આદિત્યન (ડેઈલી થાંથી)
(૨) ગિરીશ અગરવાલ (દૈનિક ભાસ્કર, ભોપાળ)
(૩) સંહિત બાલ (પ્રગતિવાદી)
(૪) સમુદ્ર ભટ્ટાચાર્ય (હિંદુસ્તાન અને હિંદુસ્તાન ટાઇમ્સ, દિલ્હી)
(૫) હોર્મસજી એન. કામા (બોમ્બે સમાચાર)
(૬) ગૌરવ ચોપડા (ફિલ્મી દુનિયા)
(૭) વિજયકુમાર ચોપડા (પંજાબ કેસરી, જલંધર)
(૮) ડૉ. વિજય જવાહરલાલ દર્ડા (લોકમત, નાગપુર)
(૯) જગજિતસિંહ દર્દી (ચઢ્ઢીકલા ડેલી)
(૧૦) પલ્લવી એસ. ડેમ્પો (નવહિંદ ટાઇમ્સ)
(૧૧) વિવેક ગોયંકા (ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઈ)
(૧૨) મહેન્દ્ર મોહન ગુપ્તા (દૈનિક જાગરણ)
(૧૩) પ્રદીપ ગુપ્તા (ડેટાક્વેસ્ટ)
(૧૪) સંજય ગુપ્તા (દૈનિક જાગરણ, વારાણસી)
(૧૫) શૈલેશ ગુપ્તા (મિડ-ડે)
(૧૬) શિવેન્દ્ર ગુપ્તા (બિઝનેસ સ્ટાન્ડર્ડ)
(૧૭) યોગેશ પી. યાદવ (પુઢારી)
(૧૮) રાજેશ જૈન (ન્યૂ ઇન્ડિયા હેરલ્ડ)
(૧૯) સર્વિન્દર કૌર (અજિત)
(૨૦) વિલાસ એ. મરાઠે (દૈનિક હિંદુસ્તાન, અમરાવતી)
(૨૧) ધ્રુવ મુખરજી (આનંદબજાર પત્રિકા)
(૨૨) પી. વી. નિધિશ (બાળભૂમિ)
(૨૩) જાહ્નવી અભિજિત પવાર (સકાળ, પુણે અને નવી મુંબઈ તેમ જ મહારાષ્ટ્ર હેરલ્ડ, પુણે)
(૨૪) રાહુલ રાજખેવા (સેન્ટિનલ)
(૨૫) આર. એમ. આર. રમેશ (દિનાકરન)
(૨૬) અતિદેવ સરકાર (ટેલિગ્રાફ)
(૨૭) અમમ એસ. શાહ (ગુજરાત સમાચાર, વડોદરા અને સુરત)
(૨૮) ડૉ. કિરણ ડી. ઠાકુર (તરુણ ભારત અને તરુણ ભારત સંવાદ)
(૨૯) સૌભાગ્યલક્ષ્મી કાનેકલ ટિળક (મયૂર)
(૩૦) બીજુ વર્ગીસ (મંગલમ્ પ્લસ)
(૩૧) આઇ. વેંકટ (ઇનાડુ)
(૩૨) કુંદન વ્યાસ (વ્યાપાર - જન્મભૂમિ)
(૩૩) કિરણ બી. વડોદરિયા (વેસ્ટર્ન ટાઇમ્સ)
(૩૪) સોમેશ શર્મા (રાષ્ટ્રદૂત સાપ્તાહિક)
(૩૫) જયંત મામ્મેન મેથ્યુ (મલયાલામ મનોરમા)
(૩૬) એલ. આદિમૂલમ્ (હેલ્થ ઍન્ડ એન્ટિસેપ્ટિક)
(૩૭) મોહિત જૈન (ઇકોનોમિક ટાઇમ્સ)
(૩૮) કે. આર. પી. રેડ્ડી (સાક્ષી)
(૩૯) રાકેશ શર્મા (આજ સમાજ)
(૪૦) એમ. વી. શ્રેયાંશ કુમાર (માતૃભૂમિ)
(૪૧) વિવેક ગુપ્તા (સન્માર્ગ). ■

# માયામીમાં વિમાન રન-વેની બહાર નીકળી પાર્ક્ડ વાહનો સાથે અથડાયુંઃ પાંચનાં મોત

માયામીઃ અમેરિકાના માયામી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એમેઝોનનું એક કાર્ગો વિમાન રન-વે પરથી સરકીને બહાર નીકળી ગયું હતું અને પાર્ક થયેલા વાહનો સાથે અથડાયું હતું અને આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયું હતું. આ અકસ્માતમાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા છે અને પાંચ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફેડરલ તપાસકર્તાઓએ આ દુર્ઘટનાનું કારણ નક્કી કરવા તપાસ શરૂ કરી હતી.

આ વિમાન સેન યુઆન, પોર્ટો રિકોથી આવ્યા બાદ રવિવારે બપોરે લગભગ બે વાગ્યે રન-વે પાર કરી ગયું હતું અને એરપોર્ટની આસપાસના વેરહાઉસ કર્મચારીઓ અને અન્ય વ્યવસાયો માટે વપરાતા રસ્તા પર ઘૂસી ગયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ દુર્ઘટનામાં પાંચ લોકો માર્યા ગયા છે, ત્રણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે અને અન્ય બે લોકોને ઓછી ગંભીર ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માયામી-ડેડ રેસ્ક્યૂ ફાયર ચીફ રે જદાલ્લાહે જણાવ્યું હતું કે, આ ક્રેશના કારણે આકાશમાં કાળા ડિબંગ ધુમાડાના ગોટા ઊઠ્યા હતા.

એજન્સીએ જણાવ્યું હતું કે બચાવકર્તાઓએ એક વાહન નીચે ફસાયેલી વ્યક્તિને પણ બહાર કાઢવી પડી હતી.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, વિમાને લેન્ડિંગ કરતી વખતે રનવે પર ટચડાઉન કરતા પહેલાં વધુ પડતું અંતર કાપી લીધું હતું કે કેમ તે બાબત તપાસકર્તાઓ ધ્યાનમાં લે તેવી શક્યતા છે. સામાન્ય રીતે, લેન્ડિંગ ઝોન રન-વેના પ્રથમ ૯૧૪ મીટરની અંદર હોય છે. ■



**ભૂલ કોની?:** અમેરિકાના માયામી એરપોર્ટ પર વિમાન લેન્ડિંગ વખતે રન-વેની બહાર નીકળી ગયું હતું. આમાં ભૂલ કોની એની તપાસ થઈ રહી છે. (એજન્સી)

# કોઈનું નામ આરોપી તરીકે ન હોય તો કંપની સામે ફોજદારી કાર્યવાહીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ કોર્પોરેટ ફોજદારી જવાબદારી અંગેના એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે કંપની સામે ફોજદારી કાર્યવાહી ફક્ત એટલા માટે રદ કરી શકાતી નથી, કારણ કે તપાસ એજન્સીએ કોઈ ચોક્કસ ડિરેક્ટર, કર્મચારી અથવા કોઈ અન્ય વ્યક્તિને, જેના દ્વારા કથિત ગુનો આચરવામાં આવ્યો હતો તેને કેસમાં આરોપી બનાવી નથી.

આ ચુકાદો ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના ઉત્પાદનના પ્રાથમિક વ્યવસાયમાં રોકાયેલી પબ્લિક લિમિટેડ કંપની, સનોફી ઈન્ડિયા લિમિટેડ દ્વારા કર્ણાટક હાઈ કોર્ટના આદેશ સામેની અપીલ પર આવ્યો હતો, જેમાં તેની સામેની કાર્યવાહી રદ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી) માટે દવાઓની કથિત ખરીદી અંગે ઉદ્ભવતા સીબીઆઈ કેસમાંથી ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવા સામે સનોફી ઈન્ડિયા દ્વારા દાખલ કરાયેલી અપીલને ફગાવી દીધી હતી.

ચાર્જશીટમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે બીએઆરસીના એક અધિકારીએ સનોફી ઈન્ડિયા સાથે દવાઓની ખરીદીમાં વધારે પડતા ભાવે કાવતરું ઘડ્યું હતું અને ગેરકાયદેસર લાભ મેળવવા માટે ગેરકાયદેસર રીતે પૈસા ચૂકવવામાં આવ્યા હતા.

જોકે, સનોફી ઈન્ડિયાના કોઈપણ કર્મચારી કે અધિકારીને કંપની સાથે આરોપી બનાવવામાં આવ્યા ન હતા.

કંપનીએ દલીલ કરી હતી કે તેની સામે કોઈ કાર્યવાહી ચાલુ રાખી ના શકાય, કારણ કે તેના પર કોઈ ગુનાહિત ઈરાદો લાગુ કરી શકાયો નથી અને દોષિત ઠેરવવામાં આવે તો તેને સજા તરીકે જેલમાં મોકલી ન શકાય.

જસ્ટિસ પારડીવાલાએ ૯૮ પાનાનો ચુકાદો લખતા કોર્પોરેટ ફોજદારી જવાબદારીને નિયંત્રિત કરતા સિદ્ધાંતો અને કુદરતી વ્યક્તિઓના કાર્યો અને માનસિક સ્થિતિ અથવા લાયાબિલિટી માટે કોર્પોરેશનને કેવી રીતે જવાબદાર ઠેરવી શકાય તેની વિગતવાર તપાસ કરી હતી. (એજન્સી)■

# રાજસ્થાન હાઈ કોર્ટના જજ સામે ચીફ જસ્ટિસને ચોથો પત્ર

નવી દિલ્હીઃ રાજસ્થાન હાઈ કોર્ટના ન્યાયાધીશ સંજીવ પ્રકાશ શર્મા વિરુદ્ધના વિવાદમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંદીપ મહેતાએ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને ચોથો પત્ર મોકલ્યો છે.

પત્રમાં તેમણે શર્મા પર આંતરિક ન્યાયિક તપાસમાં દખલ કરવાનો, ગોપનીયતાનો ભંગ કરવાનો અને વહીવટી સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો છે.

ન્યાયાધીશ મહેતાએ અગાઉ મુખ્ય ન્યાયાધીશને ૨, ૧૦ અને ૧૭ ઑગસ્ટે એમ ત્રણ પત્ર લખ્યા હતા.

પત્રમાં તેમણે રાજસ્થાન હાઈ કોર્ટના તત્કાલીન કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રહેલા શર્મા પર ગેરવહીવટ, ગેરરીતિ, સગાંવાદ અને પક્ષપાતના આરોપો મૂક્યા હતા.

તેમની કોર્ટરૂમની બહાર વકીલોના એક જૂથ દ્વારા કરવામાં આવેલા વિરોધ બાદ રજા પર ઊતરી ગયેલા ન્યાયાધીશ શર્માએ તેમના પર કરવામાં આવેલા આક્ષેપોને પાયાવિહોણા લેખાવ્યા હતા.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ૨૬ ઑગસ્ટે જણાવ્યું હતું કે ન્યાયાધીશ મહેતા દ્વારા શર્મા વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપોનો નિર્ણય જાહેરમાં કરી શકાય નહીં અને કોઈ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં ન્યાયાધીશને ન્યાયસંગત તક આપવી જરૂરી છે.

૩૦ ઑગસ્ટે લખેલા પત્રમાં ન્યાયાધીશ મહેતાએ જણાવ્યું હતું કે તેમની પાસે ન્યાયાધીશ શર્માના મનસ્વી, શંકાસ્પદ અને સ્પષ્ટપણે સત્તાવાદી તેમ જ દાદાગીરીપૂર્ણ કૃત્યો અંગે વધુ સામગ્રી અને માહિતી છે. (એજન્સી)■

# અરવલ્લી પેનલની મુદત લંબાવવાની અરજ ફગાવાઈ

નવી દિલ્હીઃ અરવલ્લી હિલ્સના રક્ષણ અને તેની વ્યાખ્યા સંબંધિત અંતિમ અહેવાલ સુપરત કરવાની મુદત લંબાવી આપવાની માગણી કરતી અરવલ્લી પેનલની વિનંતી સુપ્રીમ કોર્ટે સોમવારે નકારી કાઢી હતી અને ૩૦ નવેમ્બર સુધીમાં અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી ખંડપીઠે પેનલને આ મુદ્દા સંબંધિત વચગાળાનો અહેવાલ સુપરત કરવાનો આદેશ આપ્યો હતો જેથી કરીને કોર્ટ આ મામલે કોઈ નિર્ણય લઈ શકે.

કોર્ટે ચેતવણી આપી હતી કે પેનલ જો સમયસર અહેવાલ સુપરત કરવામાં નિષ્ફળ જશે તો નવી કમિટીની રચના કરવામાં આવશે.

અરવલ્લી મુદ્દે અહેવાલ સુપરત કરવા પેનલને દિવસ-રાત કામ કરવા દો. જો તેઓ બે મહિનામાં અહેવાલ સુપરત નહીં કરી શકે તો અમે નવી કમિટીની રચના કરીશું, એમ મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશે ભારપૂર્વક કહ્યું હતું કે કમિટીએ એકઝાટકે મુદત વધારવાની માગણી કરી હતી અને એવું જણાઈ આવ્યું હતું કે તેઓ મારી નિવૃત્તિની રાહત જોઈ રહ્યા છે. કોર્ટે કેસની આગામી સુનાવણી માટે ૨, ડિસેમ્બર મુકરર કરી હતી. (એજન્સી)■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગૂંગળામણ | PUZZLE |
| ગૂંચ | COIL |
| ગૂંચવણ | KNOT |
| ગૂંથણી | SUFFOCATION |
| ગૂંચળી | KNITTING |

## માતૃભાષાની મહેક

કાળનો આવક અર્થ ક્રોધ - ગુસ્સો પણ થાય છે. કાળ આવવો એટલે ગુસ્સો ચડવો. મરણ પામવું એવો પણ અર્થ છે. કાળ કાઢવો એટલે દુકાળનો વખત ગાળવો. રીસ ઉતારવી તેમ જ વખત ગુમાવવો એવા અર્થ પણ છે. કાળ ચડવો એટલે કંટાળી કે ખીજવાઇ જઈ અમુક ખોટું કામ કરવા તત્પર થવું.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ નોશ NOSOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ફળ   બ) નાક
ક) માંદગી   ડ) ઊંચાઈ

## ઈર્શાદ

*મોત વાસી વાત છે 'ઈર્શાદ' પણ*
*અન્ય તું તાજા ખબર કલ્પી તો જો.*
*ચિનુ મોદી*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | ૪ | ૫ |
| | | | | | ૬ | | | ૭ | |
| ૮ | | | | ૯ | | ૧૦ | ૧૧ | | |
| | | ૧૨ | | | | | ૧૩ | | |
| ૧૪ | | | | | | ૧૫ | | | |
| | | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | | ૨૧ | | |
| | | ૨૨ | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | ૨૬અ | | ૨૭ | | | | | | |
| ૨૮ | | | | | | ૨૯ | | | |

### આડી ચાવી

૧. જૈન મંદિર, દેરાસર (૪)
૩. રદ્દી કાગળ કે કપડાંના ડૂચા (૪)
૬. હિસ્સો (૨)
૭. કીડીને --- અને હાથીને મણ (૨)
૮. સગાઈનું વચન આપેલ કન્યા (૩)
૧૦. નસ (૨)
૧૨. સત્ત્વ, સાર (૪)
૧૩. શિક્ષક (૩)
૧૪. મિયાંબીબી --- તો ક્યા કરેગા કાજી (૨)
૧૫. અંત, છેડે (૨)
૧૬. ફાયદો (૨)
૧૮. --- ભાડું ને સિદ્ધપુરની જાત્રા (૨)
૧૯. વિનાશ (૩)
૨૦. આયુષ્ય (૪)
૨૨. કાવ્ય રચનાર (૨)
૨૪. ઠીંગણું (૩)
૨૬. પરિષદ (૨)
૨૭. લગામ (૨)
૨૮. પારસીઓનું બેસતું વર્ષ (૪)
૨૯. કંદોઈ, સુખડિયો (૪)

### ઊભી ચાવી

૧. જીભ (૩)
૨. સતત, નિરંતર (૪)
૩. ---માં સાગર સમાય નહીં (૨)
૪. સ્ત્રીઓના નાકનું એક ઘરેણું (૨)
૫. ફોજદાર (૪)
૯. ઠેસ (૩)
૧૧. મૂઢ, બેવકૂફ (૩)
૧૬. પાત્ર, યોગ્ય, ઉચિત (૩)
૧૭. ઓરમાન (૩)
૧૯. હાસ્યરસ પ્રધાન નાટક (૪)
૨૧. જંગલમાં એની મેળે સળગતો અગ્નિ (૪)
૨૩. સમ્રાટ રાજા (૩)
૨૫. આશ્ચર્ય (૩)
૨૬અ. રાય--- રાતે ગયા (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ લ | વા | દ | ૨ ના | ૩ મું | | ૪ પ્ર | લો | ૫ ભ | ૬ ન |
| રફ | | | ૭ મ | જ | ૮ બૂ | ત | | ૯ થ | ર |
| ૧૦ ર | ૧૧ ક | ઝ | ક | | મ | | ૧૨ અ | વા | ક |
| | ડ | | ર | | ૧૩ રા | હ | બ | રી | |
| ૧૪ પી | છું | | ણ | | ણ | | જ | | ૧૫ શા |
| ડું | | ૧૬ બા | | ૧૭ શા | | ૧૮ રા | | ૧૯ અ | સ્ર |
| | ૨૦ અ | વ | ગુ | ણ | | ત | | ફ | |
| ૨૧ પો | પ | લું | | પ | | ૨૨ વ | ન | વા | ૨૩ સ |
| ૨૪ ત | જ | | ૨૫ જા | ણ | ૨૬ કા | ર | | | મ |
| ૨૭ રો | શ | ના | ઈ | | ૨૮ બૂ | ત | પ | ર | સ્ત |

## ઓળખાણ પડી?

મીઠો સ્વાદ ને જ્યૂસ માટે જાણીતું તેમજ ચમકીલા પાન ધરાવતું અને Kei Apple તરીકે જાણીતું આ ફળ મુખ્યત્વે ક્યાં જોવા મળે છે?



અ) જાપાન   બ) સાઉથ આફ્રિકા   ક) સોમાલિયા   ડ) હંગેરી

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઘર બહુ ભેંકાર લાગે છે' પંક્તિમાં ભેંકાર શબ્દનો અર્થ જણાવો.

અ) વિકટ   બ) ભંગાર   ક) પ્રતિકૂળ   ડ) ભયાનક

## માઈન્ડ ગેમ

'હાથિયોં કી પહાડિયાં' તરીકે પણ ખ્યાતિ ધરાવતો અન્નામલાઈ પર્વતીય વિસ્તાર ક્યા રાજ્યનો હિસ્સો છે એ જાણો છો?

અ) પંજાબ   બ) કેરળ   ક) મહારાષ્ટ્ર   ડ) આંધ્ર પ્રદેશ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૬ | ૩ | ૭ | | | |
| ૮ | | | ૧ | | | | | |
| | ૭ | | | | ૯ | ૨ | | |
| | ૨ | | | | | ૧ | | |
| ૬ | ૯ | | | | | | ૪ | ૫ |
| | | ૫ | | | | | ૭ | |
| | | ૪ | ૭ | | | | ૫ | |
| | | | | | ૨ | | | ૧ |
| | | | ૪ | ૮ | ૧ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

## સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૮ | ૩ | ૪ | ૭ | ૨ | ૧ | ૬ |
| ૪ | ૧ | ૭ | ૨ | ૯ | ૬ | ૩ | ૮ | ૫ |
| ૨ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૪ |
| ૬ | ૯ | ૫ | ૮ | ૨ | ૩ | ૭ | ૪ | ૧ |
| ૮ | ૭ | ૩ | ૬ | ૧ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૭ | ૯ | ૬ | ૩ | ૮ |
| ૩ | ૨ | ૧ | ૯ | ૫ | ૮ | ૪ | ૬ | ૭ |
| ૭ | ૮ | ૯ | ૪ | ૬ | ૨ | ૧ | ૫ | ૩ |
| ૫ | ૬ | ૪ | ૭ | ૩ | ૧ | ૮ | ૯ | ૨ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગુંગું | DUMB |
| ગુંજ | HUMMING |
| ગુંજાશ | CAPACITY |
| ગુંદર | GUM |
| ગુંબજ | DOME |

**ગુજરાત મોરી મોરી રેઃ** કાણું

**ઓળખાણ પડી?** Miracle Fruit

**માઈન્ડ ગેમ :** મૈનાક પર્વત

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** નુકસાન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) પ્રતિમા પમાણી (૪) ભામિની સંપટ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોર જીવણદાસ વેદ (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) મહેશ એન. સંઘવી (૧૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વિપીન શાહ (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) રમેશભાઈ દલાલ (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) નિતીન જયંતીલાલ બજરિયા (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) સુભાષ મોમાયા (૪૩) મહેશ દોશી








**ગણેશોત્સવ નિમિત્તે ખરીદી :** મુંબઈઃ ગણેશોત્સવને હવે ફક્ત એક અઠવાડિયું બાકી છે ત્યારે, મુંબઈકરો ગણપતિની સામગ્રી ખરીદવા માટે દાદરની છબિલદાસ ગલીમાં ઊમટી પડ્યા હતા. ગણેશમૂર્તિ શણગાર સામગ્રી, પૂજા સામગ્રી, આભૂષણો અને અન્ય વિવિધ વસ્તુઓ ખરીદવા માટે નાગરિકો દિવસભર રસ્તાઓ પર ઊમટી પડ્યા હતા. ગણેશોત્સવ નજીક આવતાની સાથે જ બજારમાં ઉત્સાહનો માહોલ છે અને છબિલદાસ ગલ્લી વિસ્તાર ખરીદી કરવા આવેલા નાગરિકોથી ધમધમતો હતો. આગામી ગણેશોત્સવની પૃષ્ઠભૂમિમાં, બજારોમાં પણ ઘણી ચહલપહલ જોવા મળી છે. (અમેય ખરાડે)

# ઉદ્ધવ સેનાનાં ભૂતપૂર્વ મેયર વિશાખા રાઉતે અમાન્ય જાતિ પ્રમાણપત્રને કારણે નગરસેવકપદ ગુમાવ્યું

મુંબઈઃ શિવસેના (યુબીટી)નાં નેતા વિશાખા રાઉતને મુંબઈ મહાનગરપાલિકામાં નગરસેવક તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યાં છે. પાલઘર જાતિ ચકાસણી સમિતિએ તેમના અન્ય પછાત વર્ગો (ઓબીસી) પ્રમાણપત્રને અમાન્ય ઠેરવ્યા હોવાથી આવું બન્યું છે. મેયર રીતુ તાવડેએ સોમવારે પાલિકાની સામાન્ય સભામાં આ જાહેરાત કરી હતી. ગયા અઠવાડિયે રાજ્ય સરકારે એક જીઆર બહાર પાડીન મુંબઈના ભૂતપૂર્વ મેયર રાઉતને ગેરલાયક ઠેરવી છ વર્ષ માટે તેમના પર ચૂંટણી લડવા પ્રતિબંધ મૂક્યો હતો. રાઉત દાદરના વોર્ડ નંબર ૧૯૧થી ઓબીસી શ્રેણીની મહિલાઓ માટે અનામત બેઠક પર ચૂંટાયા હતાં. તેમણે ભૂતપૂર્વ વિધાનસભ્ય સદા સરવણકરની પુત્રી શિવસેનાના ઉમેદવાર પ્રિયા સરવણકરને ૧૯૭ મતોના નજીવા તફાવતથી પરાજિત કરી હતી. તેમણે ૧૩,૨૩૬ મત મેળવ્યા હતા જ્યારે સરવણકરને ૧૩,૦૩૯ મત મળ્યા હતા. મહાનગરપાલિકાની સામાન્ય સભામાં જાહેરાત કરતા તાવડેએ કહ્યું હતું કે ચકાસણી સમિતિ દ્વારા રાઉતના જાતિ પ્રમાણપત્રને અમાન્ય જાહેર કરવામાં આવતાં હવે તેઓ નગરસેવિકા નથી રહ્યાં. મુંબઈમાં આવી કાર્યવાહીનો સામનો કરનારા રાઉત પાંચમા નગરસેવક છે. અન્ય ઉમેદવારોમાં વોર્ડ નંબર ૧૩૮માંથી ચૂંટાયેલા રોશન શેખ અને કુર્લા પૂર્વના વોર્ડ નંબર ૧૭૦માંથી જીતેલા બુશરા નદીમ મલિકનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

### નવી મુંબઈ ઍરપોર્ટ નજીક યુવતીને ભયાનક અનુભવ

# કૅબ ડ્રાઈવરે શરમજનક કૃત્ય કર્યું

થાણેઃ ચેમ્બુરથી પનવેલ જતી યુવતીને નવી મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ નજીકના નિર્જન સર્વિસ રોડ પર ભયાનક અનુભવ થયો હતો. નરાધમ કૅબ ડ્રાઈવરે પાણી પીવાને બહાને પાછળની સીટ પર આવી વિનયભંગ પછી યુવતીને નિર્વસ્ત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની મધરાતે એક વાગ્યાની આસપાસ બની હતી. યુવતીની બહેનપણીએ મુંબઈના ચેમ્બુરથી પનવેલના નિવાસસ્થાને જવા માટે કૅબ બુક કરાવી આપી હતી.

નવી મુંબઈના ઍરપોર્ટથી આશરે બે કિલોમીટરના અંતરે સર્વિસ રોડ પર ડ્રાઈવર મોહમ્મદ અફઝલ શેખે પાણી પીવાને બહાને કૅબ રોકી હતી. કૅબની બહાર નીકળીને તે પાછળી સીટ પર આવ્યો હતો. યુવતીનો હાથ પકડ્યા પછી તેના કપડાં કાઢવાનો પ્રયત્ન કર્યો હતો.

મદદ માટે બૂમો પાડતી યુવતી આરોપીની ચુંગાલમાંથી છટકી જવામાં સફળ થઈ હતી. તરત જ પરિવારજનોનો સંપર્ક સાધી યુવતી ઘરે પહોંચી હતી. બાદમાં વડીલો સાથે ફરિયાદ નોંધાવવા પનવેલ પોલીસ સ્ટેશને ગઈ હતી.

ઘટના નવી મુંબઈ ઍરપોર્ટ પોલીસ સ્ટેશનની હદમાં બની હોવાથી ગુનો ત્યાં નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપી શેખની શોધ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# નારાજ પત્નીને મનાવવા પતિ ૨૦૦ ફૂટ ઊંચા મોબાઈલ ટાવર પર ચઢી ગયો

નાંદેડઃ ઝઘડા પછી નારાજ થઈને પિયર જતી રહેલી પતિને મનાવી પાછી ઘરે લાવવાના પ્રયાસ રૂપે પતિ ૨૦૦ ફૂટ ઊંચા મોબાઈલ ટાવર પર ચીઢી ગયો હોવાની ઘટના નાંદેડ જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ મુખેડ તાલુકાના બેટમોગરા ખાતે રહેતા શાદુલ શેખ (૪૦)ને બોલવા-સાંભળવાની તકલીફ હતી. તેની પત્ની પણ આ જ સમસ્યાથી પીડાતી હતી. થોડા દિવસ પહેલાં દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. ઉગ્ર બોલાચાલી પછી પત્ની પિયર રહેવા જતી રહી હતી.

કહેવાય છે કે પત્નીને પાછી ઘરે લાવવા સોમવારની સવારે આઠ વાગ્યાની આસપાસ ૨૦૦ ફૂટ ઊંચા મોબાઈલ ટાવર પર ચઢી ગયો હતો. શેખને જોઈ મોટી સંખ્યામાં રાહદારીઓનું ટોળું જમા થયું હતું. પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો પણ પહોંચી ગયા હતા.

શેખ સાસરિયાં સુધી સંદેશો પહોંચાડવા માગતો હતો કે તેની પત્નીને સમજાવીને ફરી ઘરે મોકલાવી દે. પત્ની ઘટનાસ્થળે પહોંચી ત્યારે શેખ ટાવર પરથી નીચે ઊતર્યો હતો. (પીટીઆઈ)■

# ચલો જાલનાઃ જરાંગેએ મરાઠાઓને પાનો ચડાવ્યો

### જરાંગેએ મરાઠાઓને ૧૨ સપ્ટેમ્બરે જાલનામાં તાકાત પ્રદર્શન માટે ભેગા થવા આગ્રહ કર્યો

જાલનાઃ મરાઠા અનામત માટે આંદોલન ચલાવી રહેલા મનોજ જરાંગેએ સોમવારે મહારાષ્ટ્રના જાલનામાં ૧૨ સપ્ટેમ્બરે વિશાળ સંખ્યામાં એકઠા થવા મરાઠાઓને પાનો ચડાવ્યો હતો. જો શાંતિથી દેખાવ કરી રહેલા પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહી કરશે તો રાજ્યવ્યાપી બંધની ચેતવણી પણ આપી હતી. તેમની અનિશ્ચિત ભૂખ હડતાળ ૧૦મા દિવસમાં પ્રવેશી છે.

અંતરાવલી સરાટી ગામમાં વિરોધ સ્થળ પર સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જરાંગેએ રાજ્યના પ્રધાનો પર મરાઠા સમુદાયને છેતરવા સાઠગાંઠ કરવાનો આરોપ મૂકી કહ્યું હતું કે જો તેઓ મુંબઈ તરફ આગળ વધે તો અધિકારીઓ વિવિધ સ્થળોએ વિરોધીઓને રોકવાની યોજના બનાવી રહ્યા છે.

જરાંગેએ પુણે, થાણે, નાશિક અને મુંબઈ સહિતના મુખ્ય જિલ્લાઓના લોકોને ૧૨ સપ્ટેમ્બરે તાકાત દર્શાવવા ભેગા થવા આગ્રહ કર્યો હતો.

૨૯ ઓગસ્ટથી નવેસરથી ભૂખ હડતાળ શરૂ કરનાર જરાંગે મરાઠા સમુદાય માટે ઓબીસી શ્રેણી હેઠળ અનામતની માગ કરી રહ્યા છે, જેમાં હૈદરાબાદ અને સતારા ગેઝેટ રેકોર્ડનો અમલ અને મરાઠા સમુદાયના લાયક સભ્યોને કુણબી જાતિ પ્રમાણપત્રો આપવાનો સમાવેશ થાય છે.

દરમિયાન, પોલીસે કાયદા અને વ્યવસ્થાની સમસ્યા ટાંકી અંતરાવલી સરાટીમાં જરાંગેના વિરોધ સ્થળથી કેટલાક મીટર દૂર પ્રતિ-ભૂખ હડતાળ શરૂ કરનારા ચાર ઓબીસી કાર્યકરોની અટકાયત કરી હતી. (પીટીઆઈ)■

### જાલનામાં ચાર ઓબીસી કાર્યકર્તાઓની અટકાયત

જાલનાઃ મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં મરાઠા અનામત માટે આંદોલન કરી રહેલા મનોજ જરાંગેના વિરોધ સ્થળ નજીક ભૂખ હડતાળ પર ઉતરેલા ચાર ઓબીસી કાર્યકરોની પોલીસે કાયદો અને વ્યવસ્થા કથળી જવાના કારણ આપી સોમવારે અટકાયત કરી હતી.

આ જૂથે રવિવારે જરાંગેના આંદોલન સ્થળથી ૪૦૦ મીટર દૂર અંતરવાળી સરાટી ગામમાં ભૂખ હડતાળ શરૂ કરી રાજ્ય સરકાર ઉપવાસ કાર્યકર્તાને વિશેષ સગવડ આપી રહી છે અને ઓબીસી અધિકારોની અવગણના કરી રહી છે એવો આરોપ મૂક્યો હતો. કાયદો - વ્યવસ્થાની સમસ્યા તેમજ ટ્રાફિક વિક્ષેપની સંભાવનાને પગલે પોલીસે ઓબીસી વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો. દેખાવકારોને જણાવવામાં આવ્યું હતું કે તેમને ગ્રામ પંચાયત કે જમીન માલિક તરફથી સ્થળનો ઉપયોગ કરવાની પરવાનગી નથી.

જરાંગેના અનિશ્ચિત ઉપવાસ તેના ૧૦મા દિવસમાં પ્રવેશ્યા છે. તબીબી સહાય, પાણી અને આઈવીએફનો ઇનકાર કર્યા પછી તેમની તબિયત બગડી ગઈ હોવાના અહેવાલ છે. ■

# ૧૦ સપ્ટેમ્બરથી મરાઠા જાતિ પ્રમાણપત્રો માટે શિબિરોઃ વિખે પાટિલ

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે સોમવારે જણાવ્યું હતું કે નિવૃત્ત જસ્ટિસ શિંદે સમિતિ દ્વારા શોધવામાં આવેલા ૫૮ લાખ રેકોર્ડ્સ ગ્રામ પંચાયતોમાં પ્રદર્શિત કરવામાં આવશે, અને મરાઠાઓને જાતિ પ્રમાણપત્રો માટેની દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવામાં મદદ કરવા માટે ૧૦ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન કેમ્પનું આયોજન કરવામાં આવશે. પ્રધાન વિખે પાટીલે મરાઠવાડાના વિવિધ જિલ્લાના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરીને મરાઠા અનામત અને કુણબી રેકોર્ડ્સ અંગેની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે પરભણી જિલ્લાની જેમ અન્ય જિલ્લાઓને પણ તેમના મળી આવેલા રેકોર્ડ્સ પોતાની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે નિવૃત્ત જસ્ટિસ શિંદે સમિતિ દ્વારા શોધવામાં આવેલા ૫૮ લાખ રેકોર્ડ્સ ગ્રામ પંચાયતોમાં પ્રદર્શિત કરવામાં આવશે, અને મરાઠાઓને પ્રમાણપત્રો માટેની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ કરવા માટે ૧૦ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન કેમ્પ માટે યોગ્ય વ્યવસ્થા કરવા પ્રશાસનને નિર્દેશ આપ્યો હતો. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર પ્રમાણપત્રો આપતી વખતે કાયદાનું પાલન કરશે. ''કોઈપણ કાયદાથી ઉપર નથી. વંશાવલીના રેકોર્ડ્સ અને કાનૂની નિયમોનું પાલન કરીને જ પ્રમાણપત્રો આપવામાં આવશે.'' તેમણે જણાવ્યું હતું કે મરાઠવાડામાં લગભગ ૩.૫ લાખ કુણબી પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું છે, અને ઉમેર્યું હતું કે પાત્ર લાભાર્થીઓને પ્રમાણપત્ર આપતી વખતે નિયમોનું કડક પાલન કરવામાં આવશે. ■

### મરાઠા આંદોલનમાં મૃત્યુ પામેલાઓના વારસદારોને એમઆઇડીસીમાં નોકરી મળશે

બીડઃ મરાઠા અનામત આંદોલન વધુ તેજ બનતા જ રાજ્ય સરકાર પણ હરકતમાં આવી ગઈ છે. મનોજ જરાંગે પાટીલના નેતૃત્વમાં આંદોલનની અસર સમગ્ર રાજ્યમાં જોવા મળી રહી છે. આ દરમિયાન, સરકારે આંદોલન દરમિયાન બલિદાન આપનારા આંદોલનકારીઓના પરિવારના એક સભ્યને હવે એમઆઇડીસીમાં અનુકંપા ધોરણે નોકરી આપવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભમાં રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા નીતિ વિષયક નિર્ણય મુજબ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. બીડના ૮ મૃતક વ્યક્તિઓના વારસદારોને નોકરી મળશે અને તેમની યાદી સામે આવી છે. બીજી તરફ, મરાઠા અનામતની માગણી માટે મનોજ જરાંગે પાટીલના ઉપવાસના પૃષ્ઠભૂમિમાં રાજ્ય સરકારે મોટા નિર્ણયો લેતા ૪ અલગ-અલગ સરકારી આદેશો જાહેર કર્યા છે. આ નિર્ણયો દ્વારા મરાઠા, કુણબી અને એસઇબીસી વર્ગના વિદ્યાર્થીઓને મોટો શૈક્ષણિક અને રોજગારનો દિલાસો આપવામાં આવ્યો છે. ■

# એમપીએસસી પરીક્ષા પેપર લીકઃ પુણેમાં મોટી સંખ્યામાં ઉમેદવારોનો વિરોધ

પુણેઃ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને વિવિધ પરીક્ષાઓમાં કથિત પેપર લીક અને ગેરરીતિ સામે કાર્યવાહીની માગણી સાથે સોમવારે પુણેમાં મોટી સંખ્યામાં એમપીએસસી ઉમેદવારોએ વિરોધ મોરચો કાઢ્યો હતો.

દેખાવકારોએ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ના અધ્યક્ષ અને સચિવના રાજીનામાં અને સ્વચ્છ છબી ધરાવતા અધિકારીઓની તાત્કાલિક નિમણૂકની માગ કરી હતી. મોરચાના અંતે વિરોધીઓએ એમપીએસસીની કામગીરી અને પરીક્ષા પ્રક્રિયાઓ સંબંધિત માગણીઓ ઉઠાવી હતી. એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવાર અને કોંગ્રેસના વિધાનસભ્ય વિશ્વજિત કદમ દેખાવકારો સાથે જોડાઈ તેમની માગણીઓને ટેકો આપ્યો હતો.

વિરોધીઓએ માગ કરી હતી કે કમિશન આઠ દિવસની અંદર ડ્રગ ઇન્સ્પેક્ટર (ગ્રૂપ-બી) પરીક્ષા અંગે ઉઠાવવામાં આવેલા વાંધાઓ અંગે સમજૂતી આપે અને કથિત ગેરરીતિની તપાસ શરૂ કરે. અન્ય માગણીઓ ઉપરાંત, ઉમેદવારોએ ૨૦૨૫ રાજ્ય સેવા મુખ્ય પરીક્ષા અને કૃષિ સેવા પરીક્ષાના વર્ણનાત્મક પેપર્સના મૂલ્યાંકનમાં કથિત ભૂલોની તપાસની માગ કરી હતી. માર્ચમાં યોજાયેલી એમપીએસસી ડ્રગ ઇન્સ્પેક્ટર (ગ્રૂપ-બી) સ્ક્રીનીંગ પરીક્ષાના પ્રશ્નપત્ર લીકની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે.

ઉમેદવારોએ અન્ય પરીક્ષાઓનાં પરિણામો અંગે વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી શંકાઓની સ્વતંત્ર તપાસ અને શંકાસ્પદ પરિણામો અને સફળ ઉમેદવારોનું ફોરેન્સિક ઓડિટ કરાવવાની પણ માગ કરી હતી.

મહારાષ્ટ્રમાં આદિવાસી વિદ્યાર્થીઓ અને નોકરી મેળવવા માગતા લોકોએ હોસ્ટેલની કંગાળ હાલત, વિદ્યાર્થીઓની સલામતી અને પરીક્ષાના પેપર લીકને લઈને વિરોધ પ્રદર્શનો કર્યા છે, જેના પગલે રાજ્ય સરકારે મુખ્ય માગણીઓ સ્વીકારી અને એક નવી પરીક્ષા સુધારણા પેનલની સ્થાપના કરી છે. (પીટીઆઈ)■

# લાતુરમાં હેલ્મેટ વિનાના ૪,૭૩૪ સામે કડક કાર્યવાહી

લાતુર : પહેલી સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં હેલ્મેટ પહેર્યા વગર ટુ-વ્હીલર ચલાવવા બદલ લાતુરના કુલ ૪,૭૩૪ લોકોને દંડ ફટકારવામાં આવ્યા હોવાની માહિતી લાતૂરના એક પોલીસ અધિકારીએ આપી હતી. માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુ ઘટાડવા અને ટુ-વ્હીલર ચાલકોને માથાના ભાગે થતી ગંભીર ઇજાઓ રોકવાના હેતુસર શરૂ કરાયેલ આ અભિયાન તબક્કાવાર રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે, જેમાં પ્રથમ તબક્કામાં નેશનલ અને સ્ટેટ હાઇવે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ ૨૩ પોલીસ સ્ટેશનો તેમજ ટ્રાફિક કંટ્રોલ બ્રાંચ દ્વારા આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આનો હેતુ દંડ દ્વારા આવક એકઠી કરવાનો નથી, પરંતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુ અને ગંભીર ઇજાઓ નિવારવાનો છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. નિયમોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરવાના પગલા રૂપે, હેલ્મેટના વેપારીઓને પણ તપાસનાં સ્થળો પર સહયોગ આપવા વિનંતી કરવામાં આવી છે, જેથી હેલ્મેટ વગરના વાહનચાલકો સ્થળ પર જ તેને ખરીદી શકે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# પાલઘરમાં તબીબો પર હુમલોઃ શિંદેએ શહેર પ્રમુખને સસ્પેન્ડ કર્યા

મુંબઈ/પણજી : મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે શિવસેનાના પાલઘર શહેર પ્રમુખ રાહુલ ઘરાતને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી. તેમની પાર્ટીના હોદ્દેદારો દ્વારા કથિત રીતે એક ખાનગી હોસ્પિટલના કર્મચારીઓ (જેમાં એક ડોક્ટરનો પણ સમાવેશ થાય છે) પર હુમલો કરવામાં આવ્યો હતો, જેને પગલે આ પગલું લેવામાં આવ્યું છે. પણજી ખાતે યોજાયેલી ૨૮મી 'વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલ'ની બેઠકમાં ભાગ લીધા બાદ પત્રકારો સાથે વાત કરતા,શિંદેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી ડોક્ટરો કે અન્ય આરોગ્ય કર્મચારીઓ વિરુદ્ધની હિંસાનું સમર્થન કરશે નહીં. ''પાલઘરની ઘટના અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. ડોક્ટરો કે (હોસ્પિટલના) અન્ય કર્મચારીઓ પર હુમલો કરવો યોગ્ય નથી,'' એમ તેમણે જણાવ્યું હતું.

મુંબઈ નજીક આવેલા પાલઘરની રિલીફ હોસ્પિટલના કર્મચારીઓ પર રવિવારે વહેલી સવારે શિવસેનાના પદાધિકારીઓ અને કાર્યકરોએ કથિત રીતે હુમલો કર્યો, અપશબ્દો કહ્યા અને ધમકી આપી હતી. આ ઘટના 'દહી હાંડી'ના ઘાયલ 'ગોવિંદા'ના તબીબી બિલને લઈને થયેલા વિવાદ બાદ બની હતી. બાદમાં, શિવસેનાના પાલઘર જિલ્લા અને શહેર એકમના વડાઓ તથા એક ધારાસભ્યના પુત્ર સહિત એક ડઝનથી વધુ પદાધિકારીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. શિંદેએ કહ્યું કે જો કોઈ દર્દીના બિલમાં કોઈ અનિયમિતતાઓ હોય, તો કાયદો હાથમાં લેવાને બદલે કાયદેસરની પ્રક્રિયા દ્વારા ફરિયાદ નોંધાવવી જોઈતી હતી. ''શિવસેના આવા વર્તનનું સમર્થન નહીં કરે,'' તેમણે ભારપૂર્વક કહ્યું અને ઘરાતને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી. શિંદેએ પક્ષના કાર્યકરોને પણ ચેતવણી આપી હતી કે ડોક્ટરો અને અન્ય આરોગ્ય વ્યાવસાયિકો સામેની હિંસા કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. (પીટીઆઈ)■

# લાતુરમાં ડાયાફ્રામની ખામી ધરાવતા ત્રણ દિવસના બાળકનો જીવ બચાવાયો

લાતુરઃ મહારાષ્ટ્રના લાતુરની એક સરકારી હૉસ્પિટલના તબીબોએ ડાયાફ્રામની જન્મજાત ખામીને કારણે શ્વાસ લેવામાં તકલીફનો સામનો કરી રહેલા ત્રણ દિવસના નવજાત શિશુ પર સફળતાપૂર્વક જટિલ 'મિનિમલી ઇન્વેસિવ લેપરોસ્કોપિક સર્જરી' કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સોમવારે અહીંની વિલાસરાવ દેશમુખ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ એન્ડ હૉસ્પિટલ ખાતે માત્ર ૩ મિમીના કાપા દ્વારા આ પ્રક્રિયા કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો હતો કે મરાઠવાડાની સરકારી મેડિકલ કોલેજમાં નવજાત શિશુ પર કરવામાં આવેલી આ પ્રકારની આ પ્રથમ શસ્ત્રક્રિયા છે. જન્મજાત ડાયાફ્રામની ખામી ગર્ભાવસ્થા દરમિયાન જ જણાઈ આવી હતી. આ સ્થિતિમાં, ડાયાફ્રામમાં રહેલા અસામાન્ય છિદ્રને કારણે આંતરડાં સહિતના પેટના અવયવો છાતીના પોલાણમાં ઉપરની તરફ ખસી જાય છે. આ ફેફસાંના વિકાસમાં અવરોધ ઊભો કરી શકે છે અને જન્મ પછી શ્વસન સંબંધી ગંભીર તકલીફનું કારણ બની શકે છે.

જન્મના થોડા જ સમય બાદ બાળકને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી અને તેની સ્થિતિ સ્થિર કરવાના પ્રયાસો દરમિયાન તેને વેન્ટિલેટર સપોર્ટ પર મૂકવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

# દિવ્યાંગો માટે સ્માર્ટ નેવિગેશન બનાવી લાતુરના વિદ્યાર્થીઓએ ₹ એક લાખની ગ્રાન્ટ મેળવી

લાતુરઃ શહેરની એક કોલેજના વિદ્યાર્થીઓના જૂથે નેત્રહીન લોકો માટે એક નવીન નેવિગેશન અને ઈમરજન્સી સેફ્ટી સિસ્ટમ વિકસાવવા માટે નાંદેડની સ્વામી રામાનંદ તીર્થ મરાઠવાડા યુનિવર્સિટીમાંથી રૂ. ૧ લાખની ગ્રાન્ટ મેળવી છે.

લાતુરની રાજર્ષિ શાહૂ કોલેજના બેચલર ઓફ વોકેશન કોમ્પ્યુટર ટેકનોલોજીના ત્રણ વિદ્યાર્થીઓ મહાકાલેશ્વર ગાયકવાડ, રાધિકા જાધવ અને વિશાખા ખાનાપુરેએ મળીને આ ખાસ સિસ્ટમ તૈયાર કરી છે. તેમણે બનાવેલા આ પ્રોજેક્ટ ''સ્માર્ટ વિઝન આસિસ્ટઃ દૃષ્ટિહીન લોકો માટે આઇઓટી-આધારિત બુદ્ધિશાળી નેવિગેશન અને ઇમરજન્સી સેફ્ટી સિસ્ટમ''માં ખાસ સેન્સર અને ડિવાઈસ લગાડેલા છે, જે અંધ લોકોને પોતાની આસપાસ શું છે તે જાણવામાં અને સુરક્ષિત રીતે ચાલીને રસ્તો શોધવામાં મદદ કરશે.

આ સિસ્ટમ રસ્તામાં આવતા અવરોધો, દિશાઓ અને ટ્રાફિક વિશે વાસ્તવિક સમયમાં અલર્ટ આપે છે, તેમજ કટોકટીના સમયે વપરાશકર્તાઓને એસઓએસ મેસેજ મોકલવા અને તેમનું લોકેશન શેર કરવાની સુવિધા પણ પૂરી પાડે છે.

યુનિવર્સિટીના 'ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ લિન્કેજિસ ડિપાર્ટમેન્ટ' દ્વારા આ પ્રોજેક્ટના અમલીકરણ અને આગળના વિકાસ માટે રૂ. ૧ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. ■

# ગટર સફાઈથી થતા મૃત્યુનું વળતર પ્રાઈવેટ સોસાયટીઓએ આપવાના સરકારી નિર્ણયને હાઈ કોર્ટે ફગાવી દીધો

મુંબઈઃ હાથથી મેલું ઉપાડવા પર કડક ટિપ્પણી કરતા બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે કે ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે, પરંતુ જાતિ વ્યવસ્થાની સામાજિક મલિનતા યથાવત છે જે નાગરિકોને હીણું કામ કરવા મજબૂર કરે છે.

હાઇ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની નીતિને રદ કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. સરકારના નિર્ણયમાં જોખમભરી સફાઈ દરમિયાન મૃત્યુ પામેલા કામદારોના પરિવારને વળતર આપવાનો બોજ તેમના માલિકો અને પ્રાઈવેટ સોસાયટીઓ પર નાખવામાં આવ્યો હતો.

ન્યાયમૂર્તિ ભારતી ડાંગરે અને ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેની ખંડપીઠે ગયા અઠવાડિયે આપેલા આદેશમાં રાજ્ય સરકારને પીડિતોના આશ્રિતોને તાત્કાલિક વળતર આપવાનો નિર્દેશ આપ્યો હતો. આદેશમાં જણાવાયું છે કે સરકાર ત્યારબાદ જવાબદાર પ્રાઈવેટ કંપનીઓ અથવા નોકરીદાતાઓ પાસેથી રકમ વસૂલ કરી શકે છે. અદાલતે સરકારને છ મહિનાની અંદર, હાથથી સફાઈ કામદારો તરીકે રોજગાર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૨(મ)ની વ્યાખ્યા અનુસાર જોખમી સફાઈ કરતી વખતે મૃત્યુ પામેલા તમામ વ્યક્તિઓની ઓળખ કરવા જણાવ્યું હતું. આ ઓળખ બાદ રાજ્ય સરકારએ આવા દરેક મૃતક વ્યક્તિના આશ્રિતોને ૩૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું રહેશે. અદાલતે ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯ અને ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના દિવસના સરકારી ઠરાવની આઇટમ ૧૧ને પડકારતી ટ્રેડ યુનિયન શ્રમિક જનતા સંઘ અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી

રિટ અરજી પર આ ચુકાદો આપ્યો હતો. (પીટીઆઈ)■

# પાકિસ્તાન ક્રિકેટમાં ફરી ભૂકંપ, ઇંગ્લેન્ડ પ્રવાસમાં શિસ્તભંગ મામલે ક્રિકેટ બોર્ડે શરૂ કરી તપાસ

લાહોર: ઇંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પાકિસ્તાન ક્રિકેટ ટીમના ખેલાડીઓની શિસ્ત અંગે મીડિયામાં ચાલી રહેલી અટકળો વચ્ચે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ સોમવારે જાહેરાત કરી કે તેણે આંતરિક તપાસ શરૂ કરી છે.

પાકિસ્તાને ઇંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટમાં કારમી હાર બાદ ટીમમાંથી સાત ખેલાડીઓને પાછા બોલાવ્યા હતા. પીસીબીના મીડિયા ચીફ આમિર મીરે એક નિવેદનમાં તપાસની જાણકારી આપી હતી, પરંતુ કથિત શિસ્તભંગ અથવા સંડોવાયેલા ખેલાડીઓ વિશે ચોક્કસ વિગતો આપી ન હતી.

તેમણે કહ્યું હતું કે, '' મીડિયામાં શિસ્ત અને આચરણ અંગેના અહેવાલો પછી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શિસ્તભંગની આંતરિક તપાસ શરૂ કરી છે. આ બાબતોની હાલમાં આંતરિક સમીક્ષા કરવામાં આવી રહી છે.'' તેમણે કહ્યું હતું કે, ''પીસીબી તેની સ્થાપિત પ્રક્રિયાઓ અનુસાર આવા મુદ્દાઓ પર વિચાર કરે છે. તપાસ બોર્ડના નિયમો અનુસાર હાથ ધરવામાં આવી રહી છે અને તેમાં સામેલ તમામ વ્યક્તિઓનાં મંતવ્યો પર વિચાર કરશે.''

પીસીબીએ અનુભવી ખેલાડીઓ મોહમ્મદ રિઝવાન, ઇમામ-ઉલ-હક અને સલમાન અલી આગા સહિત સાત ક્રિકેટરોને ઇંગ્લેન્ડ પ્રવાસમાંથી પાછા બોલાવ્યા હતા. શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટ ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. પાકિસ્તાનના ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન મોહમ્મદ યુસુફે પણ એક ટીવી કાર્યક્રમમાં કહ્યું હતું કે ટીમના ડ્રેસિંગ રૂમમાં ''ચોક્કસપણે કેટલીક સમસ્યાઓ'' હતી, જેના કારણે પીસીબીને પગલાં લેવાની ફરજ પડી હતી.

યુસુફે કહ્યું હતું કે, ''આ પગલું ભરવાની હિંમત બતાવવા બદલ હું બોર્ડને શ્રેય આપું છું. આ ખેલાડીઓને પાછા બોલાવવા જરૂરી હતા કારણ કે ટીમમાં સુધારાની જરૂર હતી. પીસીબીના એક અધિકારીએ કહ્યું કે હાલમાં મીડિયામાં ફરતી અટકળો અને અપ્રમાણિત દાવાઓને ગંભીરતાથી લેવા જોઈએ નહીં. તેમણે ઉમેર્યું કે ''ખાસ કરીને બાહ્ય પ્રતિકૂળ સ્ત્રોતો'' તરફથી આવતા અહેવાલો પર વિશ્વાસ કરવો જોઈએ નહીં. તેમણે સ્પષ્ટતા કરી કે પીસીબી આ બાબતે વધુ ટિપ્પણી કરશે નહીં.

પાકિસ્તાની મીડિયામાં વ્યાપક અહેવાલો આવ્યા છે કે લોર્ડ્સમાં બીજી ટેસ્ટમાં હાર બાદ સુરક્ષા અધિકારીઓએ હોટલ પરત ફર્યા પછી ખેલાડીઓના મોબાઇલ ફોનની તપાસ કરી હતી. આ મોબાઇલ ડિવાઈસમાંથી ડેટા પણ ડાઉનલોડ કરવામાં આવ્યો હતો. ■

# દુલીપ ટ્રોફી ફાઈનલમાં ઈશાન કિશનનું તોફાન, ઝંઝાવાતી ડબલ સેન્ચુરીઃ ઈસ્ટ ઝોનનો ૭૦૮ રનનો મહાકાય સ્કોર

ચેન્નઈ : દુલીપ ટ્રોફી ફાઇનલના બીજા દિવસે ઈસ્ટ ઝોનના બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. કેપ્ટન ઇશાન કિશન ભલે ત્રેવડી સદી ચૂકી ગયો હોય પરંતુ તેની શાનદાર ઇનિંગની મદદથી ઈસ્ટ ઝોને સાઉથ ઝોન સામે પ્રથમ ઇનિંગમાં ૭૦૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ઈસ્ટ ઝોનનો પ્રથમ દાવ સમાપ્ત થતાં જ બીજા દિવસની રમત પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

ઈસ્ટ ઝોન તરફથી કેપ્ટન ઇશાન કિશને આક્રમક બેટિંગ કરી હતી. તેણે ૩૩૪ બોલમાં ૨૭૦ રન ફટકાર્યા હતા જેમાં ૩૦ ચોગ્ગા અને સાત છગ્ગાનો સમાવેશ થાય છે. કુમાર કુશાગ્રે પણ ૧૩૨ બોલમાં ૧૦૧ રન કર્યા હતા. જેમાં આઠ ચોગ્ગા અને પાંચ છગ્ગાનો સમાવેશ થાય છે. બીજા દિવસે ઇશાન રિટાયર્ડ હર્ટ થઈને પેવેલિયન પરત ફર્યો હતો પરંતુ બાદમાં તે બેટિંગ કરવા આવ્યો અને બેટિંગ કરી હતી.

ઈસ્ટ ઝોન તરફથી મુકેશ કુમાર આઉટ થનારા છેલ્લો બેટ્સમેન હતો. ઈસ્ટ ઝોન તરફથી અનુકુલ રોયે ૪૫, મોહમ્મદ કૌનેન કુરેશીએ ૪૦ અને મોહમ્મદ શમીએ ૨૮ રન કર્યા હતા. સાઉથ ઝોન તરફથી ત્રિપુરાણા વિજયે સૌથી વધુ ચાર વિકેટ લીધી, જ્યારે ચામા મિલિંદ અને શ્રેયસ ગોપાલે બે-બે વિકેટ લીધી. શેખ રશીદ એક વિકેટ લેવામાં સફળ રહ્યો હતો.

ઈસ્ટ ઝોને બીજા દિવસની શરૂઆત ચાર વિકેટે ૩૮૫ રનથી કરી હતી. ઈશાને કુમાર કુશાગ્ર સાથે પાંચમી વિકેટ માટે ૨૩૦ રનની ભાગીદારી કરી હતી. જોકે, કુમાર કુશાગ્ર સદી ફટકાર્યા બાદ આઉટ થયો હતો. ટીમે ૪૭૧ રન પર પાંચમી વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ ઈશાને અનુકુલ રોય સાથે ૧૪૦ રનની ભાગીદારી કરી હતી.

દુલીપ ટ્રોફી ફાઇનલમાં બેવડી સદી ફટકારનાર ઇશાન કિશન ઈસ્ટ ઝોનનો પહેલો બેટ્સમેન છે. ઈશાન કિશન દુલીપ ટ્રોફીમાં બેવડી સદી ફટકારનાર ઈસ્ટ ઝોનનો ત્રીજો બેટ્સમેન છે. આ પહેલા ફક્ત અરુણ લાલ અને સબા કરીમે જ આ સિદ્ધિ મેળવી હતી. અરુણ લાલે ૧૯૮૬-૮૭ દુલીપ ટ્રોફી સીઝનમાં બે બેવડી સદી ફટકારી હતી, જ્યારે સબા કરીમે ૧૯૯૫-૯૬માં આ સિદ્ધિ મેળવી હતી. ઈશાન કિશન દુલીપ ટ્રોફીની ફાઇનલમાં બેવડી સદી ફટકારનાર છઠ્ઠો બેટ્સમેન છે. રમણ લાંબા, અંશુમન ગાયકવાડ, યુસુફ પઠાણ, ચેતેશ્વર પૂજારા અને યશસ્વી જયસ્વાલ પહેલાથી જ આ પ્રતિષ્ઠિત યાદીમાં છે. ■





**ભાઈ, ગજબ કરીઃ** ચેન્નઈમાં દુલીપ ટ્રોફીની ફાઈનલમાં શાનદાર ડબલ સેન્ચુરી કરી ઈશાન કિશને જબરજસ્ત પ્રતિભાનો પુરાવો આપ્યો. કિશનની બૅટિંગ પર ફીદા થયેલા હરીફ ટીમ સાઉથ ઝોનના કૅપ્ટન તિલક વર્મા પણ તેને ભેટીને અભિનંદન આપવાનું ચૂક્યો નહોતો.

## વધુ પડતું વિચારવું નહીં એ સફળતાનું રહસ્યઃ કિશન

ચેન્નઇ : દુલીપ ટ્રોફીની ફાઈનલમાં સાઉથ ઝોન સામે ઈસ્ટ ઝોનના કેપ્ટન ઈશાન કિશને શાનદાર ૨૭૦ રન ફટકાર્યા હતા. કિશનના કરિયરમાં અનેક ઉતાર ચઢાવ રહ્યા હતા. બેવડી સદી ફટકાર્યા બાદ ઈશાન કિશને કહ્યું કે તેણે પોતાની કારકિર્દીના ખરાબ તબક્કામાં 'વધુ પડતો વિચાર' કર્યા વિના અને ''અપેક્ષાઓ'' પરથી પોતાનું મન હટાવીને ફક્ત બેટિંગ પર ધ્યાન આપવાનું શરૂ કર્યું અને તેના પરિણામોથી તે ખૂબ ખુશ છે.

બીજા દિવસની રમતના અંતે ઈશાન કિશને પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, મેં મારી જાતને બદલવાનો કોઈ ખાસ પ્રયાસ કર્યો નથી. હું (ભારત) ટીમમાંથી બહાર હતો ત્યારે મને સમજાયું કે અમારે આખરે ફક્ત એક જ કામ કરવાનું છે. ફક્ત રન બનાવવાનું. અન્ય કોઈપણ વિચારો તમારા મગજને ભટકાવી શકે છે. મને સમજાયું કે તે ફાલતું વિચારોની જરૂરી નથી. અમારું કામ ટીમ માટે મેચ જીતવાનું છે. તમારે ફક્ત આટલી જ કાળજી લેવી જોઈએ. ■

# ચેમ્પિયન્સ લીગની મેચમાં નેપાળના પૂરપીડિતોને અપાશે શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી : નેપાળમાં આવેલા વિનાશક પૂરથી પ્રભાવિત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા યુરોપિયન ફૂટબોલની ટોચની સંસ્થા યુઈએફએ એ સોમવારે જણાવ્યું હતું કે આ અઠવાડિયામાં રમાનારી તમામ ચેમ્પિયન્સ લીગ મેચો પહેલા એક મિનિટનું મૌન પાળવામાં આવશે. નોંધનીય છે કે સોમવારે નેપાળમાં મૃત્યુઆંક વધીને ૧,૩૫૫ થયો હતો. અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી વધુ મૃતદેહો બહાર કાઢ્યા હતા. બચાવ ટીમો ઓછામાં ઓછા ૫૮૯ વિદેશી નાગરિકો સહિત ૪,૯૯૬ ગુમ થયેલા લોકોને શોધી રહી છે. નેપાળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં કુલ ૧૩,૩૯૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. યુઈએફએ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ''આ અઠવાડિયાની તમામ યુઈએફએ ચેમ્પિયન્સ લીગ મેચો પહેલા એક મિનિટનું મૌન પાળવામાં આવશે અને એકતા અને સમર્થનના પ્રતીક તરીકે એક બેનર પ્રદર્શિત કરવામાં આવશે. બેનરમાં સંદેશ હશે ''તમે એકલા નથી, નેપાળ.''

યુઈએફએના પ્રમુખ એલેક્ઝાન્ડર સેફેરીને કહ્યું કે યુરોપિયન ફૂટબોલ પરિવાર આ અઠવાડિયાની મેચો પહેલા નેપાળના લોકોના સમર્થનમાં એક સાથે ઊભો રહેશે. આ દુર્ઘટનામાંથી તેઓ બહાર આવે તે માટે તેમને શક્તિ અને ધીરજ મળે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ. આ અઠવાડિયે ચેમ્પિયન્સ લીગની મેચોમાં ૯ સપ્ટેમ્બરે કેમ્પ નાઉ ખાતે બાર્સેલોના ફેયેનોર્ડનો સામનો કરશે, જ્યારે ૧૦ સપ્ટેમ્બરે એનફિલ્ડ ખાતે લિવરપૂલનો સામનો એટ્લેટિકો મેડ્રિડ સામે થશે. મંગળવારથી સમગ્ર પ્રદેશમાં કુલ ૧૪ મેચ રમાશે. ■

# શીતલ દેવી વર્લ્ડ પેરા સિરીઝ ફાઈનલમાં પહોંચી, સરિતા બ્રોન્ઝ માટે રમશે



અમદાવાદઃ વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન શીતલ દેવી વર્લ્ડ તીરંદાજી પેરા સીરિઝ (સ્ટેજ ૩) ના ત્રીજા દિવસે સોમવારે મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત ઇવેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. જમ્મુની તીરંદાજ શીતલે સરિતાને ૧૪૫-૧૪૩ થી હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. હવે તેનો સામનો કઝાકિસ્તાનની એઝાદા સેડાન સામે થશે. સરિતા બ્રોન્ઝ મેડલ માટે ચીનની વાંગ હુઇતિંગ સામે રમશે.

કમ્પાઉન્ડ મેન્સ ઇવેન્ટમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન અને વિશ્વ નંબર વન ખેલાડી તોમાન કુમારને ટોચના ક્રમાંકિત ઇન્ડોનેશિયાના કેન સ્વાગુમિલાંગે ૧૪૬-૧૪૪ થી હરાવ્યો. હવે તે બ્રોન્ઝ મેડલ માટે ઇરાકના અબ્બાસ ખાદીમ સામે રમશે. કેને ક્વાર્ટર ફાઇનલમાં ભારતના ગુરવિંદર સિંહને ૧૪૩-૧૪૪-૧૪૧થી હરાવ્યો હતો. પુરુષોની ડબલ્યૂ૧ કેટેગરીમાં ભારતનું અભિયાન સમાપ્ત થઈ ગયું છે. પાંચમા ક્રમાંકિત આદિલ મોહમ્મદ નઝીર અંસારી અને નવમા ક્રમાંકિત નુરુદ્દીન પોતપોતાની મેચ હારી ગયા હતા. બીજી ક્રમાંકિત સ્વાતિ ચૌધરી મહિલા શ્રેણીમાં બ્રોન્ઝ મેડલ માટે રમશે. તેણી છઠ્ઠા ક્રમાંકિત ચીનની લિયુ જિંગ સામે ૧-૭થી હારી ગઈ હતી. ■

# કેવિન પીટરસનને મળી મોટી જવાબદારી, ઈંગ્લેન્ડની વન-ડે અને ટી-૨૦ ટીમનો મેન્ટર




લંડન : ભૂતપૂર્વ કેપ્ટન કેવિન પીટરસનને આગામી વર્ષે દક્ષિણ આફ્રિકામાં રમાનારા આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ માટે ઈંગ્લેન્ડની વ્હાઇટ-બોલ ટીમના સ્પેશિયાલિસ્ટ મેન્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પીટરસન આ મહિનાના અંતમાં શ્રીલંકા સામેની ટી-૨૦ અને વન-ડે સીરિઝ માટે મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમ સાથે જોડાશે. કોચિંગ સ્ટાફમાં માર્કસ ટ્રેસ્કોથિક, ટિમ સાઉથી, જીતન પટેલ અને સારા ટેલરનો પણ સમાવેશ થાય છે.

તેઓ આ વર્ષે ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાના વન-ડે અને ટી-૨૦ સીરિઝ દરમિયાન ટીમ સાથે રહેશે. ત્યારબાદ પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ સામેની ઘરઆંગણાની શ્રેણી અને વર્લ્ડ કપમાં પણ ટીમ સાથે રહેશે.

પીટરસને ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''દક્ષિણ આફ્રિકામાં રમાનારા વર્લ્ડ કપમાં ટીમને મદદ કરવાનું કહેવામાં આવ્યું તે મારા માટે સન્માનની વાત છે. ૨૦૧૪ પછી પહેલીવાર ફરીથી ઈંગ્લેન્ડની જર્સી પહેરવી મારા માટે ગર્વની ક્ષણ હશે.''■

# જુનિયર ડેવિસ કપ માટે ભારતીય ટીમ સામેલ, રિભાવ, તવિશાને મળ્યું સ્થાન

નવી દિલ્હી : ભારતના ટોચના અંડર-૧૬ ખેલાડી રિભાવ સરોહા ૨ થી ૮ નવેમ્બર દરમિયાન ઇજિપ્તની રાજધાની કાઇરોમાં યોજાનાર જુનિયર ડેવિસ કપ ફાઇનલ્સમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ઓલ ઇન્ડિયા ટેનિસ એસોસિયેશન (એઆઈટીએ) એ સોમવારે ટીમની જાહેરાત કરી હતી જેમાં રિભાવ સિવાય ઋતિક કટકમ અને તવિશ પાહવા સામેલ છે.

ભારતીય ટીમ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં વિશ્વની ટોચની ટીમો સામે સ્પર્ધા કરશે, જેમાં ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચેકિયા, ઇજિપ્ત, સ્પેન, ફ્રાન્સ, હંગેરી, ઇટલી, જાપાન, કઝાકિસ્તાન, મોરોક્કો, સર્બિયા, અમેરિકા અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. રાણા બેનરજી ટીમના કોચ રહેશે. તેમના માર્ગદર્શન હેઠળ ભારતીય ટીમે ફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. તે હવે ટીમ સાથે કાઇરો જશે. જુનિયર ડેવિસ કપ ફાઇનલ પ્રથમ વખત આફ્રિકન દેશમાં યોજાઈ રહી છે. બધી મેચ માટીના કોર્ટ પર રમાશે. ■

## ક્રિકેટને વૈશ્વિક બનાવવા માટે ભારત-જાપાનની મેચ મહત્ત્વપૂર્ણઃ બીસીસીઆઇ

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ કંન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ દેબજિત સૈકિયાએ સોમવારે જણાવ્યું હતું કે આ મહિને યોજાનારી ભારત અને જાપાન વચ્ચેની એકમાત્ર ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ નવા દર્શકોને આકર્ષિત કરીને ક્રિકેટને વૈશ્વિક રમત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ભારત અને જાપાન ૧૯ સપ્ટેમ્બરથી જાપાનના આઈચી નાગોયામાં શરૂ થનારા એશિયન ગેમ્સ પહેલા બાવીસ સપ્ટેમ્બરે જાપાનમાં પ્રથમ વખત ઐતિહાસિક ટી-૨૦ મેચ રમશે.

આ મેચ તોચિગી પ્રાન્તના સાનો ઇન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. સુઝુકી કપના ભાગ રૂપે આયોજિત આ મેચ ભારત અને જાપાન વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કરવામાં આવી રહી છે. સૈકિયાએ જણાવ્યું હતું કે આ મેચ આઈસીસી પ્રમુખ જય શાહના ક્રિકેટને નવા ક્ષેત્રોમાં લઈ જવાના પ્રયાસોના ભાગ રૂપે આયોજિત કરવામાં આવી છે.

સૈકિયાએ 'એક્સ' પર લખ્યું હતું કે, ક્રિકેટની વૈશ્વિક સફર એવી ક્ષણો દ્વારા આકાર પામે છે જે રમતને તેની પરંપરાગત સીમાઓથી આગળ લઈ જાય છે. ભારત-જાપાન ટી-૨૦ મેચ એવી જ એક ક્ષણ છે, જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને જાપાન લઈ જાય છે, નવા પ્રેક્ષકો સાથે જોડે છે અને અપાર સંભાવના ધરાવતા આ ક્ષેત્રમાં રમતની હાજરીને મજબૂત બનાવે છે. ભારત ટી-૨૦ વર્લ્ડ કપમાં ગત ચેમ્પિયન અને નંબર વન ટીમ છે, જ્યારે જાપાન આઈસીસી ટી-૨૦ રેન્કિંગમાં ૪૧મા ક્રમે છે. ■

# ભારત સામે ઘમંડ દેખાડવાનું ભારે પડ્યુંઃ પાકિસ્તાન મહિલા ટીમની કેપ્ટનને દંડ

દુબઈઃ પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન ફાતિમા સનાને એશિયા કપ ૨૦૨૬માં ભારત સામેની મેચ દરમિયાન આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.

આઈસીસી અનુસાર, ફાતિમાને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને સાથે જ તેને ડિમેરિટ પોઈન્ટ પણ મળ્યો છે.

આ ઘટના શનિવારે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની ગ્રૂપ-એ મેચમાં બની હતી. ભારતની ઈનિંગની બીજી ઓવરમાં ફાતિમા સનાએ ઓપનર શેફાલી વર્માને આઉટ કરી પેવેલિયન તરફ ઈશારો કર્યો હતો.

આઈસીસીએ આ ઈશારાને આચારસંહિતાનું લેવલ ૧ ઉલ્લંઘન માન્યું હતું. જોકે, ફાતિમાએ પોતાની ભૂલ સ્વીકારી હતી તેથી વધુ સુનાવણીની જરૂર નહોતી. આઈસીસી અનુસાર, ૨૪ મહિનામાં આ ફાતિમા સનાનો બીજો આચારસંહિતાનો ભંગ છે. તેને અગાઉ ૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ આયરલેન્ડ સામેની પ્રથમ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની મેચમાં ડિમેરિટ પોઈન્ટ મળ્યો હતો. સનાના હવે કુલ બે પોઈન્ટ છે.

લેવલ ૧ના ઉલ્લંઘનના પરિણામે ખેલાડીને ચેતવણી અથવા તેની મેચ ફીના ૫૦ ટકા સુધીનો દંડ થઈ શકે છે. વધુમાં એક કે બે ડીમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવી શકે છે. ૨૪ મહિનાના સમયગાળામાં ચાર કે તેથી વધુ ડીમેરિટ પોઈન્ટ મળે તો સસ્પેન્શન અને પ્રતિબંધ લાગી શકે છે. ■

## ટેસ્ટમાં મર્યાદિત તકો મળે છે, હળવાશથી ન લઈ શકાયઃ પડિક્કલ




ચેન્નઈઃ ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવું સરળ નથી અને તક પણ મર્યાદિત મળે છે એટલા માટે કર્ણાટકના બેટ્સમેન દેવદત્ત પડિક્કલ શ્રીલંકાના તાજેતરના પ્રવાસમાં સતત બે સદી ફટકારવા છતાં કોઈ પણ બાબતને હળવાશથી લઈ રહ્યો નથી. નંબર ત્રણ પર નિયમિત બેટ્સમેન સાઈ સુદર્શનને પગમાં ઈજા થવાના કારણે પડિક્કલને શ્રીલંકા સામે બે ટેસ્ટ રમવાની તક મળી અને તેણે તેનો મહત્તમ ફાયદો ઉઠાવીને ત્રણ ઇનિંગ્સમાં ૩૨૮ રન ફટકાર્યા હતા.

પડિક્કલે કહ્યું હતું કે આજકાલ તમને મર્યાદિત તકો મળે છે અને ટીમમાં સ્થાન મેળવવું સરળ નથી. તેને કોઈ પણ બાબતને હળવાશથી લેવી જોઈએ નહીં. વ્યક્તિગત રીતે હું ફક્ત રન બનાવતો રહેવા માગું છું અને ભારતીય ટેસ્ટ ટીમની જીતમાં ફાળો આપતો રહેવા માગું છું. જ્યાં સુધી હું તે કરતો રહીશ મને વિશ્વાસ છે કે હું ટીમમાં મારું સ્થાન જાળવી રાખીશ. જ્યાં સુધી હું રન બનાવતો રહીશ ત્યાં સુધી હું માનું છું કે તે હંમેશાં ટીમને ફાયદો કરશે. જેમ આપણે બધા જાણીએ છીએ ટેસ્ટ ક્રિકેટ સરળ ફોર્મેટ નથી.■

# વિરાટ-રોહિત સૌથી મોટા પડકારઃ કિવી કૅપ્ટન સૅન્ટનર

મુંબઈઃ ન્યૂ ઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરે ભારતના અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્માને આગામી વન-ડે સિરીઝ માટે એક મોટો પડકાર ગણાવતા કહ્યું કે ભૂતકાળમાં આ બે મહાન ખેલાડીઓને ન્યૂ ઝીલેન્ડની પીચો પસંદ આવી છે પરંતુ તેમને આશા છે કે આ વખતે પરિસ્થિતિઓ અલગ હશે. કોહલી અને રોહિત હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ફક્ત ૫૦ ઓવરના ફોર્મેટમાં જ રમે છે. ભારત અને ન્યૂઝીલેન્ડ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં પાંચ વન-ડે, પાંચ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય અને બે ટેસ્ટ મેચ રમવાના છે. સેન્ટનરે મુલાકાતમાં કહ્યું હતું કે, વિરાટ-રોહિત પડકાર હશે. અમે લાંબા સમયથી જોયું છે કે તે બંને હજુ પણ ખૂબ સારા ખેલાડીઓ અને વન-ડે ક્રિકેટમાં નિષ્ણાત છે. ભૂતકાળમાં ન્યૂઝીલેન્ડની કેટલીક પીચો ખરેખર તેમના માટે યોગ્ય રહી છે. આશા છે કે આ વખતે એવું નહીં થાય.

સેન્ટનરે ભારત-ન્યૂ ઝીલેન્ડ શ્રેણીને વર્લ્ડ કપની તૈયારીનો એક મહત્ત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો. સેન્ટનરે કહ્યું હતું કે, એમાં કોઈ શંકા નથી કે આ એક શાનદાર શ્રેણી હશે. આ આવતા વર્ષના વન-ડે વર્લ્ડ કપની તૈયારીઓનો એક ભાગ છે. દરેક ટીમ મર્યાદિત ઓવરની મેચોમાં વર્લ્ડ કપ માટે પોતાનું શ્રેષ્ઠ સંયોજન શોધવાનો પ્રયાસ કરી રહી છે.'' ■

# સ્મૃતિને વખોડી એટલે ભૂતપૂર્વ મહિલા ભારતીય ક્રિકેટર મીડિયામાં જબરદસ્ત ટ્રૉલ થઈ

દુબઈઃ ભારતની મહિલા ક્રિકેટ ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાની કારકિર્દી પૂરી થવાને હજી ઘણા વર્ષો બાકી છે ત્યારે તે અત્યારથી જ બૅટિંગ-લેજન્ડની હરોળમાં ગણાવા લાગી છે અને આવી સમયે જો કોઈ તેની ટીકા કરે એ તેના ચાહકોથી સહન ન થાય એ સ્વાભાવિક છે. સ્મૃતિનો અત્યારે સુવર્ણકાળ ચાલે છે, કારણકે હજી ગયા અઠવાડિયે તે મહિલા ક્રિકેટમાં સૌથી વધુ ૧૦,૮૮૦ આંતરરાષ્ટ્રીય રન બનાવનાર ખેલાડી બની તેમ જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેણે સૌથી વધુ ૧૮ સેન્ચુરીનો વિશ્વ વિક્રમ પણ પોતાના નામે કરી લીધો છે.

જોકે ભારતની જ ભૂતપૂર્વ ક્રિકેટર અંજુમ ચોપડાએ શનિવારે પાકિસ્તાન સામેની મૅચમાં ફક્ત નવ રન બનાવીને એલબીડબ્લ્યૂમાં આઉટ થનાર સ્મૃતિની ટીકા કરી હતી. ઉલ્લેખનીય છે કે સ્મૃતિ શનિવાર પહેલાંની બન્ને મૅચમાં રનઆઉટ થઈ હતી. જોકે ગુરુવારે તેણે હૉન્ગ કૉન્ગ સામે ૬૪ બૉલમાં સાત છગ્ગા અને ૧૪ ચોગ્ગાની મદદથી ૧૨૪ રન બનાવ્યા હતા અને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો.

અંજુમ ચોપડા ૪૯ વર્ષની છે. તે ૧૯૯૫થી ૨૦૧૨ સુધીમાં ભારત વતી ૧૨ ટેસ્ટ, ૧૨૭ વન-ડે અને ૧૮ ટી-૨૦ રમી હતી અને કુલ ૩,૫૦૦થી પણ વધુ રન બનાવ્યા હતા. હવે તે કૉમેન્ટેટર છે.



શનિવારે પાકિસ્તાન સામે ભારતે માત્ર ૫૬ રનનો લક્ષ્યાંક મેળવવા જતાં સ્મૃતિ સહિતની ત્રણ વિકેટ ગુમાવી હતી. ભારતની જીત બાદ અંજુમે ભારતીય બૅટિંગ લાઇન-અપની ટીકા કરવાની સાથે સ્મૃતિને નિશાન બનાવી હતી. સ્મૃતિએ જે પ્રથમ બૉલનો સામનો કર્યો એમાં તેને જીવતદાન મળ્યું હતું. કૉટ બિહાઇન્ડની અપીલ અમ્પાયરે ઠુકરાવી દીધી હતી. અંજુમ ચોપડાએ કૉમેન્ટરી બૉક્સમાંથી કહ્યું, 'ભારતે (ટીમ મૅનેજમેન્ટે) પોતાની બૅટર્સ કેવી રીતે આઉટ થઈ જતી હોય છે એ વાતને ગંભીરતાથી ધ્યાનમાં લેવી જોઈએ. જે બૅટરે પાછલી મૅચમાં સેન્ચુરી કરી હોય તે દાવના પહેલા જ બૉલમાં 'આઉટ' થઈ જાય એ બહુ ખરાબ કહેવાય. અમ્પાયર (બૅટની કટનો) અવાજ ન સાંભળી શક્યા એ અલગ વાત છે, પરંતુ અમે તો અવાજ સાંભળ્યો જ હતો. અમારી પાસે પણ માઇક છે.'

જોકે સ્મૃતિના ચાહકોએ અંજુમને વખોડી છે. કેટલાક ચાહકોનું માનવું છે કે સ્મૃતિ માત્ર એક મૅચમાં નિષ્ફળ ગઈ એટલે તેને વખોડવાનું શરૂ ન કરી દેવાય. આ ટૂર્નામેન્ટમાં તેની જે અસર જોવા મળી છે એ અપ્રતિમ છે. પીટર પૅન નામના અકાઉન્ટ પરથી સ્મૃતિના ચાહકે લખ્યું છે, 'સ્મૃતિની આ તે કેવી નફરત? ઓહ માય ગૉડ! સ્મૃતિ બચ્ચા, તું પછીની મૅચોમાં બહુ બધી ઊર્જાથી રમજે એવી મારી શુભેચ્છા છે અને તારા માટે હું ખૂબ પ્રાર્થના પણ કરું છું.'

વિપુલ પટેલ નામના ક્રિકેટપ્રેમીએ 'એક્સ' પર લખ્યું, 'તેની (અંજુમની) વાત સાવ ખોટી છે. સ્મૃતિએ કંઈ વિકેટ ફેંકી નહોતી દીધી. મને લાગે છે કે આ એક પ્રકારની ઇર્ષ્યા છે.' ■

# ક્રૂડ તેલના ભાવમાં વધારો અને ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારાની ભીતિ હેઠળ સેન્સેક્સ વધુ ૩૮૨ પૉઈન્ટ તૂટ્યો

## સ્થાનિક અને વિદેશી ફંડોની કુલ ₹ ૮૪૬.૮૯ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાનાં જોબ ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવવાની સાથે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ખાતે અમેરિકા તથા ઈરાનના હુમલાઓને કારણે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ એક ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૯૭.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને આઈટી તથા ઑઈલ તથા ગૅસ ક્ષેત્રના શૅરોમાં વેચવાલીનું દબાણ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૮૨.૬૨ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૧૮.૫૫ પૉઈન્ટનો ઘટાડો આગળ ધપ્યો હતો.

દરમિયાન ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૧૧૧.૯૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ આજે તેઓની રૂ. ૯૫૮૧.૧૯ કરોડની ખરીદી સામે રૂ. ૯૩૦૧.૦૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૮૦.૧૩ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. તેમ જ આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૩,૧૫૪.૧૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૫૮૭.૩૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૬૬.૭૬ કરોડની ખરીદી રહી હતી. આમ આજે સ્થાનિક તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની કુલ રૂ. ૮૪૬.૮૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૬,૫૧૫.૪૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૬,૪૪૬.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૯૭૦.૫૨ અને ઉપરમાં ૭૬,૪૭૭.૧૯ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૦.૫ ટકા અથવા તો ૩૮૨.૬૨ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૬,૧૩૨.૮૧ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૩,૮૯૭.૭૦ના બંધ સામે ૨૩,૮૮૩.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૭૩૭.૯૦ અને ઉપરમાં ૨૩,૮૯૦ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૦.૫૦ ટકા અથવા તો ૧૧૮.૫૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૭૭૯.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

પ્રવર્તમાન ભૂરાજકીય તણાવો અને અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સપ્તાહના આરંભે ભારતીય ઈક્વિટી માર્કેટમાં મુખ્યત્વે વેચવાલીનું દબાણ વધુ રહ્યું હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.



તે જ પ્રમાણે ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટૅક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે વૈશ્વિક ભૂરાજકીય અનિશ્ચિતતા અને ક્રૂડતેલના ભાવવધારાને ધ્યાનમાં લેતા આજે રોકાણકારોનું માનસ ખરડાતા સમગ્ર સત્ર દરમિયાન વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

એકંદરે આજે એશિયન બજારોમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવા છતાં સ્થાનિક બજારમાં ખાસ કરીને અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ વધવાથી ક્રૂડતેલના ભાવમાં એક ટકા જેટલો ઉછાળો આવતાં બજાર દબાણ હેઠળ રહ્યું હતું.

તેમ જ રોકાણકારોએ સાવચેતીનું વલણ અખત્યાર કરતાં વોલાટિલિટી ઈન્ડેક્સ પણ ૫.૬૨ ટકા જેટલો વધ્યો હોવાથી આગામી દિવસોમાં પણ ચંચળતાનું વલણ જોવા મળે તેવી શક્યતા રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વેલ્થના સ્થાપક ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્નને જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સાત શૅરના ભાવ સાધારણ વધારા સાથે બંધ રહ્યા હતા અને ૨૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૩.૮૧ ટકાનો ઘટાડો ઈન્ફોસિસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટેક મહિન્દ્રામાં ૧.૯૬ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૮૫ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૧.૫૭ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૪૧ ટકાનો અને ટીસીએસમાં ૧.૨૮ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે તેની સામે લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૦.૬૧ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૬૦ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૦.૪૭ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૦.૩૬ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૩૫ ટકાનો, ઈન્ડિગોમાં ૦.૧૦ ટકાનો અને સન ફાર્મામાં ૦.૦૪ ટકાનો સાધારણ સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સ ૦.૮૪ ટકા અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સ ૦.૧૫ ટકા ઘટીને બંધ રહ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૨.૧૭ ટકાનો કડાકો બોલાયો હતો, જ્યારે આઈટી ઈન્ડેક્સમાં ૨.૧૧ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૪૫ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૩૬ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૦૯ ટકાનો, કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો અને એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૬૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેની સામે માત્ર હૅલ્થકૅર, ઈન્ડસ્ટ્રિયલ અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં સાધારણ સુધારો જોવા મળ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૪.૬૧ ટકાનો અને જાપાનના નિક્કી ૨૨૫માં ૨.૧૨ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ સાધારણ સુધારા સાથે બંધ રહ્યો હતો અને હૉંગકૉંગના હૅંગસૅંગ ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, યુરોપનાં બજારોમાં આજે મધ્યસત્ર દરમિયાન મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે વધેલા ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૧૧૧.૯૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસાના ઘટાડા સાથે ૯૪.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની એસીએનઆર સ્કીમ હેઠળ ડૉલરનો આંતરપ્રવાહ પ્રબળ રહ્યો હોવાને કારણે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૪.૪૩ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૪.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં રૂ. ૯૪.૫૬ અને ઉપરમાં ૯૪.૩૮ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૧૩ પૈસાના ઘટાડા સાથે ૯૪.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાનો સુધારો નોંધાયો હતો. એકંદરે આજે ડૉલર સામે રૂપિયામાં મધ્યસત્ર દરમિયાન સાંકડી વધઘટે સુધારાતરફી વલણ રહ્યું હતું, પરંતુ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવ વધી આવતા રૂપિયામાં સુધારો ધોવાઈ ગયો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વિદેશી ફંડોના આંતરપ્રવાહને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહે તેવી શક્યતા નકારી ન શકાય. આજે ઈરાને જણાવ્યું હતું કે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ અંગેની ઓમાન સાથેની ડીલ અંતિમ તબક્કામાં હોવાનું જણાવ્યું હોવાથી જો ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવે તો રૂપિયાના સુધારાને ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૭ ટકા ઘટીને ૯૮.૯૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૮ ટકા વધીને બેરલદીઠ ૯૬.૮૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૩૮૨.૬૨ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૧૧૮.૫૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### અમેરિકાના મજબૂત જોબ ડેટાએ વૈશ્વિક સોના-ચાંદીને નબળા પાડ્યાં

# સ્થાનિક ચાંદીમાં ₹ ૩૮૦૬ અને સોનામાં ₹ ૨૧૮૧નો ઘટાડો

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાનાં જોબ ડેટા બજારની અપેક્ષા કરતાં મજબૂત આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હતો અને આજે પણ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૭૨થી ૨૧૮૧નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૮૦૬ ઘટી આવ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૮૦૬ના ઘટાડા સાથે રૂ. ૨,૩૧,૬૫૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૧૭૨ ઘટીને રૂ. ૧,૫૨,૦૯૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૮૧ ઘટીને રૂ. ૧,૫૨,૭૦૩ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૩૯૨.૮૮ ડૉલર અને ૪૪૩૮.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક ટકો ઘટીને ઔંસદીઠ ૬૫.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત શુક્રવારે અમેરિકાના રોજગાર વૃદ્ધિના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હતા અને બેરોજગારીનો દર ૪.૧ ટકાના સ્તરે સ્થિર રહ્યો હોવાથી બૉન્ડની યિલ્ડમાં વધારો થવાની સાથે ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારાની શક્યતા પણ મજબૂત થવાથી હાલમાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી રહ્યા હોવા છતાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઓલે હસને જણાવ્યું હતું. એકંદરે આજે સોનામાં ઔંસદીઠ ૪૪૦૦ ડૉલરની નીચેની સપાટીએ ખરીદીમાં આકર્ષણ જોવા મળ્યું હોવાથી અમારા મતે ઔંસદીઠ ૪૩૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ઔંસદીઠ ૪૫૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

હાલમાં બજાર વર્તુળોની નજર આગામી ગુરુવારે જાહેર થનારા અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ અને શુક્રવારે જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ હોવા છતાં આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૮ ટકા શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે. જોકે, ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જ્યાં સુધી અમારી માગણી અનુસાર ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ નહીં મૂકે ત્યાં સુધી જે દેશો સાથે અમેરિકા વેપાર ખાધ ધરાવે છે તે દેશો સાથે વેપાર બંધ કરશે.

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની અન્ય ધાતુઓનાં ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ તથા સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૪૫૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૬૩૩ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૪૩૮ અને રૂ. ૨૦૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તથા વપરાશકાર ઉદ્યોગની લેવાલી નિરસ રહેતાં કોપરકેબલ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૬૬ અને રૂ. ૫૩૩૧ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૧૩૫૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે અન્ય ધાતુઓ જેમ કે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ અને એલ્યુમિનિયમમાં ખપપૂરતા છૂટાછવાયા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# સીબીઆઈસીએ કોસ્મેટિક્સ, દવાઓ, મેડિકલ ડિવાઈસની આયાતની તપાસ માટેની સૂચિ જાહેર કરી

નવી દિલ્હી: સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીઆઈસી)એ કોસ્મેટિક્સ, દવાઓ અને મેડિકલ ડિવાઈસની આયાતનાં કન્સાઈન્મેન્ટોનું ક્લિયરન્સ કરવા માટેનાં ધોરણોને અનુસરવા માટેની સૂચી (ચેકલિસ્ટ)ની આજે જાહેરાત કરી છે.

આ ઉત્પાદનોની આયાત માટે આયાતકારે અમુક પ્રક્રિયાઓનું ફરજિયાત પાલન કરવાનું હોય છે જેમાં લાઈસન્સ, મંજૂરીઓ અને ડ્રગ્ઝ ઍન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦ હેઠળ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટનો સમાવેશ થાય છે. સીબીઆઈસી સર્ક્યુલરમાં જણાવ્યાનુસાર વ્યવસાય કરવાની સરળતાને વધુ સરળ બનાવવા અને વધારવાને અનુસરવા માટે સેન્ટ્રલ ડ્રગ્ઝ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશને આ ચેકલિસ્ટનાં આ પગલાં જાહેર કર્યા છે.

આ ઉત્પાદનોને કુલ સાત શ્રેણીમાં વર્ગિકૃત કરવામાં આવ્યા છે. કોસ્મેટિક, ડ્રગ્ઝ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ સ્વરૂપે, ફિનિશ્ડ ફોર્મ્યુલેશન સ્વરૂપે, વ્યક્તિગત ઉપયોગ માટે નાની માત્રામાં મેડિકલ ઈન્સ્ટિટ્યૂશન દ્વારા નવી દવાની આયાત, તપાસ/વિશ્લેષણ માટે આયાત વગેરેનો સમાવેશ થાય છે.

મેડિકલ ડિવાઈસની આયાત માટેનાં ચેકલિસ્ટને ઈન વિટ્રો ડાયગ્નોસ્ટિક્સ કિટ/ઉપકરણોની આયાત અને આવાં ઉપકરણોના ઉત્પાદન માટે કાચા માલની આયાતમાં જૂથબદ્ધ કરવામાં આવી છે. ફિલ્ડ ફોર્મેશનને ચાર્જ આઉટ થવાના સમયે દસ્તાવેજો તપાસવા માટે સંવેદનશીલ બનાવી શકાય છે, એમ સીબીઆઈસીએ જણાવતાં ઉમેર્યું હતું કે વ્યવસાયોએ ઝડપી ક્લિયરન્સની સુવિધા માટે જરૂરી દસ્તાવેજો ઈ-સંચેત પર અપલોડ કરવા પડશે.

નાંગિયા ગ્લોબલનાં ઈનડાયરેક્ટ ટેક્સ વિભાગના ડિરેક્ટર શિવકુમાર રામજીએ જણાવ્યું હતું કે આ સર્ક્યુલર તબીબી ઉપકરણ આયાત માટે વિવેકાધીન મેન્યુઅલ ચકાસણીનાં ઉદ્દેશને સ્થાને ચેકલિસ્ટ આધારિત માળખામાં પરાવર્તિત કરે છે.આ પગલાંથી બંદર પર રહેવાનાં સમયમાં ઘટાડો થશે, કંપનીઓને દંડાત્મક ડેમરેજ ચાર્જથી બચાવશે અને તબીબી પુરવઠામાં વેગ આવશે. મેન્યુઅલ વિવેકાધીન પદ્ધતિને બદલે તે ચેકલિસ્ટ આધારિત ક્લિયરન્સ તરફ આગળ ધપી રહ્યા છીએ જે તબીબી ઉપકરણોની આયાત દરમિયાન વધુ નિશ્ચિતતા આપશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ભાવઘટાડો અટક્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: ગત શનિવારે ખાસ કરીને મહારાષ્ટ્રમાં કોલ્હાપુર લાઈનમાં ખાંડમાં ભાવઘટાડો અટકીને ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦નો સુધારો આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા મંદી અટકી હોવાનું બજાર વર્તુળો જોઈ રહ્યા છે. તેમ છતાં હજુ વેપારી વર્તુળો નવી ખરીદીમાં સાવચેતીનો અભિગમ રાખી રહ્યાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજરમાં ગત શુક્રવારની સરખામણીમાં ભાવઘટાડો આગળ ધપતા સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૭૦થી ૧૦૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૨૦થી ૨૦૦નો ઘટાડો આગળ વધ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ક્વિન્ટલે રૂ. ૨૦થી ૧૦૦નો ઘટાડો જોવા મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શનિવારે સ્થાનિક બજાર શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તિ બંધ રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, હાજરમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦થી ૧૦૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૩૨થી ૪૬૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૨૦થી ૨૦૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૩૨થી ૪૮૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં ભાવમાં નરમાઈનું વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦થી ૭૫ ઘટીને રૂ. ૪૪૦૦થી ૪૪૨૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૧૦૦ ઘટીને રૂ. ૪૪૮૦થી ૪૫૫૦માં થયા હતા.

# ઑગસ્ટમાં ઑટોમોબાઈલનું રિટેલ વેચાણ ૨૪.૨૩ લાખ યુનિટની વિક્રમ સપાટીએ

નવી દિલ્હી: ગત ઑગસ્ટ મહિનામાં વરસાદની મોસમ હોવા છતાં જ્યારથી જીએસટી ૨.૦ સુધારાનો અમલ થયો ત્યારથી ઑટોમોબાઈલનાં રિટેલ વેચાણમાં વૃદ્ધિનો ક્રમ જળવાઈ રહેતાં કુલ વેચાણ ઑગસ્ટ, ૨૦૨૫નાં ૨૦,૬૨,૦૩૮ યુનિટ સામે ૧૭.૫૧ ટકાની વૃદ્ધિ સાથે ૨૪,૨૩,૨૦૧ યુનિટની વિક્રમ સપાટીએ રહ્યું હોવાનું ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશનએ એક યાદીમાં જણાવ્યું છે. એસોસિયેશનનાં જણાવ્યાનુસાર ગત ઑગસ્ટમાં ઈતિહાસમાં પહેલી વખત પેસેન્જર વાહનોનાં કુલ વેચાણમાં પેટ્રોલના ૪૦.૮૫ ટકા હિસ્સાની સરખામણીમાં વૈકલ્પિક ઈંધણ વાહનોના વેચાણનો હિસ્સો ૪૧.૯૫ ટકા થયો હતો. એકંદરે ચોમાસાનો સમયગાળો હોવા છતાં સપ્ટેમ્બર મહિનામાં ગણેશોત્સવ અને ઓનમ જેવાં તહેવારોને ધ્યાનમાં લેતાં ગ્રાહકોની માગ ખુલતાં ગત ઑગસ્ટ મહિનામાં જુલાઈની સરખામણીમાં રિટેલ વેચાણ ૬.૪૮ ટકા ઘટ્યું હોવા છતાં વર્ષાનુવર્ષ ધોરણે ૧૭.૫૧ ટકાની વૃદ્ધિ સાથે વેચાણ ૨૪,૨૩,૨૦૧ યુનિટનું રહ્યું હોવાનું ફાડાનાં પ્રમુખ સાઈ ગિરધરે જણાવ્યું હતું. તેમના મતાનુસાર ગયા મહિનામાં વાહનોના વેચાણમાં જોવા મળેલા મુખ્ય પરિવર્તનોમાં પેસેન્જર વાહનોના કુલ વેચાણમાં પેટ્રોલ ઈંધણ ધરાવતાં વાહનોનાં વેચાણની ટકાવારી ૪૦.૮૫ ટકાની રહી હતી, જ્યારે વૈકલ્પિક સીએનજી, હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોનાં વેચાણની ટકાવારી વધીને ૪૧.૯૫ ટકાના સ્તરે રહી હતી. જોકે, એક વર્ષ અગાઉ પેટ્રોલ વાહનોનાં વેચાણની ટકાવારી ૧૧ પર્સન્ટેજ પૉઈન્ટ વધુ રહી હતી. ગત સાલ સપ્ટેમ્બર મહિનામાં જીએસટીનાં દરમાં સુધારા કરવામાં આવ્યા ત્યારથી ઑટો ઉદ્યોગમાં વેચાણ વૃદ્ધિ આકર્ષક રહી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લીંબડીના કટારીયા ગામ નજીક ખાનગી બસે કારને અડફેટે લેતાં સાળા-બનેવીનાં મોત, સાત લોકો ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

**સુરેન્દ્રનગરઃ** અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર લીંબડી નજીક કટારીયા ગામ પાસે ખાનગી ટ્રાવેલ્સ બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ભારે ચકચાર મચી ગઈ હતી. પૂરપાટ ઝડપે જઈ રહેલી ખાનગી બસનું અચાનક ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ત્યારબાદ બસ રોડ ક્રોસ કરીને રોંગ સાઈડમાં ઘસી ગઈ હતી અને સામેથી આવી રહેલી કાર સાથે જોરદાર અથડામણ થઈ હતી.

અકસ્માતમાં કાર બસ અને ટ્રેલર વચ્ચે પીસાઈ જતાં કારમાં સવાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તથા સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે લીંબડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



તસવીર - મહેશ ઉતેરીયા

આ ગોઝારા અકસ્માતમાં કારમાં પાછળ બેઠેલા દિનેશભાઈ પરમાર (બનેવી) અને મુકેશભાઈ પરમાર (સાળા)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન બંનેના મોત નીપજતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

અકસ્મતમાં અન્ય સાત લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તોમાં અતુલભાઈ દિનેશભાઈ (ઉ.૩૨), રોહનભાઈ વિજયભાઈ (ઉ.૧૭, રહે. જામનગર), સિંધવ જયરાજ (ઉ.૨૨, રહે. માલિયા), દશરથભાઈ (ઉ.૩૨), સમીરભાઈ મનસુખભાઈ (ઉ.૩૨), પરમાર સંજયભાઈ (ઉ.૩૮, રહે. માલપુર) અને હાર્દિકભાઈ પરમાર (ઉ.૩૬)નો સમાવેશ થાય છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક લીંબડી સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતમાં બસ અને અન્ય વાહનો વચ્ચે અથડામણ થતાં હાઈવે પર બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. સ્થાનિક પોલીસ દ્વારા ભારે જહેમત બાદ ટ્રાફિકને પુનઃવ્યવસ્થિત કરવામાં આવ્યો હતો.

આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખાનગી બસનું ટાયર ફાટવાના કારણે સર્જાયેલા આ ગોઝારા અકસ્માતની સમગ્ર ઘટનાને લઈને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ■

# સાયલા-મૂળી રોડ પર વાડીમાં ૭.૮૮૫ કિલો ગાંજો પ્લાન્ટ કરી વાડી માલિકને ફસાવવાનું કાવતરું ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

**સુરેન્દ્રનગરઃ** સાયલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયલા-મૂળી રોડ પર આવેલી વાડીમાંથી થોડા દિવસો પૂર્વે ૭ કિલો ૮૮૫ ગ્રામ ગેરકાયદેસર સૂકો ગાંજો મળી આવતા ચકચાર મચી હતી. પોલીસે રૂ.૩,૯૪,૨૫૦ની કિંમતનો ગાંજો ઝડપી લઈ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. જોકે, તપાસ દરમિયાન સમગ્ર મામલે નવો અને ચોંકાવનારો વળાંક આવ્યો હતો.

સાયલાના કરશનપરા વિસ્તારમાં રહેતા વાડી માલિક ગોપાલભાઈ જેઠાભાઈ સભાણીની વાડીમાંથી ગાંજો મળી આવતા શરૂઆતમાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન પૂછપરછમાં તેમને અંગત મનદુઃખ કે વેરભાવના કારણે ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાની શંકા પોલીસને જાગી હતી. આથી લીંબડીના નાયબ પોલીસ અધિક્ષક વી.એમ. રબારી દ્વારા ટેકનિકલ સોર્સ, હ્યુમન સોર્સ અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાના આધારે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરાઈ હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, અરજણભાઈ ઉર્ફે ભુવા મૈયાભાઈ શિયાળ અને દેવજીભાઈ રામજીભાઈ મીર વચ્ચે અગાઉથી મનદુઃખ હતું અને બંનેએ ગોપાલભાઈ સભાણીને ખોટા ગાંજાના કેસમાં ફસાવવાનું કાવતરું ઘડ્યું હતું. તપાસમાં એવો ખુલાસો થયો કે અરજણ ઉર્ફે ભુવાએ દેવજીભાઈ મારફતે મહારાષ્ટ્રમાંથી સૂકો ગાંજો મંગાવ્યો હતો. ત્યારબાદ રાત્રિના સમયે અન્ય સાગરીત સાથે મોટરસાઇકલ પર જઈ ગાંજાનો જથ્થો ગોપાલભાઈની વાડીમાં મૂકી દેવામાં આવ્યો હતો. આ પછી અરજણ ઉર્ફે ભુવાએ જ પોલીસને વાડીમાં ગાંજો હોવાની બાતમી આપી હતી અને પોલીસ પાસે રેડ કરાવી ગોપાલભાઈને ગાંજાના કેસમાં ફસાવવાનો પ્રયાસ કર્યો હોવાનું તપાસમાં પુરાવા અને સાક્ષીઓના આધારે ફલિત થયું છે. આ સમગ્ર કાવતરાનો પર્દાફાશ થયા બાદ પોલીસે અરજણભાઈ ઉર્ફે ભુવા મૈયાભાઈ શિયાળ, ઉંમર ૩૩ વર્ષ, અને દેવજીભાઈ રામજીભાઈ મીર, ઉંમર ૪૮ વર્ષ, બંનેને વિધિવત રીતે ઝડપી લીધા છે. બંનેના પોલીસ રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે તપાસના આધારે ફરિયાદમાં દર્શાવાયેલા ગોપાલભાઈ સભાણીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૮૯ મુજબ નામદાર કોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો હતો. ત્યારબાદ કોર્ટના આદેશથી ગોપાલભાઈ સભાણીને જેલમુક્ત કરવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર તપાસ દરમિયાન ૭ કિલો ૮૮૫ ગ્રામ સૂકો ગાંજો, બે મોબાઇલ ફોન અને એક મોટરસાઇકલ મળી કુલ રૂ.૪,૧૧,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું પ્રેસનોટમાં જણાવાયું હતું.

લીંબડી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક વી.એમ. રબારી તથા તેમની ટીમે ટેકનિકલ, માનવીય અને સીસીટીવી આધારિત તપાસ કરી સમગ્ર કાવતરાનો ભેદ ઉકેલ્યો હતો. ■

# ભાવનગર નકલી દારૂ કાંડનો ફરાર આરોપી હરદીપ મોરી સિહોરમાંથી ઝડપાયો

### કારોબાર ક્યાં સુધી ફેલાયેલો છે તે અંગેની મહત્વની કડીઓ હાથ લાગે તેવી શક્યતા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

**ભાવનગરઃ** જિલ્લાના ચકચારી લઠ્ઠાકાંડ કેસમાં લાંબા સમયથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં પોલીસને સફળતા સાંપડી છે. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસે ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે દાદાની વાવ વિસ્તારમાંથી કટોકટીપૂર્ણ ઘેરાબંધી કરીને આરોપી હરદીપ મોરીની ધરપકડ કરી હતી.

ઝડપાયેલા આરોપી હરદીપ મોરીને ત્વરિત સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે આ કાળા કારોબારના મૂળ સુધી પહોંચવા માટે રિમાન્ડની માગણી કરતાં અદાલતે આરોપીના ૪ દિવસના પોલીસ રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.

પોલીસને આશા છે કે ૪ દિવસના રિમાન્ડ દરમિયાન આરોપીની કડક પૂછપરછમાં લઠ્ઠાકાંડ સંબંધિત અનેક મહત્વની વિગતો બહાર આવશે. આ ઝેરી રસાયણ કે દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો, તેમાં અન્ય કયા કયા બુટલેગરો કે સ્થાનિકોની સંડોવણી હતી તેમજ આ કાળો કારોબાર ક્યાં સુધી ફેલાયેલો છે તે અંગેની મહત્વની કડીઓ હાથ લાગે તેવી પ્રબળ શક્યતા છે. ■

# જેતપુરમાં સુકાતા પાકને બચાવવા ભાદર કેનાલમાંથી પાણી છોડવા કોંગ્રેસનું મામલતદારને આવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

**રાજકોટઃ** ચાલુ વર્ષે ચોમાસું નબળું રહેવાને કારણે રાજકોટ જિલ્લાના જેતપુર પંથકના ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ચાલુ સિઝનમાં પૂરતો વરસાદ ન વરસવાને લીધે ખેડૂતોનો મોટાભાગનો ઊભો ચોમાસું પાક સુકાઈ જવાની આરે પહોંચી ગયો છે. જગતના તાતની આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને જેતપુર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોવિંદભાઈ પી. ડોબરીયાની આગેવાની હેઠળ ખેડૂતોના હિતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને સંબોધીને જેતપુરના મામલતદારને એક લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં ભાદર સિંચાઈ-૧ કેનાલમાંથી ખેડૂતોના પાક માટે તાત્કાલિક બે પાણી છોડવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં રજૂઆત કરતા જણાવ્યા અનુસાર, ભાદર કમાન્ડ વિસ્તારમાં ખેડૂતો દ્વારા ચોમાસું પાકનું મોટા પાયે વાવેતર કરવામાં આવ્યું છે. પરંતુ હાલમાં વરસાદ ખેંચાતા અને કુવા તેમજ બોરના પાણી ખૂટી ગયા હોવાથી ઊભા પાકને બચાવવા માટે સિંચાઈના પાણીની અત્યંત આવશ્યકતા ઊભી થઈ છે. જો સમયસર કેનાલ દ્વારા પાણી છોડવામાં નહીં આવે, તો ખેડૂતોનો મોંઘોદાટ પાક સંપૂર્ણપણે બળી જશે અને નાણાંમાં ન આંકી શકાય તેવું મોટું નુકસાન થશે. પરિણામે, ખેડૂતોને ઉત્પાદન મળવાને બદલે મોટો આર્થિક ફટકો પડશે. આ ઉપરાંત, પશુઓ માટે આખા વર્ષના ઘાસચારા (નીરણ)ની કોઈ વ્યવસ્થા ન હોવાથી પશુપાલન ઉદ્યોગ પડી ભાંગશે અને ગ્રામ્ય વિસ્તારમાં ઘરનિર્વાહ ચલાવવો પણ મુશ્કેલ બનશે. જેતપુર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તંત્ર સમક્ષ બે વિકલ્પો સાથે રજૂઆત કરાઈ છે કે, કાં તો ભાદર સિંચાઈ-૧ ડેમમાં સત્વરે 'સૌની યોજના'ની લીંકનું પાણી નાખવામાં આવે અથવા તો ડેમમાંથી કેનાલ વટે ખેડૂતોને પાક બચાવવા માટે તાત્કાલિક બે પાણી પૂરા પાડવામાં આવે. કોંગ્રેસે આવેદનપત્રના અંતે સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી દિવસોમાં વહીવટી તંત્ર કે સરકાર દ્વારા આ ગંભીર બાબતે સત્વરે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો નાછૂટકે ખેડૂતોના હિત રક્ષણ કાજે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. ■

# રાવલ-મછુન્દ્રી નદીનું દરિયામાં વહી જતું પાણી નહેર મારફતે ખેડૂતોને આપવા માગ ઉઠી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતો ની ચિંતામાં વધારો થયો છે. ઊભા પાકને બચાવવા માટે રાવલ અને મછુન્દ્રી નદીમાંથી દરિયામાં વહી જતું પાણી સિંચાઈ નહેર મારફતે ખેડૂતોને તાત્કાલિક આપવામાં આવે તેવી માંગ સાથે ગીર સોમનાથ જિલ્લા ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ પ્રકાશ ટાંકે રાજ્યના જળસંપત્તિઅને પાણી પુરવઠા પ્રધાન ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલને રજૂઆત કરી છે.

વરસાદના અભાવે ઉના તથા ગીર ગઢડા તાલુકામાં ખેતીની સ્થિતિ વિકટ બની રહી છે અને ઊભો પાક સુકાઈ જવાની ભીતિ ખેડૂતોમાં જોવા મળી રહી છે. બંને તાલુકાની જીવાદોરી સમાન રાવલ અને મછુન્દ્રી નદીમાંથી હાલ દરરોજ કરોડો લીટર પાણી ઉપયોગ વિના દરિયામાં વહી જતું હોવાનો રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વહી જતું પાણી રાવલ અને મછુન્દ્રી સિંચાઈ નહેર મારફતે તાત્કાલિક ખેડૂતોને આપવામાં આવે તો ઉના તથા ગીર ગઢડા તાલુકાના હજારો ખેડૂતોનો મોંઘોદાટ પાક બચાવી શકાય તેમ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

પ્રકાશ ટાંકે ખેડૂતોના વ્યાપક હિતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારની કક્ષાએથી તાત્કાલિક કાર્યવાહી કરી રાવલ અને મછુન્દ્રી નહેર મારફતે પાણી છોડવાની લાગતાં વળગતા તંત્રને રજુઆત કરી હતી. ■

# ઈન્ફાઈટમાં ગંભીર રીતે ઘાયલ થયેલા સિંહનું ખાંભામાં વનવિભાગની ટીમે રેસ્ક્યૂ કર્યું, સારવાર બાદ મુક્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

**અમરેલીઃ** જિલ્લાના ખાંભા તાલુકામાં વનવિભાગની ટીમે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ઇન્ફાઇટમાં ગંભીર રીતે ઘાયલ થયેલા નર સિંહને નવજીવન આપ્યું હતું. તુલસીશ્યામ રેન્જ હેઠળના વાંગધ્રા રેવન્યુ વિસ્તારમાં સિંહોની ઇન્ફાઇટ બાદ એક નર સિંહ અત્યંત નબળી અને ગંભીર હાલતમાં મળી આવ્યો હતો. સિંહ જમીનથી આશરે ૧૦ ફૂટ ઊંડા પાળાની નીચે પડી ગયો હતો અને તેની હાલત એટલી નાજુક હતી કે તે એક ફૂટ પણ ચાલી શકે તેવી સ્થિતિમાં નહોતો.

ઘાયલ સિંહની ગંભીર સ્થિતિને ધ્યાનમાં લેતા તેને ટ્રેન્ક્યુલાઇઝ કરી બેભાન કરીને રેસ્ક્યુ કરવાનું પણ જોખમી હતું. બીજી તરફ સિંહ એટલો નબળો હતો કે તેને પાંજરા તરફ લઈ જવું પણ શક્ય નહોતું. આવી કપરી પરિસ્થિતિમાં વનવિભાગની રેસ્ક્યુ ટીમે સિંહને વધુ ઈજા ન થાય અને તેના જીવને કોઈ જોખમ ન સર્જાય તે માટે અલગ રીતથી રેસ્ક્યુ કરવાનો નિર્ણય કર્યો હતો.

રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન એક ટ્રેકરને પાંજરામાં બેસાડીને સિંહની નજીક ઉતારવામાં આવ્યો હતો. ટ્રેકરે સાવચેતીપૂર્વક બે-ત્રણ લાકડીઓની મદદથી સિંહને ધીમે ધીમે પાંજરા તરફ લઈ જઈ ગાળિયામાં લીધો હતો. સિંહને સુરક્ષિત રીતે પાંજરામાં લીધા બાદ ટ્રેકરને પણ સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

સિંહ પાંજરામાં આવી ગયા બાદ તેને ૧૦ ફૂટ ઊંડા પાળામાંથી બહાર કાઢવાનો પડકાર બહાર આવ્યો હતો. ભારે પાંજરું હોવાથી વનવિભાગના આશરે ૨૦ જેટલા કર્મચારીઓ અને રેસ્ક્યુ ટીમના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. સૌએ મળીને પાંજરાને પાળાની ઉપર સુધી ખેંચી ગાડી સુધી પહોંચાડ્યું હતું. ત્યારબાદ ઘાયલ સિંહને જરૂરી સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. વનવિભાગની દેખરેખ હેઠળ સિંહની આશરે ૧૦ દિવસ સુધી સઘન સારવાર કરવામાં આવી હતી. સારવાર અને દેખરેખ બાદ સિંહ સ્વસ્થ થતાં તેને ફરી તેના કુદરતી આવાસમાં મુક્ત કરવામાં આવ્યો હતો. ગંભીર હાલતમાં પાળામાં પડેલા સિંહનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેને ફરી જંગલમાં મુક્ત કરાયો હતો. ■

# સુરેન્દ્રનગરના પાટડીમાં ગૌહત્યા સામે હિન્દુ સમાજમાં ભારે રોષ, લોકોએ વિશાળ રેલી યોજી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

**સુરેન્દ્રનગરઃ** પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પાટડી શહેરના પઠાણવાસ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ગૌવંશના કતલની ઘટનાના પગલે હિન્દુ સમાજમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિક પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા ગૌવંશના કતલની પ્રવૃત્તિ બહાર આવી હોવાના અહેવાલ બાદ હિન્દુ સંગઠનો અને આગેવાનો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ગૌહત્યાના વિરોધમાં પાટડી શહેરમાં ૧૦૦૦થી વધુ લોકોની વિશાળ રેલી યોજાઈ હતી. રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને ગૌહત્યા બંધ કરાવવા તેમજ આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

રેલી બાદ હિન્દુ સમાજના આગેવાનો દ્વારા મામલતદાર તથા સ્થાનિક તંત્રને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સમગ્ર મામલે દસાડાના ધારાસભ્ય પી. કે. પરમારે પણ ગંભીરતા દાખવી હતી. ધારાસભ્યએ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા સાથે વાતચીત કરી સમગ્ર ઘટનામાં કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. ઉપરાંત, મુખ્યપ્રધાન અને ગૃહ વિભાગ સમક્ષ પણ લેખિત રજૂઆત કરી ઘટનાની ગંભીરતાથી તપાસ કરવા અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. પાટડીમાં ગૌહત્યા સામે યોજાયેલી રેલીને પગલે શહેરમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. હિન્દુ સમાજના આગેવાનો દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી કે, જો સમગ્ર મામલે તંત્ર દ્વારા યોગ્ય અને કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. ■

# જામનગર બેન્કની તિજોરીમાંથી લાખોના સોનાની ચોરી, પોલીસે આરોપીઓને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

**જામનગરઃ** શહેરમાં બેન્કની તિજોરીમાંથી લાખો રૂપિયાના સોનાના દાગીના ચોરી થવાની ઘટનાએ ચકચાર મચાવી છે. રણજીતસાગર રોડ પર આવેલી ઈન્ડિયન બેન્કની શાખામાં ગોલ્ડ લોન માટે ગીરવે મુકાયેલા અસલ સોનાના દાગીનાની જગ્યાએ ડુપ્લિકેટ દાગીના મૂકી દેવાયા હોવાનું બહાર આવતા હડકંપ મચી ગયો હતો. બેન્ક મેનેજરની ફરિયાદ બાદ પોલીસે તપાસ હાથ ધરી આરોપીઓને ઝડપી લીધા હતા.

મળતી વિગત મુજબ, ઈન્ડિયન બેન્કની શાખામાંથી રૂ.૩૯.૪૮ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી થયાની ફરિયાદ બેન્ક મેનેજર હેમરાજભાઈ ગજરાએ નોંધાવી હતી, તેમની ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

બેન્કના પટાવાળા તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ દિનેશભાઈ પારિયા પર તિજોરીની ચાવી મેળવી અસલ સોનાના દાગીના કાઢી તેમની જગ્યાએ ડુપ્લિકેટ દાગીના મૂક્યાનો આક્ષેપ હતો.

ચોરાયેલા સોનાના દાગીના આરોપીએ પોતાના મિત્ર વિજયભાઈ આલાભાઈ વઘોરાને વેચવા માટે આપ્યા હોવાનું ખુલ્યું હતું. સમગ્ર મામલે સીટી એ ડિવિઝન પોલીસના ડી સ્ટાફ દ્વારા લેખિત યાદીના આધારે બેન્કમાં ગોલ્ડ લોનના દાગીનાની ચકાસણી કરવામાં આવી હતી.

ચકાસણી દરમિયાન ચાર ગ્રાહકોના અસલ દાગીનાની જગ્યાએ ડુપ્લિકેટ દાગીનાના પેકેટ મળી આવ્યા હતા. જેમાં પાયલ પાંચાલ, કાજલ કણજારિયા, વિશાલ મારવાડિયા અને જીગ્નેશ પણસારના ગોલ્ડ લોનના દાગીનાનો સમાવેશ થાય છે. આ ચારેય કેસમાં સોનાના દાગીનાની કુલ કિંમત રૂ.૩૯.૪૮ લાખ હોવાનું જણાવાયું હતું.

પોલીસે આ કેસમાં આરોપીઓને ઝડપી લીધા હતા. હવે ચોરાયેલા સોનાના દાગીનાની રિકવરી, અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી અને બેન્કની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ખામી રહી હતી કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. ■

# રાજકોટ રેલવે સ્ટેશન પરથી ૧૮.૮ કિલો ગાંજા સાથે એક શખસ ઝડપાયો

### નશાના કારોબાર સાથે સંકળાયેલા શખસોમાં ફફડાટ ફેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

**રાજકોટઃ** રેલવે સ્ટેશન પરથી ગાંજાનો મોટા પ્રમાણમાં જથ્થો લઈ જતા એક શખસને એલસીબી અને પશ્ચિમ રેલવે પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની તપાસ કરતા તેની પાસેથી ૧૮ કિલો ૮૫૯ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ગાંજાનો જથ્થો બે ટ્રોલી બેગમાં લઈ જવામાં આવી રહ્યો હોવાનું બહાર આવ્યું હતું.

આ ઉપરાંત પોલીસે આરોપી પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રકમ પણ કબજે કરી હતી. પોલીસે ગાંજો, બે ટ્રોલી બેગ, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ.૯.૨૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજકોટ રેલવે સ્ટેશન પર કરવામાં આવેલા આ સંયુક્ત ઓપરેશનથી નશાના કારોબાર સાથે સંકળાયેલા શખ્સોમાં ફફડાટ ફેલાયો હતો.

હાલ પોલીસે ઝડપાયેલા શખસ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તથા કોને પહોંચાડવાનો હતો તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ■

# સાવરકુંડલાના અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી સહાય ચૂકવવા આપની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

**અમરેલીઃ** જિલ્લાના સાવરકુંડલા તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ચાર અઠવાડિયાથી મેઘરાજાએ વિરામ લેતા ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. લાંબા સમયથી વરસાદ ન પડવાના કારણે ખેતરોમાં ઉભેલા પાકને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહ્યું નથી અને અનેક વિસ્તારોમાં પાક સુકાવાની શરૂઆત થઈ ગઈ છે. વરસાદ ખેંચાતા ખેડૂતો સામે ઉભા પાકને બચાવવાનો ગંભીર પડકાર ઊભો થયો છે.

ચોમાસાની સિઝનમાં સારો વરસાદ થવાની આશાએ ખેડૂતોએ મોંઘા બિયારણ, ખાતર, દવા તથા મજૂરી પાછળ ખર્ચ કરીને પાકનું વાવેતર કર્યું હતું. પરંતુ છેલ્લા ચાર અઠવાડિયાથી વરસાદનો અભાવ રહેતા ખેતરોમાં ભેજ ઘટી રહ્યો છે. ખાસ કરીને વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતોની મુશ્કેલી વધુ ગંભીર બની છે. જો આગામી દિવસોમાં પણ વરસાદ નહીં પડે તો ઉભા પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

વરસાદના અભાવે માત્ર ખેતી જ નહીં પરંતુ પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતો અને માલધારીઓની મુશ્કેલીમાં પણ વધારો થયો છે. ચરિયાણ અને ઘાસચારાની અછત ઊભી થવાની સ્થિતિ સાથે પશુઓ માટે પાણીની વ્યવસ્થા અંગે પણ ચિંતા વધી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે સમયસર વરસાદ નહીં પડે તો ખેતીની સાથે પશુધનને બચાવવું પણ મુશ્કેલ બની શકે છે.

આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આમ આદમી પાર્ટી દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તથા સાવરકુંડલાના મામલતદારને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં સાવરકુંડલા તાલુકાના વરસાદના અભાવથી અસરગ્રસ્ત વિસ્તારોની તાત્કાલિક સ્થિતિનું મૂલ્યાંકન કરી ખેડૂતોને રાહત આપવા માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીની રજૂઆતમાં માંગ કરવામાં આવી હતી કે, સાવરકુંડલા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે અને વરસાદના અભાવના કારણે પાકને થયેલા નુકસાનનું તાત્કાલિક સર્વે હાથ ધરવામાં આવે. સર્વેના આધારે અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય સરકારી સહાય અને વળતર ચૂકવવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત, ખેડૂતોના ઉભા પાકને બચાવવા માટે ઉપલબ્ધ જળાશયો અને સિંચાઈના સ્ત્રોતોમાંથી તાત્કાલિક પાણી છોડવામાં આવે, જેથી ખેડૂતો પાકને બચાવવા માટે જરૂરી સિંચાઈ કરી શકે. પાણીની અછતના કારણે પાકને નુકસાન ન થાય તે માટે તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. પશુપાલકોની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત ગામોમાં પૂરતા પ્રમાણમાં ઘાસચારો અને પશુઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી. સાથે જ પાકને બચાવવા માટે ખેડૂતોને જરૂરી સમયે પૂરતી અને નિયમિત વીજળી ઉપલબ્ધ કરાવવાની માંગ કરવામાં આવી હતી. રજૂઆતમાં અસરગ્રસ્ત ગામોમાં સરકારી અધિકારીઓ દ્વારા સ્થળ પર જઈને વાસ્તવિક પરિસ્થિતિની તપાસ કરવામાં આવે અને ખેતરોની મુલાકાત લઈ પાકની સ્થિતિનો અહેવાલ તૈયાર કરવામાં આવે તેવી પણ માંગ કરાઈ હતી. ■

# પવિત્ર શ્રાવણના અંતિમ સોમવારે સોમનાથ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું, ભવ્ય પાલખી યાત્રા નિકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

**સોમનાથઃ** પવિત્ર શ્રાવણના અંતિમ સોમવારે સોમનાથ મંદિર પરિસરમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. મોડી રાતથી જ શ્રદ્ધાળુઓની મોટી ભીડ જામી હતી. રાત્રે ત્રણ વાગ્યે જ મંદિર પરિસરનો મુખ્ય ગેટ ખોલવામાં આવ્યો હતો. સવારે ચાર વાગ્યાથી મંદિરના દરવાજા દર્શનાર્થીઓ માટે ખુલ્લા કરાયા હતા. કડક સુરક્ષા વચ્ચે દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ સોમનાથ દાદાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી, સોમનાથ ટ્રસ્ટની પ્રાચીન પ્રણાલિકા મુજબ હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાન સોમનાથની ભવ્ય પાલખી યાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.



તસવીર - હરેશ સોની

શ્રી સોમનાથ મહાદેવના પ્રતીક સ્વરૂપ શિવલિંગને સુંદર ફૂલોથી સજાવવામાં આવેલી આકર્ષક પાલખીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. યાત્રા શરૂ કરતા પૂર્વે સંપૂર્ણ વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે દેવાધિદેવ મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પૂજન વિધિ સંપન્ન થયા બાદ પરંપરાગત રીતે પાલખી યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

પાલખી યાત્રા દરમિયાન સમગ્ર વાતાવરણ અત્યંત ભક્તિમય બની ગયું હતું. ઢોલ, શરણાઈ અને ડમરુંના મંગળ ધ્વનિ સાથે યાત્રા આગળ વધી હતી. મંદિરમાં ઉપસ્થિત હજારો ભક્તો દ્વારા હર હર મહાદેવ અને જય સોમનાથના ગગનભેદી નાદ લગાવવામાં આવતા અદભુત શિવભક્તિનો નજારો જોવા મળ્યો હતો. આ ભવ્ય પાલખી યાત્રાના દર્શન માત્રથી સમગ્ર સોમનાથ પરિસર શિવમય બની ગયું હતું અને ભક્તો શિવભક્તિમાં લીન જોવા મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છેકે, આખા શ્રાવણ મહિના દરમિયાન યાત્રીઓને પ્રાથમિક સુવિધાઓ સરળતાથી મળે તે માટે ક્લોકરૂમ, જૂતાઘર, વોશરૂમ અને પીવાના પાણીના પરબ જેવી વ્યવસ્થા કરાઈ હતી. ગીર સોમનાથ પોલીસ વિભાગના અધિકારીઓ, મહિલા પોલીસ અને સોમનાથ સિક્યુરિટી સ્ટાફ દ્વારા સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તે ઉપરાંત કોઈ પણ યાત્રીને આરોગ્ય સંબંધિત સમસ્યા થાય તો ઈમરજન્સી મેડિકલ એમ્બ્યુલન્સ સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાઈ હતી.

અંતિમ શ્રાવણ સોમવાર હોવાથી મોટી સંખ્યામાં ભક્તોએ પરિવાર સાથે સોમનાથ મંદિરના દિવ્ય વાતાવરણમાં પૂજા-અર્ચના કરી હતી. આ સાથે જ અનેક શ્રદ્ધાળુઓએ મહાદેવના દર્શન કરી શિવલિંગ સમક્ષ શ્રાવણ માસ દરમિયાન રાખેલા વ્રત અને ઉપવાસની પૂર્ણાહુતિ પણ કરી હતી. સોમનાથ મંદિર સહિત સમગ્ર પ્રભાત તીર્થમાં પણ ભક્તિમય માહોલ છવાયો હતો. ■